શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૬મું
જૂન : ૨૦૨૩ • અંક : ૧૨
કુલ પાના : ૬૮

૧૫ જૂન, ૨૦૨૩ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૬-૨૦૨૩ કિંમત : રૂા. ૧૮/-

## મીઠો અસાંજો કચ્છ, મીઠા અસાંજા માંડું,
## મીઠી અસાંજી ગાલીયું, મીઠી અસાંજી પ્રીત,
# કચ્છી
## નયેં વરેંજી મળીં કેં લખ લખ વધાઈયું



મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬, ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
Website : www.kutchisamajahmedabad.org.

તંત્રી મંડળ :
અશોક મહેતા (મુખ્ય તંત્રી)
હિમાંશુભાઈ ઠક્કર

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

કચ્છ શ્રુતિને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

# હાર્દિક શુભેચ્છાઓ

સાચા મિત્રોના હાથ પર ક્યારેય
ફ્રેંડશિપ બેલ્ટ નથી હોતા
મિત્રતાના દિવસ નહિ,
પણ દાયકાઓ હોય છે.

મિત્રતા હોય તો સુદામા - કૃષ્ણ
જેવી હોવી જોઈએ સાહેબ
એક કશું માંગતો નથી,
એક બધું જ
આપીને જણાવતો નથી.

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર**

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

# CIMS સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ






**Dr. Dhiren Shah**
Director and consultant
Cardiac surgeon and
Cheif Heart Transplant
Surgeon,
Cims Hospital

**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- **પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"**
- GE Centricity® **સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.**
- **સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.**

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્કયુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | GreenOT Certified Green Operated On Theater

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org


એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000
www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)
www.cims.org
CIMS Hospital India App on:

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા

# યોગાસન

## યોગાસન – પ્રાણાયામ કરો અને નીરોગી રહો

**ડૉ. પી. ડી. શર્મા**




**આ પુસ્તકની વિશિષ્ટતાઓ :**

- સુંદર ચિત્રો અને સરળ ભાષા દ્વારા **યોગાસનો** કરવાની સુસ્પષ્ટ સમજણ. કોઈ પણ ગુરુના માર્ગદર્શન વિના પણ, આ પુસ્તકની મદદથી તમે યોગાસનો અને પ્રાણાયામ સચોટ રીતે કરી શકશો.
- સુંદર ચિત્રો અને સરળ ભાષામાં **પ્રાણાયામ** કરવાની સ્પષ્ટ સમજણ.
- સરળ ભાષામાં ચિત્રો સાથે **સૂર્યનમસ્કાર**ની સ્પષ્ટ સમજણ.
- કયા રોગો દૂર કરવા માટે કયાં કયાં આસનો ઉપયોગી થાય તે અંગેની તાલિકા.
- સુંદર, ક્ષતિરહિત મુદ્રણ અને વાજબી કિંમત.
- શુભ પ્રસંગોએ ભેટ તરીકે આપવા માટે.

આપણા ઋષિમુનિઓએ યોગનાં આઠ અંગો – સોપાનો કહ્યાં છે : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. યમ અને નિયમનું પાલન કરી આસનોની સાધના કરવાથી શરીરની નાડીઓની શુદ્ધિ, સ્વાસ્થ્યવૃદ્ધિ અને મનઃસ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. સર્વે યોગાસનોમાં પ્રાણાયામનું મહત્ત્વ અતિવિશેષ મનાયું છે. યોગાસનોનો અભ્યાસ પ્રાણાયામ વગર અધૂરો ગણાય છે.

આ બાબતને ધ્યાનમાં રાખીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં સરળ ભાષા અને યોગાસનોનાં સુરેખ ચિત્રો વડે યોગાસન તથા પ્રાણાયામની મદદ વડે શરીરને નીરોગી શી રીતે રાખી શકાય તે સમજાવવામાં આવ્યું છે. શરીરને નીરોગી અને સ્ફૂર્તિલું રાખવા યોગાસનો જરૂરી છે અને યોગાસનો સહેલાઈથી શીખવા માટે આ પુસ્તક જરૂરી છે.

NAVNEET®

**નવનીત એજ્યુકેશન લિમિટેડ**

Like us on /navneet.india | www.navneet.com

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

વર્ષ-૩૯ ● અંક – ૧૨
૧૫ જૂન, ૨૦૨૩



● માનદ્ સલાહકાર ●

શ્રી હંસરાજ કંસારા

● તંત્રી મંડળ ●

**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯/૯૮૭૯૦ ૬૩૧૦૦

**હિમાંશુભાઈ ઠક્કર**
મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪


❖


**પત્ર વ્યવહારનું સરનામું**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,
કોચરબ આશ્રમની સામે,
એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com


❖


'Kutch-Shruti' Available on

www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com


❖

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

*ચેક/ડ્રાફટ : 'શ્રી કચ્છી સમાજ – અમદાવાદ'ના નામનો મોકલવો.*


*'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી.*

*- મુખ્ય તંત્રી*


## આ અંકમાં....


● શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત
અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષ નિમિત્તે સમાજ પરિવારજનોનું સ્નેહ મિલન સમારંભ ..... ....૭

**તંત્રી સ્થાનેથી**
● અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષ ........ **અશોક મહેતા**....૮
● શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આયોજિત "દવા વિતરણ યોજના" ........ ....૯

**પ્રેરણાત્મક વિચારણા**
● મણકો-૧૮ : વાતચીતની કળા કેળવો ........ **પ્રવીણચંદ્ર ઠક્કર**....૧૦

**ક્રાંતિ કથા**
● ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિકથા
ચરણ-૧૯ : ક્રાંતિવીર રાજેન્દ્રનાથ લાહિડી ........ **પારસ દવે**....૧૧

**પ્રાસંગિક**
● લોક સાહિત્યમાં વરસાદનાં વધામણાં ........ **ચંદ્રકાંત પટેલ 'સરલ'**....૧૨

**ઇતિહાસ**
● સેન્ચ્યુરી ફ્લેશબેક ૧૯૨૩-૨૦૨૩ – સદી પહેલાનાં મહત્ત્વના બનાવો ........ **સંજય પી. ઠાકર**....૧૫

**વ્યક્તિ વિશેષ**
● શ્યામજી કૃષ્ણવર્માનો ૨૩ જૂનના બલિદાન દિવસ છે ........ **ડૉ. મિહિર એમ. વોરા**....૧૯
● ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર**....૨૫
● મિસાઈલ મેન તરીકે જાણીતા
ડૉ. કલામના જીવન વિશેની કેટલીક ખાસ વાતો ........ **ડૉ. મિહિર એમ. વોરા**....૨૮

**કચ્છના પાટીદારો**
● કચ્છના પાટીદારો અને અટક - શાખ ........ **ચંદ્રકાંત પટેલ 'સરલ'**....૩૦

**તંદુરસ્તી**
● માનસિક બીમારીઓ વિશે પ્રવર્તતી ગેરસમજ
અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૬ ........ **ડૉ. મણિલાલ ગડા/ડૉ. દિપ્તી શાહ (ગડા)**....૩૩
● વિશ્વ હાઈપર ટેન્શન દિવસ ........ **ડૉ. આદિત્ય ચંદારાણા**....૩૫
● અને મારું હૃદય ધબકતું થયું ........ **ડૉ. કમલેશ એન. શાહ**....૩૭

**સિને જગત**
● મરૂભૂમિનું મહેકતું ફૂલ : ગીતકાર : ભરત વ્યાસ ........ **યુસુફ મીર**....૩૮

**વાર્તા**
● થોરની વાડ ........ **એમ. ડી. સોલંકી**....૪૧
● ભૂતાવળ ........ **પૂજા ટોપરાણી**....૪૫
● વેણી ........ **રાજેન્દ્ર છેડા**....૪૭
● નાસ્તો ........ ....૫૦

**લઘુકથા**
● આદમી મુસાફિર હૈ ........ ૫૨
● શોર્ટ સ્ટોરી : ભણેલા ગણેલા ........ **નજમા ગોલીબાર**....૫૩
● **વિજ્ઞાન જગત / માહિતી જગત ........ સંકલન : રસીકલાલ ખીમજી મહેતા**....૫૫
● **માતૃભૂમિ કચ્છના સમાચાર ........ સંકલન : ચૌલા કુરૂવા**....૫૭
● **પ્રતિભાવ** ........ ....૬૨
● **અન્ય સંસ્થાઓના સમાચાર** ........ ....૬૩

**કાવ્યો**
● અંતિમ સંસ્કાર : **ધીરજલાલ ડી. તન્ના** : ૧૭ ● આઝાદી-ગુલામી : **રજનીકાંત ઓઝા** : ૧૭
● સુરખાબ : **પ્રભુલાલ સિધ્ધપુરા** : ૩૪ ● ડરતો નથી : **રજનીકાંત ઓઝા** : ૩૬
● મળે મને... : **પૂજા ટોપરાણી** : ૪૯


TOTAL SPORTS & FITNESS
NOW IN AHMEDABAD
FF/4, B Agrawal Complex, Navrangpura,
CG ROAD Ahmedabad
+91 91369 37921
Grand Offers
RACKET SPORTS upto 50% off
CRICKET upto 35% off
BALLS upto 20% off
APPAREL & SWIMWEAR upto 20% off
CARROM upto 20% off
GAME SHOES upto 40% off
SKATES upto 30% off
FOOD SUPPLEMENTS upto 40% off
FITNESS ACCESSORIES upto 20% off
BEST BRANDS. BEST PRICES.
TOTAL
NIKE
adidas
PUMA
asics
Babolat
NIVIA
YONEX
SG
SS
DSC
new balance
COSCO
speedo
TOTAL SPORTS & FITNESS
Customer Care: +91 82683 99999 | For Bulk Purchase / Enquiry: sales@totalsf.in
Dadar (E) | Santacruz (W) | Borivali (W) | Vashi | Thane (W) Korum & Viviana | Dombivali (E) | Kalyan
Nashik | Panvel | Nalasopara | Kurla Phoenix | Surat | Pune | Ahmedabad
Google Ratings 4.4+ Justdial Ratings 4.1+
Shop Online www.totalsf.in
@TotalSportsAndFitness
totalsportsandfitness

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

દ્વારા આયોજિત

## અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષ નિમિત્તે
## સમાજ પરિવારજનોનું સ્નેહ મિલન સમારંભ
## સાથે ગુજરાતી સામાજિક નાટક અને સ્વરૂચિ ભોજન

**રવિવાર, તા. ૨૫-૦૬-૨૦૨૩ ● સ્થળ : દિનેશ હોલ, આશ્રમ રોડ, અમદાવાદ**
**કાર્યક્રમ : બપોરે ૨.૩૦થી સાંજે ૬.૦૦ અને ત્યારબાદ ભોજન સમારંભ**

*સ્નેહી પરિવારજનો,*

અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષને પોંખવા અને પરસ્પર મળવા રવિવાર, તા. ૨૫-૦૬-૨૦૨૩ના રોજ નૂતન વર્ષ મિલન સમારંભ અને તે સાથે ગુજરાતી સામાજિક નાટકનું આયોજન શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે.

- ❖ *મુંબઈનું પ્રખ્યાત નાટક : શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈ નિર્મિત ડ્રામા "આવજે"*
- ❖ *દિગ્દર્શક : વિજય ગાલા અને રીષભ છેડા*
- ❖ *માધ્યમ : ગુજરાતી*
- ❖ *અવધિ : અંદાજે ૩ કલાક.*

***આ કાર્યક્રમ માટે સૌજન્ય દાતા આવકાર્ય છે.***

**પાસ અંગે વિગત**

*આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા સભ્યશ્રીઓ માટે પ્રવેશ પાસની કિંમત ગત વર્ષ મુજબ રૂા. ૧૦૦૦/-, રૂા. ૫૦૦/- અને રૂા. ૩૦૦/- વ્યક્તિ દીઠ રાખવામાં આવેલ છે. જે સમાજના કાર્યાલયમાં તા. ૨૦-૫-૨૦૨૩થી તા. ૨૦-૬-૨૦૨૩ સુધી જમા કરાવીને પોતાના પ્રવેશ પાસ મેળવી લેવાના રહેશે કે જેમાં નાટકના પાસ અને ભોજન સામેલ છે.*

આપનો સાથ સહકાર એ જ સંસ્થાની સમૃદ્ધિ - સેવા.

***વધુ માહિતી માટે સંપર્ક :*** *હિમાંશુભાઈ ઠક્કર મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪*
*દીપકભાઈ ચૌહાણ મો. ૯૮૭૯૫ ૪૯૭૬૫*

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

## તંત્રી સ્થાનેથી....



અશોક મહેતા

# અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષ

'કચ્છશ્રુતિ'નો આ અંક આપ સુધી પહોંચશે ત્યારબાદ તરતમાં એટલે કે મંગળવાર, તા. ૨૦-૬-૨૦૨૩ના રોજ અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષનો તહેવાર આવી પહોંચશે. નૂતન વર્ષના સહુ કચ્છી ભાઈ-બહેનોને ખૂબ ખૂબ અભિનંદન. નવા વર્ષના સાલ મુબારક. નવું વર્ષ આપશ્રીનું ખૂબ જ સુખાકારી અને ફાયદાકારક નીવડે અને આપશ્રીની પ્રગતિનો ગ્રાફ ઊંચે ને ઊંચે ચડતો રહે તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે અભ્યર્થના.

ગત વર્ષની માફક આ વર્ષે પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદે નૂતન વર્ષ ઉજવવાનું નક્કી કરેલ છે. આ વર્ષે એક સ્નેહ મિલન સમારંભ રવિવાર, તા. ૨૫-૬-૨૦૨૩ના રોજ દિનેશ હોલ ખાતે આયોજિત કરવામાં આવેલ છે. સહુ કચ્છી ભાઈ-બહેનોને આ કાર્યક્રમમાં પધારવા પોતાના પાસો મેળવી લેવા અપીલ કરવામાં આવે છે. **બપોરના ૨.૩૦ વાગ્યાથી આ કાર્યક્રમની શરૂઆત કરી દેવામાં આવશે.**

આ કાર્યક્રમને ખૂબ જ સારી અને યોગ્ય રીતે પરિપૂર્ણ કરવા સમાજના અનેક દાતાશ્રીઓએ આ કાર્યક્રમને સ્પોન્સર કરી કાર્યક્રમની સફળતા ઈચ્છેલ છે. આ સર્વે દાતાશ્રીઓનું અમે અભિવાદન કરીએ છીએ.

અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારમાં લગભગ ૩૫ જેટલી સંખ્યામાં કચ્છીઓની વિવિધ જ્ઞાતિઓના ઘટક સમાજો સ્થાપિત કરવામાં આવેલ છે. આ દરેક સમાજ પોતાનાથી શક્ય હોય તેટલી પોતાના સમાજના સભ્યોની સેવા કરે છે. આ દરેક ઘટક સમાજના અભિવાદન સ્વરૂપે દરેક ઘટક સમાજના પ્રમુખશ્રીઓનું પણ આ કાર્યક્રમ દરમિયાન અભિવાદન કરવામાં આવનાર છે. **આ કાર્યક્રમ બપોરના સમયે બરાબર ૨.૩૦ વાગે શરૂ કરવાનો હોવાથી** દરેક ઘટક સમાજના પ્રમુખશ્રીઓને તથા દરેક ઘટક સમાજના સભ્યશ્રીઓને તેમના જરૂરી પાસ મેળવી, આ કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેવા હાર્દિક અપીલ કરવામાં આવે છે.

અભિવાદનના કાર્યક્રમ બાદ એક ગુજરાતી નાટક "આવજે"ના શો નું આયોજન કરવામાં આવેલ છે કે જે લગભગ ૨.૩૦ કલાકનો કાર્યક્રમ રહેશે. આજના આપણા યુવાન-યુવતીઓ વધુ અભ્યાસાર્થે વિદેશ જતા હોઈ અને ત્યારબાદ ત્યાંજ સેટલ થઈ જતા હોઈ, આપણું કિંમતી ધન વિદેશ જતું રહેતું હોવાના થીમ પર આ નાટકની રચના કરવામાં આવેલ છે. આ નાટકનું નિર્માણ અને રચના મુંબઈ સ્થિત આપણા કચ્છી ભાઈઓએ જ કરેલ છે. નાટકના બધા જ કલાકારો મુંબઈ સ્થિત કચ્છીઓ જ રહેવા પામેલ છે. આપણા બધા માટે આ નાટક ખૂબ જ રસપ્રદ બની રહેશે.

આ પ્રસંગે જે સંસ્થાએ આ નાટકનું નિર્માણ કરેલ છે એ સંસ્થા – શ્રી ક.વી.ઓ. સેવા સમાજના પ્રમુખશ્રી ડૉ. ચંદ્રકાંત લાલન અને તેમની ટીમ આપણા આમંત્રણને માન આપી મુંબઈથી ખાસ પધારે છે ત્યારે તેમનું અને નાટકના ડાયરેક્ટરશ્રીઓનું પણ આપણે અભિવાદન કરીશું.

ડ્રામાની પુર્ણાહૂતિ બાદ આપણે સહુ સમૂહ ભોજનની મજા માણીશું કે જેની વ્યવસ્થા ગત વર્ષની માફક આ વર્ષે પણ આપણા વડીલ કાર્યકર શ્રી પરબતભાઈ પટેલે કરેલ છે. શ્રી પરબતભાઈ પટેલ તથા તેમની ટીમને અભિનંદન

---

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં જાય ત્યારે તે મોટી લાગે છે.*

*પાઠવીએ.*

*અંતમાં એટલું જ કહેવાનું કે, જ્યારે કચ્છી નૂતન વર્ષ નિમિત્તે આ સ્નેહ મિલન સમારંભની ઉજવણી કરવામાં આવી રહેલ છે ત્યારે આપ સહુ કચ્છી પરિવારજનોના સુંદર સાથ અને સહકારની અપેક્ષા રાખવામાં આવી રહેલ છે.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

આયોજિત

# દવા વિતરણ યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદે સમાજના સભ્યોને ખૂબ જ ઉપયોગી થઈ શકે તેવી એક યોજના જાહેર કરેલ છે. આ યોજના એટલે ખૂબ જ કન્સેશનલ દરથી ઘર બેઠે ફ્રી માં ડિલીવરી કરવામાં આવતી દવા યોજના. વારંવારની જાહેરાત કર્યા બાદ પણ તેનો લાભ લેવા માત્ર ૧૦ કચ્છી ઘટક સમાજો આગળ આવેલ છે. એક સમાજે પોતાની રીતે આ યોજનાનો અમલ કરેલ છે કે જ્યારે આપણા ૨૪ ઘટક સમાજો આ બાબતે ઉદાસીન હોય તેવું દેખાય છે. આ ૨૪ સમાજોના નામ, તેઓને કરવાની વિનંતી સાથે 'કચ્છશ્રુતિ'ના મે-૨૦૨૩ના અંકમાં પ્રસારીત કરવામાં આવેલ છે.

આ લાભદાયી યોજના એટલે ખૂબ જ કન્સેશનલ દરે "દવા વિતરણ યોજના." આ યોજના અનુસાર દવા લેનાર વ્યક્તિએ દવાની કોઈ દુકાને દવા લેવા જવાના બદલે માત્ર પોતાના મોબાઈલથી અને ઓનલાઈન ઓર્ડર આપવાનો રહે છે. ત્યારબાદ આ જરૂરી દવા ઓર્ડર આપનારને ત્યાં ત્રણ દિવસની અંદર તેમના ઘેર ફ્રી ડિલીવરીથી પહોંચતી કરવામાં આવે છે. ત્રીજું, **બ્રાન્ડેડ દવાના જે MRP ભાવ દવા પર છપાયેલા હોય તેમાં ૨૨ ટકા કન્સેશન આપવામાં આવે છે કે જે આજ દિન સુધી કોઈ દવાની દુકાનવાળા આપી શકતા નથી** અને ચોથું દવા આપવા આવનાર વ્યક્તિને બીલ મુજબ તેનું પેમેન્ટ રોકડેથી ચૂકવી આપવાનું રહે છે.

આજની પરિસ્થિતિમાં જે તે દવાના કારણે લંબાયેલ આયુષ્ય – મનુષ્યની જિંદગી લંબાઈ જતી હોવાના કારણે દરેક ઘેર દર મહિને એક અંદાજ મુજબ સરેરાશ રૂા. ૨૦૦૦/-ની દવાની જરૂરિયાત રહે છે. આ રૂા. ૨૦૦૦/-ના ૨૨ ટકા એટલે કે રૂા. ૪૪૦/- દર મહિને અને આશરે રૂા. ૫૨૮૦/- દર વર્ષે પરિવાર દીઠ બચી જાય છે. **અમદાવાદમાં ૫,૦૦૦ કચ્છી પરિવારોની ગણના કરીએ તો એ આંકડો સહેજે રૂપિયા બે કરોડ ચોંસઠ લાખ પર પહોંચે છે.** શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વિવિધ ઘટક સમાજોની વાત કરીએ તો આ યોજના દ્વારા ટોટલ કચ્છી પરિવારના દરેક વર્ષે રૂા. ૨.૬૪ કરોડનો ફાયદો થતો હોય તો દરેક કચ્છી ઘટક સમાજે પોતાની ઉદાસીનતા છોડી વહેલી તકે પોતાના પરિવારજનોને આ યોજનામાં સાંકળવા જોઈએ. આ અમારી હાર્દિક અપીલ છે.

આ હકીકતને સમજ્યા વગર જે સભ્યો દવાના ગ્રુપને છોડી જાય છે તે કોઈ પણ સંજોગોમાં ડહાપણવાળું પગલું ના ગણી શકાય. આથી દરેક કચ્છી પરિવારને વિનંતી કે તેઓ પોતાનું નામ આ ગ્રુપમાં રહેવા દે કે જેથી જરૂરિયાતના સમયે તેનો ઉપયોગ થઈ શકે.

જે સમાજ આ યોજનામાં જોડાયેલ છે એ સમાજોને સહકાર આપવા બદલ અભિનંદન પાઠવીએ.

બાકી રહેલા સમાજો વહેલી તકે આ યોજનામાં જોડાઈ જાય તેવી હાર્દિક અપીલ કરીએ.

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦***

# પ્રેરણાત્મક વિચારયાત્રા

## મણકો-૧૮ : વાતચીતની કળા કેળવો



પ્રવીણચંદ્ર ઠક્કર

શિક્ષણ, કળા, વકીલાત, ગ્રામવિકાસ કે જાહેરાત જેવા ક્ષેત્રોમાં વ્યવસાયીક અને સામાજિક રીતે સફળ થવા માટે વાતચીતની કળામાં પાવરધા થવું જરૂરી છે. તમારી પાસે ગમે તેટલા કલા, આવડત-શક્તિ, સામર્થ્ય હશે પણ લોકોને તેની માહિતી નહીં હોય, તો તમે આગળ વધી શકશો નહીં. તમે ઉત્તમ ગાયક કે વાદક હશો પણ તમારા સંગીત વિશે લોકો સાથે વાતચીત કરશો, તો જ તેની કદર થશે. તમે ચિત્રકાર હશો પણ ચિત્રોને આર્ટ ગેલેરીમાં પ્રદર્શિત નહીં કરો, તો લોકોને ખબર નહીં પડે. ગ્રામ વિકાસના કાર્યકર તરીકે તમે ગામડાંમાં જશો તો લોકોનાં વ્યવસાય, રસ, રૂચિ અને સમય પારખીને વાતચીત કરવી પડશે. વક્તૃત્વકલાને કારણે દરેક મિનિટ એક ડૉલર કમાનાર અમેરિકાની પ્રસિદ્ધ વ્યક્તિ એવા ડેલ કાર્નેગી યુવાનીમાં ખેતરમાં સ્ટ્રોબેરી વીણતા હતા, ઢોર ચરાવવા જતા હતા, લાકડાં ફાડતા હતા અને કેરોસીનના દીવા તળે વાંચતા હતા. પણ તેમણે વાકચાતુર્યની હરીફાઈમાં ઇનામો જીતી આગળ આવવા ધ્યેય નક્કી કર્યું. ગાયો દોહતી વખતે ગાયો સમક્ષ કે હારબંધ બેઠેલાં કબૂતરો સમક્ષ ઊઠતાં-બેસતાં ભાષણો કરવા લાગ્યા. વક્તૃત્વ કલા માટે સખત મહેનત કરીને અને અંતે આત્મવિશ્વાસથી નિષ્ફળતા પર તેમણે જીત પ્રાપ્ત કરી. અમેરિકામાં તેમણે ‘વાતચીતની કળા અને માનવ સંબંધો’ માટે શરૂ કરેલી સંસ્થા આજે જગપ્રસિદ્ધ છે.

વાતચીત ઉપરથી તમારા સંસ્કાર, ઉછેર અને કુશળતાનો લોકોને ખ્યાલ આવી જાય છે. તમારા જીવનનું પ્રતિબિંબ વાતચીતમાં પડે છે. તેથી સહજતાથી અને છતાંય કાળજીપૂર્વક વાતચીત કરો. બોલવું અને બોલ બોલ કરવું બંનેમાં ફરક છે. મનમાં આવે તે બોલી ન નાખો. બોલતાં પહેલાં શું બોલવું અને કેવી રીતે બોલવું એનો વિચાર કરો. શબ્દો અને વાક્યો આકર્ષક રીતે ગોઠવીને બોલશો, તો શ્રોતાઓ ઉપર જાદુ થશે, શબ્દનો રણકાર સંભળાશે. બીજાની જિંદગીમાં રસ લેતાં શીખો. તમારી પાસે ગમે તેટલું જ્ઞાન હોય પણ જ્યાં સુધી બીજાને રસ પડે તેવું નહીં બોલો, તો તે જ્ઞાન કામમાં નહીં આવે. અન્ય પ્રત્યે સહાનુભૂતિ રાખી, ઉષ્મા સેવી વાતચીત કરશો, તો લોકો તમને શોધતા આવશે.

સારું અને પ્રભાવશાળી બોલવા માટે દશ્ય-શ્રાવ્ય માધ્યમોનો ઉપયોગ અને સતત વાંચન જરૂરી છે. વાંચનથી શબ્દભંડોળ વધશે. રૂઢીપ્રયોગો, કહેવતો, ટુચકા, અવતરણો, કાવ્ય પંક્તિઓનો ઉપયોગ કરી વાતને રસિક બનાવો. તમારા વક્તવ્યથી લોકોને થાક કે કંટાળો નહીં લાગે. ખાણમાંથી નીકળતા હીરાને સાફ કરી, પૉલિશ કરી પહેલ પાડવામાં આવે ત્યારે તેનું મૂલ્ય વધી જાય છે. તેમ માહિતી અને જ્ઞાન દ્વારા યોગ્ય અને સારા શબ્દોની સજાવટને કારણે વાતચીતનું મૂલ્ય વધી જાય છે. ઘરમાં પણ દરરોજ સાંજે સારા પ્રસંગોની ચર્ચા, છણાવટ થવાથી બાળકો માટે પ્રેરણાદાયી વાતાવરણનું નિર્માણ થશે.

વાતચીતની ગુણવત્તા વધારવા સંસ્કારી મિત્રમંડળ રાખો. તમારા વર્તુળમાં સભ્યોની ભાષા વિનયી, શુદ્ધ, સંસ્કારી, નિરાડંબરી અને ઉચ્ચ હશે, તો તમારી બોલચાલમાં તેનો પડઘો પડશે. જે રીતે સુંદર દ્રાવણો ભેગા કરવાથી રાસાયણિક પ્રક્રિયા થતાં ત્રીજું જ અદ્‌ભુત દ્રાવણ બને છે તે રીતે મિત્રવર્તુળને કારણે અદ્‌ભુત પરિણામો લાવી શકાશે. તમારે સારા શ્રોતા બનવાની કળામાંય પારંગત થવું પડશે. સામેની વ્યક્તિને ધ્યાનપૂર્વક સાંભળો. તેના જીવનની વાતો કરવાનું ઉત્તેજન આપો. તે બોલી લે પછી જ બોલો. તેની બિનજરૂરી ટીકા ન કરો કે તેના વિષે કડવું ન બોલો. સામેની વ્યક્તિની ખુશામત, ચાંપલુસી ન કરો, પણ સહૃદયતાથી નિર્હેતુક, નિખાલસ પ્રશંસા કરો. તમારી મનોવૃત્તિ સકારાત્મક બનાવો.

વાતચીતની કલાના સંદર્ભમાં નીચેની બાબતો ધ્યાનમાં રાખો :

૧. લોકો સાથેની વાતચીતમાં જે બાબતમાં તમને મતભેદ હોય તેની પ્રારંભે ચર્ચા ન કરો. જે વિષયમાં સંમત હો તેનાથી શરૂઆત કરો. એકવાર નકારમાં જવાબ મળ્યા પછી હકાર કરાવવો મુશ્કેલ છે.

૨. તમારા અવાજમાં યોગ્ય ચઢાવ ઉતાર આવવા જોઈએ.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૪ ઉપર)**

*જો તમે સીધા ઊભા હો, તો તમારા વાંકા પડછાયાથી ડરો નહીં.*

# ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિ કથા

## ચરણ-૧૯ ★ ક્રાંતિવીર રાજેન્દ્રનાથ લાહિડી



પારસ દવે - નડિયાદ

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના ક્રાંતિકારીઓ દ્વારા ચલાવવામાં આવી રહેલા આઝાદીના આંદોલનને ગતિમાન કરવાને માટે ધનની તત્કાલ વ્યવસ્થાની જરૂરિયાતને ધ્યાનમાં રાખી શાહજહાંપુરમાં મળેલી બેઠકમાં રાજેન્દ્રનાથ લાહિડીએ અંગ્રેજ સરકારનો ખજાનો લૂંટવા માટેની યોજના બનાવી. આ યોજનાને અંજામ આપવા માટે રાજેન્દ્રનાથજીએ ૯મી ઓગસ્ટ, ૧૯૨૫ના દિવસે લખનૌ વિસ્તારમાં કાકોરીથી ઉપડેલી આઠ ડાઉન ટ્રેન પર ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઊલ્લા ખાન અને ઠાકુર રોશન સિંહે તેમના ૧૯ અન્ય સહયોગીઓની મદદથી હુમલો કર્યો હતો. ત્યારબાદ અંગ્રેજી હકુમત દ્વારા બધા ૨૩ ક્રાંતિકારીઓ પર કાકોરી કાંડ નામથી સશસ્ત્ર યુદ્ધ છેડવાનો તથા ખજાનો લૂંટવા માટેનો મુકદ્દમો ચલાવવામાં આવ્યો હતો. આ મુકદમામાં રાજેન્દ્રનાથ, રામપ્રસાદ બિસ્મિલ, અશફાક ઉલ્લા ખાન તથા રોશન સિંહ – એમ ચાર જણને ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી. એમાંથી આજે આપણે રાજેન્દ્રપ્રસાદ લાહીડી વિશે વિગતે વાત કરીએ.

રાજેન્દ્ર લાહિડીનો જન્મ ૨૯ જૂન, ૧૯૦૧ના રોજ બંગાળ પ્રેસિડેન્સી (વર્તમાન બાંગ્લાદેશ)ના પબના જિલ્લાના લાહિડી મોહનપુર ગામમાં બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના પિતા ક્ષિતિશ મોહન લાહિડીની ત્યાં મોટી મિલ્કત હતી. પરંતુ આ બાળક એ મિલ્કત ભોગવવા આવેલ જ નહોતું. એ તો વહેલું વહેલું દેશ માટે શહીદ થવાના સપના જોનારું હતું.

***સોમદેવ સાથે સંપર્ક :***

૧૮ વર્ષની વિદ્યાર્થી આયુમાં તેમણે ક્રાંતિકારી લાલા હરદયાળના સહયોગી તથા વિદ્વાન, પરમાનંદની મોતની સજા વિશે સાંભળ્યું. આ સમય દરમિયાન તેઓ નિયમિત આર્ય સમાજના મંદિરે જતા. ત્યાં તેમની મુલાકાત પરમાનંદના મિત્ર સોમદેવ સાથે થઈ. મોતની સજા વિશે સાંભળ્યા બાદ તેમણે હિંદી ભાષામાં રચેલી કવિતા 'મેરા જન્મ' સોમદેવને વંચાવી. આ કાવ્ય સમગ્ર ભારત પરથી બ્રિટીશ નિયંત્રણ હટાવવાની પ્રતિબદ્ધતા દર્શાવતું હતું.

ક્રાંતિવીરોને ક્રાંતિની મશાલને દિવસે દિવસે વધુ તેજસ્વી સ્વરૂપે પ્રગટાવવા અને પ્રજ્વલિત રાખવા તેલ તો પૂરવું જ પડે. અને તેલ એમને કોઈ આપે ખરું? પૈસા વિના તો સાધુ શું કે શેતાન શું, સધવા શું કે વિધવા શું, કોઈને લક્ષ્મીના ચળકાટ વિના એક દિવસ તો શું પણ એક પળ પણ ન જાય. 'સર્વે ગુણાઃ કાંચનમ્ આશ્રયન્તે' એમ કહેવાય છે. કોઈ પણ નાના કે મોટા સમારંભો, પછી ધાર્મિક, સામાજિક, આર્થિક, નૈતિક અરે! સાહિત્યિક સુધ્ધાંને પણ લક્ષ્મીને શરણે જવું પડે છે. સર્વ દેવતાના પ્રભુ વિષ્ણુ ભગવાને પણ માતા લક્ષ્મીજીને પોતાની અર્ધાંગના બનાવી છે.

ક્રાંતિદળના આ ક્રાંતિવીરો પણ પૈસાની તંગી અનુભવતા હતા. પૈસો પામવા 'ફોર્ડ કોન્ટ્રીબ્યુશન'ની રીત એમને અપનાવવી પડેલી. આરંભે તો ગામડામાં રાત્રે નાની નાની ધાડ પાડતા. પણ આ ધાડમાં મહેનત ભારે અને વળતર સાવ નગણ્ય. તેથી બધી મહેનત વ્યર્થ જતી. આથી ક્રાંતિકારીઓને મન આ ચકલા ચૂંથવા છોડી દઈએ અને મારીએ તો મીર જ મારીએ. જેથી મોટો દલ્લો હાથમાં આવે અને ક્રાંતિની જ્વાળા મોટે સ્વરૂપે જલતી રહે. દિલ્હી, કાનપુર, કલકત્તા જેવા મોટા કેન્દ્રોના ક્રાંતિકારીઓ એક મોટી રેલધાડ પાડવાની યોજના પાર પાડે છે. સારો એવો ચાંદીનો રૂપિયો હાથ લાગ્યો. તે કાકોરી ષડયંત્ર - રેલધાડ વિશે આપણે જોઈ ગયા. આ બધી જ નાની-મોટી લૂંટફાટોમાં રાજેન્દ્રનાથ લાહિડી જે તન અને મનથી ખૂબ જ મજબૂત હોવાથી તેમનો ફાળો વિશેષ જોવા મળે છે. વળી બનારસ વિશ્વવિદ્યાલયમાંથી એમ.એ.-૧ સુધીનો અભ્યાસ કરતા પકડાઈ ગયા હતા.

કાકોરી ટ્રેન લૂંટફાટના યજ્ઞની પુર્ણાહૂતિ કર્યા પછી આ યજ્ઞનો એક અધ્વર્યુ રાજેન્દ્રનાથ લાહિડી પોતાની જન્મભૂમિ બંગાળની રાજધાની કલકત્તા ગયા. ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, રામપ્રસાદ 'બિસ્મિલ', અશફાક ઉલ્લા ખાન, રોશનસિંહ ઠાકુર આદિ ક્રાંતિકારીઓને મનમાં વિચાર આવ્યો કે આપણે ગમે તેટલી બેઠી, અહિંસક અને શાંત સવિનયભંગની લડતો કરીશું, સરકાર ધરપકડ કરશે અને છોડી મૂકશે. કશું વિશેષ ઉકળશે તો નહીં જ. આ શાંત લડતનો કશો અર્થ નથી. અંગ્રેજ સરકાર આંખે આંધળી ને કાને બહેરી છે. તેમની આ ઊંઘ ઉડાડવા અને કાનની બહેરાશ દૂર કરવાનો કીમિયો કે ઇલાજ માત્ર એક જ છે અને તે છે રામબાણ જેવા બોમ્બના જોરદાર ધડાકા. આવા વિચારોથી દોરવાયેલા, કૃતનિશ્ચયી રાજેન્દ્રનાથ લાહિડી પોતાના વતન તરફ નજર કરે છે. તેને પૂરી ખબર હતી કે અરવિંદ ઘોષ, બારીન્દ્ર ઘોષ અને

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૪ ઉપર)**



# લોકસાહિત્યમાં વરસાદનાં વધામણાં

ચંદ્રકાંત પટેલ 'સરલ'

લોકસાહિત્ય એ લોકવરણમાંથી પ્રગટેલું સાહિત્ય છે. એ કેવળ મનોરંજન પીરસતું ગદ્ય કે પદ્ય સાહિત્ય જ નથી પણ પરંપરાગત અંતરનું સંવેદન છે. આ લોકસાહિત્યમાં કોઈ એવો વિષય નથી કે જે અભિવ્યક્તિ પામી ન ગવાયો હોય. પથ્થરથી માંડીને પાંદડાં સુધી, હાલરડાંથી માંડીને મરસીયા સુધી, દુકાળથી માંડીને સુકાળ સુધી અને જળથી માંડીને અગ્નિ સુધીનું તેમાં ખેડાણ થયું છે.

'કચ્છશ્રુતિ'નો આ અંક તમારા હાથમાં હશે ત્યારે બહાર ઝરમર કે અનરાધાર વરસાદ વરસી રહ્યો હશે અને તમે આ અંકમાં વરસાદને વાંચી રહ્યા હશો! જેઠ અને અષાઢ – આ બે મહિના વરસાદને વધાવતા મહિના ગણાય છે. આપણા લોકકવિએ આ બે મહિના વરસાદને ખૂબ મૂલવ્યો છે.

મેઘના આગમનના હરખમાં વાયરો તોફાને ચઢ્યો હોય, મોર ગળું ફાડીને ગહેકાર કરતો હોય, દાદુર ડ્રાઉં... ડ્રાઉં... અવાજથી મેઘનાં ગીતો ગાતો હોય, પવનના ઝપાટે ઝાડવા ડોલતાં હોય, આકાશ ચીરી વીજળી પૃથ્વી પર ઝળુંબા લેતી હોય, એ દૃશ્ય જ મનને પ્રફુલ્લિત કરી ભીતરમાં પણ ભેજ ભરી દેતું હોય છે.

*કાળી કાળી વાદળીમાં વીજ ઝબુકે,*
*મેહુલો કરે ઘનઘોર;*
*જોને કળાયેલ બોલે છે મોર.*

વરસાદ અને મોરને જુગ જૂના સંબંધ છે. વરસાદની પ્રથમ જાણકારી મોર આપે છે. વરસાદ આવવાનો હોય તે પૂર્વે મોર ગહેકવા માંડે છે અને નાચવા લાગે છે. મોરનો ગહેકાટ સાંભળીએ ત્યારે આપણી ભીતરમાંય એક ટહુકો ઊગી નીકળે છે, હૃદયમાં ભીનાશ ફરી વળે છે.

અષાઢ મહિનો તો ખેડુ માટે જાણે માડીજાયો વીર! મોટેભાગે ખેતરમાં વાવણી અષાઢ મહિનામાં જ થાય છે. એક તરફ વાવણી થતી હોય, ને બીજી તરફ માથે ઝરમર ઝરમર વરસી મેહુલો અમૃત ઢોળતો હોય ત્યારે ધરતીનો બેટડો ગાઈ ઉઠે છે :

*આવ રે મેવલા આવ! મેવલા અષાઢના રે,*
*ઘેરી ઘેરી વાદળી જળે ભરી વરસી ઝરમર જાય.*
*ઝબકે ઝબઝબ વીજળી રે, વાદળ ધમધમ થાય,*
*નદીએ પાણી રેલશે રે, ધરતી ડૂબ ડૂબ થાય.*

આભમાં વાદળાં ગોરંભે ચડ્યાં હોય. વરસાદ મન મૂકીને વરસતો હોય ત્યારે પીયુને રાજ દરબારની ચાકરીએ જતાં પરણેતર રોકે છે ને કહે છે :

*આભમાં ઝીણી ઝબુકે વીજળી રે,*
*કે ઝીણા ઝરમર વરસે મેઘ*
*ગુલાબી કેમ કરી જાશો ચાકરી રે?*

પરણેતરને પીયુના જીવની ચિંતા થાય છે. વરસતા વરસાદમાં રાજની ચાકરીએ જતા રસ્તામાં મેઘાડંબર જામે તો...? આવા વિચારે પરણેતર ફફડી ઉઠે છે :

*ભીંજાય મેડી ને ભીંજાય માળીયા રે,*
*કે ભીંજાય મેડીની બેસતલ રાણી.*
*ગુલાબી! કેમ કરી જાશો ચાકરી રે!*
*તમને વાલી દરબારી ચાકરી રે!*
*કે અમને વાલો તમારો જીવ,*
*ગુલાબી! નંઈ જાવા દઉં ચાકરી રે!*

પત્નીને પતિની ચિંતા કાયમ રહેતી જ હોય છે. એમાંય ચોમાસાની ઋતુમાં તો ખાસ. પતિ બહાર હોય ત્યારે તે ઝટઝટ ઘેર આવી જાય તે માટે પત્ની ભગવાનને પ્રાર્થના કરતી હોય છે. વર્ષાના આગમને એક પઢાર જાતિની પ્રણય નાયીકા પણ વરસાદના સમયમાં બહાર ગયેલા પતિની ચિંતા કરતા ગાય છેઃ

*ઝરમર ઝરમર મેહુલો વરસે,*
*ભોગાવે કચરો પાણી; આવ્યે લે'રીડા.*
*મારા જીવના સારું જો!*
*ભોગાવે તારાં પગલાં પડશે,*
*ફૂલવારી ફોરી... આવ્યે લે'રીડા.*
*ઘેર આવ્યે, મારા જીવના સારુ જો!*

*મહેનત મહેરબાનીની મોહતાજ નથી હોતી.*

ચોમાસામાં ઝાલાવાડની ભોગાવો નદી પાણીથી ભરપૂર થઈ ઉછળી પડે છે અને બધી બાજુથી ખેંચી લાવેલા કાંપથી ભરાઈ જાય છે. તેમાં પગ મૂકતાં છાતી સુધી ખૂંપી જવાય છે. બહાર નીકળવાનું બારું મળતું નથી. અહીં નાયીકા નાયકને ઝટઝટ ઘેર આવી જવા વિનંતી કરે છે ને કહે છે કે ભોગાવે તારા પગલાં પડશે તો ફૂલવાડી ફોરી ઊઠશે. પણ મને તારી ઉપાધિ થાય છે. આ ભોગાવોનો ભરોસો કરવા જેવો નથી! ઝરમર મેહ વરસી રહ્યો છે ને ભોગાવો મલક આખાનો કાંપ અને કચરો પોતાના પેટાળમાં ભરી રહ્યો છે. માટે મારા જીવના ખાતર પણ હે લે'રીડા (પતિ) ઘરે આવી જા. અહીં મુગ્ધ પ્રણયની પ્રતીતિનું દર્શન થાય છે. ફૂલવારી નાયીકાના જોબનની ફોરી ઊઠી છે એવો ભાવ પણ વ્યક્ત થઈ શકે છે.

કચ્છના લોકોએ વરસાદને લંગડો કહ્યો છે. જુઓ કચ્છી ગીત :

*કચ્છડેજી કિસ્મતમેં મંઢો મીં મંઢેલ આય,*
*મંઢો મિણી પોઆ, મંઢી ટંગ કે ફિરાયતો*
*કચ્છડેજી કિસ્મતમેં મંઢો મીં...*

અર્થાત્ : કચ્છના ભાગ્યમાં વરસાદ લંગડો લખાયો છે. ક્યારેક વરસાદ વરસે ને ધરતી ભીંજાય. તેથી ખેડૂતો વાવણી તો કરી નાખે પણ પછી વરસાદ ન વરસતા ખેડૂતો નિસાસા નાંખે છે ને કહે છે : લંગડો મીં (મેહ) હાલતા થાકી ગયો છે. અધવચાળે રોકાઈ જાય છે.

ગોમતી નદી, એ દ્વારકાની નદી છે. આ નદીને પૂર્વ ગંગા કહી છે. પુનમતિ નામની કોઈ ચારણિયાણીનો નેસ આ નદીને કાંઠે હશે. તેથી એ ભગવાન કૃષ્ણને વિનંતી કરે છે કે, હે કાન્હા! તું અમને ગોમતી નદીને કાંઠે ગામડું દેજે, જ્યાં અમારો નેસ હોય અને માંગ્યા મેહ વરસતા હોય. જુઓ ગીત :

*ગોમતી કાંઠે ગામડું દેજે,*
*જ્યાં અમારો નેહ.*
*પુનમતિ ચારણ્ય વિનવે,*
*કાના માગ્યા વરસે મેહ.*

આદિવાસી લોક સાહિત્યમાં પણ આદિ લોકકવિએ વરસાદનું નિરૂપણ કર્યું છે.

*મેવો મેવો ઊંસો ઊંડો ગાયજો રે,*
*મેવો ઓટરે આવી ગાયજો રે;*
*ડખણ આવી વૈરસો રે.*
*આવી વૈરસો રે માંડવા સેઠે રે,*
*મારી ભીગે સે નવરંગ સોરી રે.*

આદિવાસી ભીલ જાતિમાં સામાન્ય રીતે ગ્રહશાંતિ - પ્રયોગની વિધિ નથી થતી. છતાં ગરૂડેશ્વર વિભાગના ભીલો ગ્રહશાંતિ - વિધિ કરે છે. ગરૂડેશ્વર વિભાગના ભીલોમાં ગવાતા સાંતેક ગીતમાં પણ વરસાદને નોતરવામાં આવ્યો છે :

*આવો આવો રાણોના મેઘ,*
*ટમે વરસોને મેળી ભીંજવો રે.*
*આવો આવો કૈયા ભૈ મોયલોમેં,*
*આવો આવો વિનુભાઈ મોયલોમેં.*
*આવો આવો કૈ વવ મોયલોમેં*
*આવો આવો ગીતા વવ મોયલોમે.*
*ટમારા ભીગે સે માથાના મોલ,*
*તોળો ભીજે સે સવા લાખનો રે.*

જેઠ, અષાઢ, શ્રાવણ અને ભાદરવો – એ ચાર મહિના વરસાદના ગણાય છે. જો આ ચાર મહિનામાં વરસાદ ન વરસે તો લોકોના જીવ ઊંચા થઈ જાય છે અને નેજવા તોળી આકાશમાં મેઘરાજાને શોધે છે.

*મેવલો ચાર ખંડ ધરતીનો રે ધણી,*
*મેવલો જડતો નથી રે લોલ.*
*ચાર ખંડ ધરતીને ઢૂંઢી જોઈ,*
*કે મેવલો જડતો નથી રે લોલ.*

માલધારીઓનો વ્યવસાય પશુપાલનનો છે. તેમનો જીવન નિર્વાહ પશુઓ જ છે. તેથી આ લોકો મેઘની માનતાઓ પણ કરે છે. વરસાદ થાય તો જ ખડ, ઘાસચારો મળી શકે. મહેસાણા જિલ્લાની રબારી જાતિમાં વરસાદનાં ગીતો ખૂબ ગવાય છે. માલધારીઓએ મેઘાને પોતાના જીવન સાથે સાંકળ્યો છે.

મહેસાણાના રબારી ગોવિંદભાઈએ સંગ્રહિત કરેલું એક ગીત ઘણું જ સુંદર અને ભાવવાહક હોઈ આખેઆખું રજૂ કર્યું છે.

*મેઘો ચઢિયો રે કાળી કાંઠીનો મેઘ,*
*આજનો ચઢાઉ મેઘ વરસીયો.*
*પહેલો વરસીયો મારા દાદાને દેશ,*
*પછી વરસીયો બધાયે દેશમાં.*
*ઘેર આવજો રે મારા માડીજાયા વીર,*
*તમારા સાથીડે હળને જોતર્યા.*
*ક્યમ કરી આવું મારા માડીજાયા બુન,*
*આડા સે આબુ ગઢના ડુંગરા.*
*મોકલું - મોકલું રે કાંઈ સલાટ બે-ચાર,*

*ડુંગરા કોરાવી તમે ઘેર આવજો.*
*ક્યમ કરી આવું મારા માડીજાયા બુન,*
*આડી નદીઓ સે કાંઈ હદઘણી.*
*મોકલું મોકલું રે કોઈ તારુડા બે-ચાર,*
*તારુ તરીને તમે ઘેર આવજો.*
*મેઘો ચઢિયો સે કાળી કાંઠીનો મેઘ,*
*આજનો ચઢાઉ મેહ વરસીયો.*

લોક સાહિત્યના કર્તૃત્વમાં જેમ સામૂહિકતા છે, એમ તેના ઉપભોગમાં પણ સહભોગીતા છે. આ સાહિત્યમાં અભિવ્યક્તિ પામેલાં દરેક પાસાં મૌલિક જ છે અને આડંબર રહિત છે. માટે જ તે હજારો વર્ષ પછી પણ લોકમાનસમાં ઝીલાઈ ચિરંજીવીપણું જાળવી રહ્યા છે. આજની કવિતા અને લોકકવિતા એ બંને વચ્ચે ઘણી ભિન્નતા છે. લોકસાહિત્ય અમર છે. આજની કવિતા નાશવંત છે. કોઈ કવિની કવિતાને ગાયકોએ કંઠ ભલે આપ્યો હોય પરંતુ તે લોકોના દિલને સ્પર્શતી નથી. જ્યારે લોકગીત કે લગ્નગીત હૃદયને સ્પર્શી જાય છે. લોકસાહિત્યના પ્રત્યેક વિષયના ગીતો યુગો વીત્યા પછી પણ ભૂલાયા નથી.

***C/o. "સંસ્કૃતિ દર્શન" 'અનુરાગ'***
***રતનપરા શેરી નં.-૧, બાગ દરવાજા,***
***માણાવદર-૩૬૨ ૬૩૦ (જિ. જુનાગઢ)***
***મો. ૮૭૩૫૯૦૨૪૨૪***

## પ્રેરણાત્મક વિચારયાત્રા

**(અનુસંધાન : પાના નં. – ૧૦ ઉપરથી ચાલુ)**

અવાજ કર્ણપ્રિય, મધુર અને માફકસરનો હોવો જોઈએ. તમારો શ્વાસ કાબૂમાં રાખો.

૩. પ્રારંભે શ્રોતાઓમાં જાણીતી વ્યક્તિ સામે જોઈને બોલો. તેથી આત્મવિશ્વાસ વધશે. પછી તમામ સામે જોવાનું રાખો.
૪. વારંવાર ઘડિયાળ સામે જુઓ નહીં. માથુ ખંજવાળવા કે કપાળ ઉપર હાથ ફેરવવા જેવી ક્રિયા વારંવાર ન કરો.
૫. બોલતી વખતે બૉડી લેંગ્વેજ - હાથ, આંખ, મોઢું વગેરેના હાવભાવનો યોગ્ય રીતે ઉપયોગ કરો. તેથી પ્રભાવકતા વધશે. શરીરનું વધારે પડતું હલનચલન કરો નહીં.
૬. વધારે સમય બોલવાનું હોય તો સાવ ભૂખ્યા ન રહો કે ભારે ખોરાક ન ખાઓ. વધુ ઠંડાં કે ગરમ પીણાં ન પીઓ.
૭. પ્રસંગને અનુરૂપ સુઘડ વસ્ત્રો પહેરો.

## ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિ કથા

**(અનુસંધાન : પાના નં. – ૧૧ ઉપરથી ચાલુ)**

રાસબિહારી બોઝ આદિ મહાન ક્રાંતિકારીઓ હિંસાત્મક લડતના પ્રણેતા છે. તેઓ બોમ્બ બનાવવાની રીત સારી રીતે જાણે છે. રાજેન્દ્રનાથ લાહિડી આ વિચારધારાને મનમાં અતૂટ રીતે ગ્રહણ કરીને કલકત્તા ચાલ્યા ગયા.

કલકત્તાની બાજુ પર દક્ષિણેશ્વરમાં બોમ્બ બનાવવાનું કારખાનું હતું. તેમાં મીઠું નાંખી કારખાનામાં બોમ્બ બનાવવાની રીતનો ઊંડામથી બરાબર અભ્યાસ કરવામાં વિશેષ રૂચિ હતી. રાજેન્દ્રનાથ લાહિડી તેમાં પૂરેપૂરા સમાધિસ્થ થયા. કલકત્તામાં ભગવતીચરણ પાસેથી તેઓ બોમ્બની બનાવટની પૂરેપૂરી રીતનો અભ્યાસ મન લગાડીને કરવા લાગ્યા. ગુગલી કે બોમ્બ બનાવવામાં કયા કયા પદાર્થો, વળી તે પદાર્થોના મિશ્રણની ટકાવારી, આ બધા પદાર્થોને એકઠા કરીને કયા પદાર્થના ખોખામાં સીલ કરવા, બોમ્બનો ધડાકો કરવા માટે તેનો પલીતો ક્યાં રાખવો, કેટલી લંબાઈનો રાખવો, કેટલો શક્તિશાળી બોમ્બ ક્યાં વાપરવો અને કેટલી શક્તિવાળા કયા કયા પ્રકારના બોમ્બ તૈયાર કરવા તેમજ બંદુકની ગોળીની જેમ બોમ્બ પણ નજીક ફોડી શકાય તો દૂરને અંતરે ઘા કરીને ફોડી શકાય – આ સર્વ પ્રકારની બોમ્બ બનાવવાની પૂરેપૂરી તાલીમ અને જાણકારી, બોમ્બ બનાવવાની હુન્નરકળા કે કારીગરીમાં પણ રાજેન્દ્રનાથ લાહિડી સાંગોપાંગ પારંગત થઈને ઉત્તર પ્રદેશમાં આવ્યા. આ બોમ્બ હુન્નર શીખવા પાછળનો આશય રાજેન્દ્રનાથ લાહિડીનો સ્પષ્ટ દીવા જેવો હતો. રાજેન્દ્રનાથ લાહિડી બોમ્બ નિર્માણ કરવાના નાના-મોટા અનેક કારખાના કે ફેક્ટરીઓ ખોલીને ક્રાંતિને વિશેષ વેગ અને પરિણામગામી બનાવવા ઝંખતા હતા.

૮ ઓગસ્ટ ૧૯૨૫ના રોજ કાકોરી ટ્રેન લૂંટ યોજના પાછળ તેઓ મુખ્ય સૂત્રધાર હતા. બંગાળમાં અગાઉના દક્ષિણેશ્વર બોમ્બ કેસમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી અને તેનો કેસ ચલાવવામાં આવ્યો હતો અને દસ વર્ષની સખત કેદની સજા માટે તેમને જેલમાં મોકલવામાં આવ્યા હતા. જ્યારે લખનૌમાં ટ્રેન લૂંટ માટે કાનૂની કાર્યવાહી શરૂ થઈ ત્યારે તેમને કાકોરી કાવતરાના કેસમાં પણ સામેલ કરવામાં આવ્યા અને અન્ય કેટલાક ક્રાંતિકારીઓ સાથે તેમનો કેસ ચાલુ કરવામાં આવ્યો.

લાંબી કાનૂની પ્રક્રિયા બાદ તેમને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને ઠાકુર રોશનસિંઘ, અશફાક ઉલ્લા ખાન અને રામપ્રસાદ બિસ્મિલ સાથે નિર્ધારીત તારીખના બે દિવસ પહેલા ૧૭ ડિસેમ્બર ૧૯૨૭ના રોજ ગોંડા જિલ્લાની જેલમાં ફાંસી આપવામાં આવી હતી. ■

## સેન્ચ્યુરી ફ્લેશબેક : ૧૯૨૩ – ૨૦૨૩

# સદી પહેલાનાં મહત્ત્વના બનાવો!



સંજય પી. ઠાકર

*બરાબર એકસો વર્ષ પહેલાં દેશ-વિદેશમાં બનેલી તવારીખી અને યાદગાર ઘટનાઓ પર એક દૃષ્ટિપાત!*

વિશ્વમાં એક સૈકા પહેલાં એવી ક્રાંતિકારી, અદ્વિતીય અને યાદગાર ઘટનાઓ બની હતી કે માનવજાતને સેંકડો વર્ષ સુધી સ્મૃતિમાં જળવાઈ રહે. એક શતક પહેલાં ઇ.સ. ૧૯૨૩માં બનેલા બનાવો ભાવિ પેઢી સુધી તેજછાયા પ્રસરાવતા રહે તેવું ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે. આવો, આપણે અતીતમાં અવગાહન કરીએ...!

### જાપાનનો ગોઝારો ભૂકંપ

૧લી સપ્ટેમ્બર ૧૯૨૩ના દિવસે જાપાનના ટોકિયો અને યોકોહામા શહેરમાં થયેલા ગોઝારા ભૂકંપે એક લાખ લોકોનો ભોગ લીધો. વીસેક લાખ જેટલા લોકો પોતાના ઘરબાર ગુમાવી બેઠા. ભૂકંપ પશ્ચાદ ફાટી નીકળેલી આગથી પણ ભયંકર નુકસાન થયું. બંને શહેરો તારાજ થયા. ૭.૯ મેગ્નિટ્યુડનો આ ધરતીકંપ ૪૮ સેકન્ડ સુધી ચાલ્યો હતો. આ ધરાકંપન 'ગ્રેટ કાન્તો અર્થક્વેક' તરીકે જાણીતો છે.

### કચ્છ@૧૯૨૩ : કચ્છી પ્રજા સંઘની સ્થાપના અને પ્રજા જાગૃતિના પ્રયાસો

કચ્છમાં કોંગ્રેસ દ્વારા ખાદી અને રેંટીયા પ્રવૃત્તિનો આરંભ થયો. મણિલાલ કોઠારી, મુનિ જિનવિજયજી, માનસંગ કચરા અને કાંતિપ્રસાદ અંતાણીએ રચનાત્મક કાર્યો ઉપાડી લેવા સાથે પ્રજા જાગૃતિના પ્રયાસો કર્યા હતા. કચ્છી પ્રજા સંઘની ૧૯૨૩ના સ્થાપના થઇ. હિંદી રાષ્ટ્રીય મહાસભાનો તેણે પ્રચાર કર્યો. રાષ્ટ્રને એક કરનારો મંત્ર ઠેઠ ઇ.સ. ૧૯૨૩-૨૪માં પણ કચ્છે બરાબર ઝીલ્યો હતો અને ભારતની પ્રજા સાથે સમાન કદમ ઉઠાવ્યા હતા. તે વર્ષની ૧૦મી જૂનના અંજારમાં વાંકલ માતાના સ્થાનકમાં બેઠક થઇ હતી. કચ્છમાં રાજકીય સ્પષ્ટ હેતુથી સમગ્ર કચ્છીઓની આ પહેલી સભા હતી. તે સભામાં 'કચ્છી પ્રજા સંઘ' સંસ્થાની સ્થાપના ઠરાવથી જાહેર થઈ હતી. ૧૯મી જુલાઈ ૧૯૨૩ના ભુજમાં મોટામાં મોટી જાહેર સભા ભીડના ચોકમાં મળી હતી. તેમાં પ્રમુખસ્થાને સાધ્વી આનંદ લહેરી હતા. તે જ વર્ષે ૨૩ જુલાઈના મુંદ્રા ખાતે બેઠક મળી હતી. તેના પ્રમુખ તરીકે મુનિશ્રી કલ્યાણજી સ્વામી હતા. કચ્છ રાજયને આ રાજકારણના જુવાળથી રાજયતંત્રમાં ભયગ્રંથિ શરૂ થઇ. અંગ્રેજ સરકારે તેમાં પ્રોત્સાહન આપ્યું અને ૨૯મી જુલાઈ ૧૯૨૩ના કચ્છી પ્રજા સંઘના પ્રમુખ જયવિજયજી મહારાજને દેશપાર કર્યા. તેમની સાથે કાંતિપ્રસાદ અંતાણી પણ ગયા અને સૌરાષ્ટ્ર કાર્યાલય, રાણપુરમાં આશરો મેળવ્યો. બી.એન. મૈશેરીએ ૧૮મી માર્ચ ૧૯૨૩ના મુંબઈમાં 'સ્વદેશ' અઠવાડિક શરૂ કર્યું. ૧૫મી એપ્રિલ ૧૯૨૩ના મુંબઈમાં માંડવી - કચ્છના કચ્છ સેવા સમાજના મંત્રી કલ્યાણજી લાલજી વ્યાસે 'કચ્છી' નામે અઠવાડિક શરૂ કર્યું. તે ઉપરાંત તે જ અરસામાં અમદાવાદથી 'કચ્છ વર્તમાન' સાપ્તાહિક છગનલાલ ભવાનીશંકર મહેતાએ શરૂ કર્યું.

### આધુનિક સ્થાપત્ય શૈલીનું પ્રવર્તન

વીસમી સદીના બે દાયકા પછી, પહેલા વિશ્વયુદ્ધ પશ્ચાદ સાહિત્ય અને કળાના નવા સ્વરૂપો - પરિમાણો સ્થપાવા લાગ્યા. એ સમયમાં સ્થાપત્ય કળાએ પણ નૂતન અભિગમ કેળવ્યો અને તેને મહત્ત્વનો વળાંક ગણવામાં આવે છે. વીસમી સદીના આરંભે પશ્ચિમના દેશોમાં ગ્રીસ-રોમ કે વિક્ટોરીયન યુગનાં સ્થાપત્યોની, પૂર્વમાં ચીન-જાપાનમાં ત્યાંના પરંપરાના તેમજ ભારતમાં મધ્યકાલીન પરંપરાના સ્થાપત્યો નજરે ચડતા હતા. ત્યારે ૧૯૨૩ના અરસામાં યુરોપમાં આધુનિક સ્થાપત્યશૈલીનો આવિર્ભાવ થયો. કમાનો, સ્તંભો, ઘુમ્મટો, ઝરૂખા જેવા અનેક પરંપરાગત ખ્યાલોને હટાવીને, શિલ્પ કોતરણીની બાદબાકી કરીને સપાટ ચોસલા જેવી અર્વાચીન ઇમારતોનું સ્થપતિઓએ સર્જન કર્યું. તેમણે સ્થાપત્ય અભિગમમાં બદલાવ લાવીને નવી શૈલીમાં ઊભી, આડી અને સીધી રેખાઓનો ઉપયોગ કરવાનો ખ્યાલ અપનાવ્યો. અમેરિકાના લૂઇ સુલિવાન, જર્મનીના બહેરેન્સ અને વોલ્ટર ગ્રુપીસીસના સ્થાપત્ય ડિઝાઇન ક્ષેત્રે કરેલા

*ખાઈમાં પડેલો બચી શકે છે, પરંતુ અદેખાઈમાં પડેલો કદાપિ નહીં!*

પ્રયોગોનો પ્રભાવ વિશ્વના સ્થાપત્ય જગત ઉપર પડ્યો છે. આ શૈલીમાં અભિગમ એવો છે કે તેનું ‘ફંકશન’ એટલે કે ઉપયોગીતા અને સરળતા સૌથી મહત્ત્વની છે. ફ્રાન્સના યુવાન સ્થપતિ લા-કાર્બુઝીયરે આધુનિક સ્થાપત્ય કળામાં પોતાની આગવી પ્રતિભા ઊભી કરી હતી. સ્થપતિ હોવા ઉપરાંત એ એક સારા ચિત્રકાર અને મકાનોની શ્રેણીના આયોજક ગણાયા. તેમણે ચોસલા પ્રકારનાં મકાનોની ડિઝાઈન કરવામાં પહેલ કરી. જુદી જુદી આવક ધરાવતા વર્ગો માટે હાઉસિંગની યોજના કરવામાં તેની અનોખી સિદ્ધિ હતી. ૧૯૫૦ના દાયકામાં ઓજસ્વી નગરના એક વિશાળ રૂપમાં સાકાર કરવાની અસર ભારતના ચંદીગઢ શહેરના નિર્માણ વખતે મળી હતી. **લા-કાર્બુઝીયરે અમદાવાદ ખાતે ૧૯૫૧માં મિલ માલીક સંઘની ઇમારત ‘વિલા સારાભાઈ’નું પણ નિર્માણ કર્યું હતું. તે ઉપરાંત અમદાવાદમાં ૧૯૫૬માં સંગ્રહાલય ભવન બનાવ્યું હતું.**

## ‘ટાઈમ’ સામયિકનો આરંભ

હેનરી લ્યુસ અને બ્રાઈટન હેડન નામના બે સાહસિકોએ ૩જી માર્ચ, ૧૯૨૩ના ‘ટાઈમ’ મેગેઝીનની શરૂઆત કરી હતી. તે સમયે તે સાપ્તાહિક સમાચારપત્ર હતું. પ્રારંભે તેની કિંમત ૧૫ સેન્ટ રાખવામાં આવી હતી. હેડનના અવસાન બાદ લ્યુસે આ પ્રકાશનને આગળ વધારી, ‘લાઈફ’, ‘ફોર્ચ્યુન’ અને ‘સ્પોર્ટસ ઇલસ્ટ્રેટેડ’ જેવા સામયિકો શરૂ કર્યા. શરૂઆતમાં ‘ટાઈમ’ મેગેઝીન ડાઈજેસ્ટ પ્રકારનું હતું. પરંતુ બાદમાં તેણે સમાચારોનું પોતાનું નેટવર્ક ઊભું કર્યું. તે જ વર્ષે બંગાળી ભાષામાં સાહિત્યપત્ર ‘કલ્લોલ’ (મનની લહેર - મોજ) દિનેશ રંજનદાસના તંત્રીપદે નીકળવું શરૂ થયું. બિજોયરત્ન મજમુદારના તંત્રીપદે બંગાળી સિને-સાપ્તાહિક ‘સુચિત્રા શિશિર’ પણ ૧૯૨૩ના જ શરૂ થયું. **અમદાવાદથી નંદલાલ બોડીવાલાએ ‘સંદેશ’ દૈનિકનો પ્રારંભ કર્યો.**

## ગેસ શોષણ રેફ્રિજરેટરની શોધ

સ્વીડનના એન્જિનિયરો બાલ્ઝર વોન પ્લેટેન અને કાર્લ મુન્ટર્સે ૧૯૨૩માં તેમનું ઇલેક્ટ્રોનિક્સ મોડેલ બજારમાં મૂક્યું હતું. તેનું કોમ્પ્રેસર ઇલેક્ટ્રીક મોટર વડે ચાલતું હતું. તેમણે આ પેટન્ટને શિકાગોની કેલ્વિનેટર લી. કંપનીને વેચી દીધી હતી અને તેનું ઉત્પાદન ૧૯૨૫થી શરૂ થયું. ૧૯૨૫માં, એબી આર્કટીકને ઇલેક્ટ્રોલક્સ દ્વારા ખરીદવામાં આવ્યું હતું, જેણે તેમને વિશ્વભરમાં વેચવાનું શરૂ કર્યું હતું. ૧૯૨૫માં અમેરિકન ઉત્પાદક સર્વલે સતત શોષણ રેફ્રીજરેટર માટે સ્વીડિશ પેટન્ટના અધિકારો ખરીદ્યા અને ગેસ રેફ્રિજરેશન માર્કેટ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું.

## મુસ્તુફા કમાલ પાશાના સુધારા

સાત સત્તાઓ – ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ, ઇટાલી, જાપાન, ગ્રીન, રૂમાનિયા અને તર્કી વચ્ચે લોસાન, સ્વિટ્ઝરલેન્ડમાં નીયર ઈસ્ટ સંધિ થઈ. તુર્કો - ગ્રીકો વચ્ચે યુદ્ધનો અંત આવ્યો. ૨૯ ઓક્ટોબર, ૧૯૨૩ના મુસ્તુફા કમાલ પાશા અથવા મુસ્તફા કમાલ અતાતુર્ક તુર્કી પ્રજાસત્તાકના પ્રમુખ તરીકે સર્વાનુમતે ચૂંટાયા અને મૃત્યુ પર્યંત, ૧૯૩૮ સુધી એ હોદ્દા પર રહ્યા. દસ લાખ ગ્રીકોને હાંકી કાઢવામાં આવ્યા અને ગ્રીસમાંથી ૩૫૦૦૦ તુર્કોને દેશમાં પાછા લાવીને વસાવવામાં આવ્યા. સર્વોચ્ચ નેતા મુસ્તુફા કમાલ પાશાએ દેશમાં આધુનિકતા બંદુકની અણીએ લાવવાનો પ્રયત્ન કર્યો. આમ તો એક મુસ્લિમ રાજ્ય હોવા છતાં તેણે ઘણા સુધારાઓ કર્યા. પરંતુ સુધારા દાખલ કરવા માટેનું તેમનું આકરું વલણ તેમને વિવાદાસ્પદ બનાવી ગયું.

## પ્રકીર્ણ

**● વર્ષ : ૧૯૨૩ ●**

★ ***૧ જાન્યુ :*** ચિત્તરંજન દાસ અને મોતીલાલ નહેરુના નેતૃત્વમાં સ્વરાજ પક્ષનું ગઠન કરાયું. મદ્રાસ પ્રાંતમાં સ્વરાજ પાર્ટી એસ. સત્યમૂર્તિ અને એસ. શ્રીનિવાસ આયંગરના વડપણમાં અસ્તિત્વમાં આવી.

★ ***૫ ફેબ્રુઆરી :*** ઓસ્ટ્રેલિયન ક્રિકેટર બીલ પોંસફોર્ડે ૪૨૯ રન બનાવી સર્વોચ્ચ પ્રથમ શ્રેણી સ્કોર માટે વર્લ્ડ રેકોર્ડ તોડ્યો.

★ ***૧૦ ફેબ્રુઆરી :*** ક્ષ-કિરણોની દિશામાં મહત્ત્વની શોધ કરનાર મહાન વિજ્ઞાની, પદાર્થ વિજ્ઞાનનું નોબેલ પ્રાઇઝ (૧૯૦૧) મેળવનાર પ્રો. વિલ્હેમ કોનરાડ રોન્ટેજનનું મ્યુનિચ (જર્મની) ખાતે અવસાન થયું.

★ ***૯ માર્ચ :*** સોવિયેત નેતા વ્લાદીમીર લેનીનને લકવો થતાં, તેમને હોદ્દો છોડવાની ફરજ પડી.

★ ***૨૬ માર્ચ :*** કરુણ ભૂમિકાઓ ભજવનાર મહાન અભિનેત્રી સારાહ બર્નાર્ડનું પેરિસમાં અવસાન.

★ ***૯ એપ્રિલ :*** ગુજરાતના સાહિત્યકાર રણછોડભાઈ ઉદયરામ દવેનું મુંબઈ ખાતે નિધન.

★ ***૧૫ એપ્રિલ :*** ડાયાબિટીસથી પીડિત લોકો માટે ઇન્સ્યુલીન બજારમાં ઉપલબ્ધ થયું.

★ ***૧૬ એપ્રિલ :*** બ્રિટીશ સામ્રાજ્યના રાજા જ્યોર્જ છઠ્ઠાના મહારાણી એલિઝાબેથ બોવ્સ સાથે લગ્ન થયા.

★ ***૧ મે :*** સુરતના સાહિત્ય રસિકોએ ‘ગુજરાતી સાહિત્ય

મંડળ'ની સ્થાપના કરી. ઇ.સ. ૧૯૩૯માં કવિ નર્મદની સ્મૃતિરૂપે એનું નામ 'નર્મદ સાહિત્યસભા' રાખવામાં આવ્યું.

★ *૧મે :* ભારતમાં પ્રથમવાર કામદાર દિવસ ઉજવાયો. તેની શરૂઆત ભારતીય મજદૂર કિસાન પાર્ટીના નેતા કોમરેડ સિંગરાવેલુ ચેટીયારે કરી હતી.

★ *૧૪ મે :* ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ રહી ચૂકેલા એન.જી. ચંદાવરકરનું નિધન.

★ *૧૯ જૂન :* કવિ, નાટ્યલેખક, નિબંધકાર અને ગુજરાતી ખંડકાવ્ય પ્રકારના પ્રણેતા તેમજ ઉત્તમ ખંડકાવ્યોના સમર્થ સર્જક મણિશંકર રત્નજી ભટ્ટ, કવિ કાંતનું લાહોર ખાતે નિધન.

★ *૧૦ જુલાઈ :* મુસોલિનીએ ઇટાલીમાંના બધા જ બિન-ફાસીસ્ટ પક્ષોને વિખેરી નાખ્યા.

★ *૩ ઓગસ્ટ :* વોરેન હાર્ડિંગના અવસાન પછી કેલ્વિન કુલીજ યુ.એસ.ના પ્રમુખ બન્યા.

★ *૬ ઓગસ્ટ :* અમેરિકાનો તરણવીર હેનરી સુલિવાન ૨૮ કલાકમાં ઇંગ્લીશ ચેનલ તરી ગયો.

★ *૭ સપ્ટેમ્બર :* ઓસ્ટ્રીયાની રાજધાની વિયેનામાં ઇન્ટરપોલની સ્થાપના કરવામાં આવી.

★ *૧૬ ઓક્ટોબર :* ડિઝની બ્રધર્સે એનિમેશન (કાર્ટુન) સ્ટુડિયો સ્થાપ્યો. વોલ્ટ ડિઝની અને રોય ઓ. ડિઝનીએ બર્બેન્ક, કેલિફોર્નિયા (યુ.એસ.) ખાતે સ્થાપેલો સ્ટુડિયો પ્રારંભમાં ડિઝની બ્રધર્સ કાર્ટુન સ્ટુડિયોના નામે ઓળખાતો હતો. વિશ્વનો આ સૌથી જૂનો કાર્યરત એનિમેશન સ્ટુડિયો હોવાનું ગૌરવ ધરાવે છે.

★ *૨૬ ઓક્ટોબર :* વિદ્યુત ક્ષેત્રે ઓલ્ટરનેટીંગ કરંટ (એ.સી.)ની અપૂર્વ શોધ કરનાર મૂળ જર્મનીના પણ અમેરિકામાં સ્થાયી થયેલા મહાન વિજ્ઞાની ચાર્લ્સ પ્રોટીયસ સ્ટાઇનમેટ્ઝનું શેનેક્ટેડી, ન્યુયોર્કમાં અવસાન થયું.

★ *૨૫ નવેમ્બર :* અમેરિકાથી યુ.કે. સુધીનો સૌ પ્રથમ એટલાંટીકને પેલે પારનો વાયરલેસ સંદેશો પહોંચતો થયો.

★ *૧૨ ડિસેમ્બર :* ઇટાલીમાં પો નદી ડેમ ફાટવાથી ૬૦૦ લોકો માર્યા ગયા.

★ *૨૮ ડિસેમ્બર :* પેરીસ ખાતે આવેલા જગવિખ્યાત એફિલ ટાવરના સર્જક - ઇજનેર ગુસ્તાવ એફિલનું અવસાન.

★ *૧૯૨૩ :* પ્રથમ વિશ્વયુદ્ધના પાપે જર્મનીમાં ફુગાવો ફાટી નીકળ્યો.

*'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઇયા નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

## અંતિમ સંસ્કાર

હતી મોટી નોટો ક્યમ નોટા જેમ કિંમત વગરની થઈ;
આમ અમને રડતા મૂકી અચાનક વિદાય તેં શાને લઈ!
હતુ બહુ જ ગુમાન તને મોટાઈનું કરી નાખી પાલો ભાજી;
દર્શનનાં તરસ્યા હતા હવે તુજપર દૃષ્ટિ કરવા ન કોઈ રાજી.
હતી મોટી મોટી તિજોરીમાં તું સંકોચાઈને સલવાણી;
નહીં પૂછનાર રહ્યું કોઈ તને તેં ખાધું છે કે પીધું પાણી.
જાદુ તારો જબરો હતો મૃત્યુની સોડ તેં સાને તાણી;
લાગે છે કે હવે તારી સાથે ખૂટી ગયા અન્નજળ પાણી.
પટારામાં મોજ કરી પટારામાં જ તું બહુ પૂજાણી;
પામરને તું ગણતી નહીં દેખી બની જતી અજાણી.
હાકો બહુ બોલાવતી હતી અને બની ફરતી હતી રાણી;
તો પછી પ્રભુના ઉતરેલ હારની જ્યમ કેમ તું કરમાણી?
સાંકળ મોકળમાં પણ ભોરીંગની જ્યમ તું ભરાણી;
તો શાને આજ ઘરખૂણેથી ઉડી હવામાં વેરાણી.
ઉંમર શું હજું તું નાનું બાળ હતી સાત વર્ષની જાણી;
તારી વિદાય સહુને લાગી રહી છે બહુ વસમી ભાણી.
ગાલ તારા ગુલાબી આખી ગુલાબમાં તું રંગાણી;
નજર તને લાગી કોઈની કેમ બ્લીચમાં તું પીસાણી.
રંજ તારા બાળમૃત્યુથી આવ્યા અમ નયનોમાં પાણી;
ગુન્હો હતો શું અમારો કે આમ ઓચિંતાની તું રીસાણી.
તુજ દર્શનથી ઘેલો થઈ રહેતો હતો ભાવ ઉમંગનો જાણી;
શું એટલે જ પીયુને તડપતો મેલી જતી રહી તું રાણી?
તારાથી એ મોભી પૂછાતા પાંચમા જ્યમ લાખો ફુલાણી;
આજ એ જ મોભીઓની સરાજાહેરમાં લાજ લૂંટાણી.
ઘડી છે અંતિમ તારી બેંકે અશ્રુથી તારું કરશું અર્પણ;
કહે તન્ના બેંકના કેશિયરને તને કરી આપશું અર્પણ.

*ધીરજલાલ ડી. તન્ના - કેશોદ*
*મો. ૯૭૩૭૭૧૨૯૯૯*

## આઝાદી - ગુલામી

આઝાદી મળી
ભલે ઉજવાય છે
અમૃતોત્સવ
ગુલામીની ઝંઝીરો
ફરી ઝણઝણે છે.

*રજનીકાંત ઓઝા - ભુજ*

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા





આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

**એન્જીનીયરીંગ ક્ષેત્રે**

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

# શ્યામજી કૃષ્ણવર્માનો ૨૩ જૂનના બલિદાન દિવસ છે



ડૉ. મિહિર એમ. વોરા

વિદેશની ધરતી પરથી ભારતની સ્વતંત્રતા જંગમાં બહુમૂલ્ય યોગદાન આપનાર શ્યામજી કૃષ્ણવર્માનો ૨૩ જૂનના રોજ બલિદાન દિવસ છે.

રજની વ્યાસ લિખિત પુસ્તક 'ગુજરાતનો સાંસ્કૃતિક વારસો'માં થયેલી એક નોંધ અનુસાર **મેધાવિ વિદ્વાન, સંસ્કૃતના પ્રખર પંડિત, પહેલા ગુજરાતી ઉદ્દામવાદી શ્યામજી કૃષ્ણવર્માનો જન્મ ૪ ઓક્ટોબર, ૧૮૫૭ના રોજ કચ્છ - માંડવીના એક ગરીબ કુટુંબમાં થયો હતો.**

ડૉ. ગણેશી લાલા વર્મા લિખિત પુસ્તક 'શ્યામજી કૃષ્ણવર્મા ધ અનનૉન પેટ્રીઅટ'માં થયેલી નોંધ અનુસાર તેમનો જન્મ એક ભણસાલી કુટુંબમાં થયો હતો. જે મોટાભાગે એક ખેતી કરતી કે વેપારી જાતિ તરીકે ઓળખાતી હતી.

વિષ્ણુ પંડ્યા લિખિત પુસ્તક 'કલમના સિપાહી'માં થયેલ નોંધ અનુસાર શ્યામજીના પિતા 'ભૂલા ભણસાલી' તરીકે ઓળખાતા. તેઓ માંડવીથી વિદેશમાં જતી કાપડની ગાંસડીઓ બાંધવાનું કામ કરતા. પછીથી એ ઉદ્યોગ પડી ભાંગતા તેમણે મુંબઈ જઈ મજૂર મુકાદમ તરીકે કામ કર્યું.

શ્યામજીના માતા શ્યામજી દસ વર્ષના હતા ત્યારે જ મૃત્યુ પામ્યા અને પિતા મુંબઈમાં હોઈ તેમનું બાળપણ મોસાળમાં તેમના નાની પાસે વીત્યું. તેમણે ભુજમાં પ્રાથમિક શિક્ષણ અને હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ કર્યો. ભુજમાં મ્યુનિસિપલ દીવાના અજવાળે એમનો અભ્યાસ ચાલતો.

**એક દિવસ, મૂળ માંડવીના પરંતુ મુંબઈ સ્થાયી થયેલા મથુરદાસ લવજી ભાટીયાની નજર આ બુદ્ધિમાન કિશોર પર પડી. તેમણે શ્યામજીને મુંબઈમાં અભ્યાસની સગવડ કરી આપી અને એ રીતે શ્યામજીએ મુંબઈની વિલ્સન હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો.** વિલ્સન હાઈસ્કૂલ ઉપરાંત શ્યામજીએ અહીં શાસ્ત્રી વિશ્વનાથની પાઠશાળામાં સંસ્કૃતનું અધ્યયન પણ કર્યું. **ગોકુળદાસ પારેખ શિષ્યવૃત્તિ મેળવીને એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો.**

આ વર્ષોમાં શ્યામજીના જીવનને વળાંક આપતી બે ઘટનાઓ બની. દરેક વર્ષે અભ્યાસમાં પ્રથમ વર્ગ મેળવીને શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરનાર **શ્યામજીનો વર્ષ ૧૮૭૪માં સ્વામી દયાનંદ સરસ્વતી સાથે મેળાપ થયો.** એક વર્ષ પછી વર્ષ ૧૮૭૫માં તેમણે મુંબઈમાં આર્ય સમાજની સ્થાપના કરી. દયાનંદ સરસ્વતીએ શ્યામજીને ભગવા ન પહેરાવ્યા પરંતુ સંસ્કૃત અને સંસ્કૃતિના જ્ઞાન પ્રચાર માટે વિદેશ જવાની પ્રેરણા આપી.

**એ જ વર્ષે વર્ષ ૧૮૭૫માં મુંબઇના ધનિક વેપારી શેઠ છબીલદાસ લલ્લુભાઈનાં તેર વર્ષનાં પુત્રી સાથે શ્યામજીના લગ્ન થયા.**

વર્ષ ૧૮૭૬માં તેમની ઈચ્છા અને મહત્ત્વાકાંક્ષા મેટ્રીક્યુલેશનની પરીક્ષા પ્રથમ વર્ગમાં પસાર કરવાની હતી. પણ આંખો બગડતાં પરીક્ષામાં બેસી ન શક્યા.

આ બનાવથી હતાશ થયા વિના અભ્યાસ ચાલુ રાખ્યો. આ જ દિવસોમાં ઑક્સફર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર મોનિયર વિલિયમ્સ મુંબઇ આવેલા. શ્યામજીએ કરેલા સંસ્કૃતના બે ભાષાંતરો જોઈને એ ખૂબ પ્રભાવિત થયા અને તેમને વિદેશ આવવા આમંત્રણ આપ્યું.

'શ્યામજી કૃષ્ણવર્મા ધ અનનૉન પેટ્રીઅટ' પુસ્તકમાં થયેલા ઉલ્લેખ પ્રમાણે સ્વામી દયાનંદ સરસ્વતી અને અન્ય સુધારાવાદી આગેવાનોથી પ્રેરાઈને હિંદુ ધર્મમાં રહેલી બદીઓને નાબૂદ કરવા માટે શ્યામજીએ પ્રવચનો આપવાનું શરૂ કર્યું.

**નાસીકથી પૂના, અમદાવાદ, ભરૂચ, સુરત, કાશી, અલીબાગ, લાહોર અને અમૃતસર અને છેક ભુજ અને માંડવી સુધી શ્યામજીએ પ્રવચનો કર્યા.**

આ દરમિયાન સંસ્કૃતના પ્રચારાર્થે આર્ય સમાજના ઉત્સાહથી શ્યામજીએ ભારત ભ્રમણ શરૂ કર્યું.

અહીં નોંધવું ઘટે કે થિયોસોફિકલ સોસાયટીના મેડમ બ્લાવત્સ્કી અને કર્નલ ઑલ્કોટ શ્યામજી ઇંગ્લેન્ડ જઇને પ્રોફેસર મોનિયરના મદદનીશ તરીકે કામ કરવાના વિરોધમાં હતા.

પાછળથી આ અભિપ્રાયોથી પ્રેરાઈને સ્વામી દયાનંદ સરસ્વતીએ પણ વેદાભ્યાસ પ્રસિદ્ધ કરવા માટે પોતાના મદદનીશ

*નિરાશાવાદી ધનિક કરતાં આશાવાદી ગરીબ વધારે સુખી હોય છે.*

તરીકે ભારતમાં જ રહેવા શ્યામજીને જણાવ્યું. પરંતુ શ્યામજી આ હેતુ માટે ઉત્તર ભારત જઈને રહેવા માટે ખૂબ વ્યસ્ત હતા. તેથી સ્વામી દયાનંદે શ્યામજીની આશા છોડી અને તેમને ૧૨ જુલાઈ ૧૮૭૮ના પોતાના પત્રમાં એક સામાન્ય વિદ્યાર્થી તરીકે ઇંગ્લેન્ડ જવા જણાવ્યું.

**આમ, છેક વર્ષ ૧૮૭૯માં શ્યામજી કૃષ્ણવર્માએ ડૉ. મોનિયર વિલિયમ્સના મદદનીશ તરીકે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી હતી.**

સપ્તાહે સવા પાઉન્ડના પગારથી શ્યામજીએ ડૉ. મોનિયરના મદદનીશ તરીકે નોકરી શરૂ કરી અને એપ્રિલ ૧૮૭૯માં બેલિયલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો. ૧૮૮૨માં ત્યાંથી બી.એ. થયા. એ જ કૉલેજે તેમને સંસ્કૃતના અધ્યાપક તરીકે રાખ્યા. ૧૮૮૪માં નવેમ્બરમાં ઑક્સફર્ડમાં જ બેરીસ્ટર-ઍટ-લૉ થયા.

**જાન્યુઆરી ૧૮૮૫માં તેઓ ભારત પરત ફર્યા.** ભારતના નિવૃત્ત વાઈસરોય લોર્ડ નોર્થબ્રુકનું પ્રમાણપત્ર મેળવ્યું. ભારત આવીને તેમણે પહેલાં તો મુંબઈમાં હાઈકોર્ટના ઍડવોકેટ તરીકે નોંધણી કરાવી. દરમિયાન રતલામના દીવાન ગોપાલરાવ હરિ દેશમુખ જેઓ નિવૃત્ત થવાના હતા તેમની ભલામણથી શ્યામજી કૃષ્ણવર્માને રતલામના દીવાનપદે માસિક ૭૦૦ રૂપિયાના પગારે નિમાયા. પરંતુ મે ૧૯૮૮માં શ્યામજીએ ખરાબ તબિયતના કારણે દીવાનપદ છોડ્યું અને નોકરીમાંથી છૂટા થતાં રૂા. ૩૨,૦૫૨ વળતરરૂપે મળ્યા.

ત્રણેક વર્ષ અજમેરની એજન્સીમાં વકીલાત કરી. તેમાં તેઓ સારું એવું કમાયા. અજમેરની આસપાસ કપાસનાં જીન પ્રેસ પણ શરૂ કર્યા. પ્રથમ કક્ષાના ધારાશાસ્ત્રી તરીકે નામના મેળવી અને અજમેર મ્યુનિસિપાલિટીમાં સભ્ય ચૂંટાયા. વર્ષ ૧૮૯૨માં ઉદયપુર રાજ્યે તેમની સલાહકાર તરીકે નિયુક્તિ કરી. વર્ષ ૧૮૯૫માં તેઓ જૂનાગઢના દીવાનપદે આવ્યા.

ઈન્દુલાલ યાજ્ઞિક લિખિત 'શ્યામજીનું જીવન ચરિત્ર' નામના પુસ્તકમાંથી ટંકાયેલા સંદર્ભ પ્રમાણે : 'જૂનાગઢના મુસ્લિમ નવાબ હતા અને નાગર કારભારીઓ. વડોદરા રાજ્યમાં નોકરી કરતો એ.એફ. મોકોનકી ઑક્સફર્ડમાં શ્યામજીનો સહાધ્યાયી હતો. મિત્રભાવે શ્યામજીએ તેમને જૂનાગઢમાં નોકરી અપાવી. તેમણે માંગેલી વધુ સગવડોની પૂર્તિ શ્યામજીએ કરાવી આપી પણ તેનાથી શ્યામજીના વિરોધીઓની ખટપટ શરૂ થઈ અને તેમને બરતરફીનો આદેશ મળ્યો.'

ફેબ્રુઆરી ૧૮૯૫માં તેમણે જૂનાગઢના દીવાનનો હોદ્દો સંભાળ્યો. વડોદરાના એ.એફ. મકોનેકી એલિએશન સેટલમેન્ટ અધિકારી તરીકે કામ કરતા હતા. છગનલાલ પંડ્યા અને મનસુખરામ ત્રિપાઠી વગેરે પણ એ સમયે આ રાજ્યના અધિકારી હતા. દરમિયાન નાયબ દીવાન રાયજી સાહેબ અને શ્યામજી વચ્ચે વૈમનસ્ય વધી ગયું હતું.

રાજ્યના નાગર અને બ્રિટીશ અમલદારોના વર્ચસ્વને પડકાર ફેંકવાને કારણે તેમને જૂનાગઢનો દીવાનનો હોદ્દો ગુમાવવો પડ્યો. ત્યારબાદ ઉદયપુરના મહારાજને શ્યામજી પ્રત્યે અણખૂટ માન હોઈ મહારાણાની અંગત સેવામાં તેમને તક મળી. જો કે અહીં પણ અંગ્રેજી અમલદારોની ખટપટો અને શ્યામજીને અપમાન કરવાના પ્રયત્નોને લીધે તેમને સમજાઈ ગયું કે બ્રિટીશ અમલદારો તેમને ભારતના કોઈ પણ રજવાડામાં ઊંચા હોદ્દે જોવા માંગતા નથી.

દેશી રાજ્યોમાં સેવા આપ્યાના આ વર્ષોએ તેમનું નિરીક્ષણ તીવ્ર બનાવ્યું. એક પત્રમાં તેમણે એકરાર કર્યો છે કે બ્રિટીશરો દ્વારા અપમાનિત દેશની અવસ્થા તેમને વ્યગ્ર બનાવતી હતી. પોતે ચલાવેલી મિલ સુધ્ધાંમાં હાડપિંજર જેવા ભારતીયોની દશા પરાધીનતાનો પડછાયો હટે તો જ સુધરી શકે તેમ મનમાં ઠસી ગયું હતું. રજવાડા બ્રિટીશ શાસનમાં ખંડિયા રાજ્યોથી વિશેષ કંઈ અસ્તિત્વ ધરાવી શકે તેમ નહોતા. આવી સ્થિતિમાં ભારતમાં રહીને, સ્વતંત્ર પ્રકૃતિના શ્યામજી માટે કંઈ કરવું મુનાસિબ નહોતું.

ભારતની સ્વતંત્રતા પાછી મેળવવા માટે દેશી રાજ્યોની અશક્તિનો પણ તેમને ખ્યાલ આવ્યો. **અંતે તેમણે ૧૮૯૭માં ઉદયપુરની પોતાની નોકરી છોડી પત્ની સાથે ભારત છોડ્યું. ત્યાર પછી તેઓ ક્યારેય ભારત પરત ન ફરી શક્યા.**

શ્યામજીએ જતાવેંત લંડનમાં વસવાટ કર્યો. હર્બર્ટ સ્પેન્સરના વિચાર દર્શનનું તેમને ભારે આકર્ષણ હતું. તેમનું અધ્યયન કર્યું. સ્પેન્સર સાથે તેમણે ચર્ચા કરી. વર્ષ ૧૮૯૮માં જ્યારે સ્પેન્સરનું મૃત્યુ થયું ત્યારે તેમની સ્મશાનયાત્રામાં હાજર રહીને ૧૦૦૦ પાઉન્ડની 'સ્પેન્સર સ્કોલરશિપ' જાહેર કરી. ઉપરાંત ભારતમાં કોંગ્રેસના અધિવેશનમાં આ શિષ્યવૃત્તિની ઘોષણા કરવા ઉદારમતવાદી વિલિયમ વેડરબર્નને પત્ર લખ્યો. **આ પત્ર શ્યામજીના રાજકીય જીવનના પ્રારંભનો પ્રથમ દસ્તાવેજ છે.** પત્રમાં તેમણે લખ્યું : 'રૂપિયા ૨૦૦૦ની એક એવી પાંચ શિષ્યવૃત્તિઓ સદ્‌ગત સ્પેન્સર સ્મારક તરીકે આપીશ. એક શિષ્યવૃત્તિ સ્વામી દયાનંદ સરસ્વતીના સ્મરણાર્થે આપીશ. આ શિષ્યવૃત્તિને પાત્ર કોઈ પણ વિદ્યાર્થી હિંદમાં પાછો ફરીને બ્રિટીશ નોકરી, દરજ્જો કે સેવા સ્વીકારી નહીં શકે.'

**'સોક્રેટીસે કહ્યું હતું તેમ કોઈ પણ શાસનમાં આચરવામાં આવતા અન્યાય, ગેરકાનૂનનો પ્રતિકાર સરકારી નોકરીમાં રહીને ન થઈ શકે.'**

આ પત્ર કોંગ્રેસ અધિવેશન સુધી પહોંચ્યો જ નહીં. વેડરબર્ને વળતો જવાબ આપ્યો કે આમાં પાછલી વાત કોંગ્રેસની નીતિને હાનિકારક છે. તેથી ઉપયોગ થઈ શક્યો નથી.

લંડનમાં શ્યામજીનું ઘર ભારતથી આવેલા લોકો માટે 'રાજકીય તીર્થ' જેવું બનવા લાગ્યું હતું.

વર્ષ ૧૮૯૮માં ટ્રાન્સવાલમાં બ્રિટીશ સત્તા વિરૂધ્ધ બોઅર પ્રજાએ વિદ્રોહ કર્યો. તેમાં પણ શ્યામજી ઇંગ્લેન્ડના ઉદારમતવાદીઓની સાથે જોડાયા.

૧૯૦૫નું વર્ષ ભારતમાં અને વિદેશોમાં નિર્ણાયક બની ગયું. કર્ઝનની રાજકીય કુટીલતાએ બંગાળના ભાગલાની યોજના જાહેર કરી. તેના લીધે બંગાળનો યુવાવર્ગ 'અનુશીલન સમિતિ'ના નેજા હેઠળ બોમ્બ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયો. બંગભંગ ચળવળે સમગ્ર દેશનું ધ્યાન દોર્યું.

**બરાબર આ જ સમયે લંડનમાં શ્યામજી કૃષ્ણવર્મા અને તેમના સાથીદારોએ વર્ષ ૧૯૦૫ની ૧૮મી ફેબ્રુઆરીએ 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી'ની સ્થાપના કરી. આ સંસ્થાના પ્રમુખ તરીકે શ્યામજી ચૂંટાયા.**

લંડનથી પ્રકાશિત થતાં 'જસ્ટીસ' સામયિકના તંત્રી અને 'સોશિયલ ડેમોક્રેટીક ફેડરેશન'ના નેતા એચ.એમ. હિન્ડમેને સૂચવ્યું હતું કે ભારતની સ્વતંત્રતા માટે અહીં મોટા પાયા પર ચળવળ શરૂ કરવી જોઈએ. તેના પરિણામરૂપે આ 'હોમરૂલ સોસાયટી' સ્થપાઈ હતી.

આ વિચારના પ્રચારાર્થે જે પત્રનો પ્રારંભ થયો તે 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' વિદેશોમાં પ્રકાશિત થતું. આ પહેલવહેલું સ્વાતંત્ર્ય જગતનું સમર્થક અખબાર. તેના તંત્રી પણ શ્યામજી રહ્યા. ચાર પાનાના આ મુખપત્રથી સર્વત્ર ઉત્સાહ વ્યાપી ગયો. પહેલા અંકમાં પાંચ શિષ્યવૃત્તિઓની પણ ઘોષણા કરવામાં આવી હતી.

**૧ જુલાઈ, ૧૯૦૫ના રોજ લંડનમાં ૯૫, ક્રોમવેલ એવન્યુ, હાઈગેટ પર મોટી ઇમારત ખરીદીને તેને 'ઇન્ડિયા હાઉસ' નામ આપવામાં આવ્યું.** ભારતીય વિદ્યાર્થીઓની પ્રેરણાભૂમિ બનનાર આ 'ભારત ભવન'ના ઉદ્‌ઘાટનનો પ્રસંગ ઉત્સાહસભર હતો. ત્રણ માળની આ ઇમારતમાં પહેલા માળે સભાગૃહ, વાંચનાલય હતા. બીજા બે માળે રહેવાની વ્યવસ્થા હતી. પહેલાં ૨૫ અને પછી ૫૦ વિદ્યાર્થીઓના નિવાસની વ્યવસ્થા તેમાં કરવામાં આવી હતી.

આ ભવનનું ઉદ્‌ઘાટન હિન્ડમેને કર્યું. કાર્યક્રમમાં ભરચક ઉપસ્થિતિ હતી.

આ વર્ષોમાં મુંબઈમાં યુવાન વિનાયક દામોદર સાવરકરે 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ'નો અંક વાંચ્યો. પૂનામાં જ્યારે એ અભ્યાસ કરતા હતા ત્યારે શ્યામજીનું નામ સાંભળેલું. 'કેસરી'માં પણ કેટલીક વિગતો છપાયેલી. એટલે શ્યામજીએ જાહેર કરેલી શિષ્યવૃત્તિઓમાંથી એકાદ પ્રાપ્ત કરીને ઇંગ્લેન્ડ જઈ શકાય તેવો વિચાર તેમના મનમાં ઉગ્યો. ૯ માર્ચ, ૧૯૦૬ના રોજ તેમણે અરજી કરી અને પાછળથી લોકમાન્ય ટીળક, પરાંજપે વગેરેના ભલામણપત્રો બીડ્યા. ટીળકે 'અસંખ્ય અરજદારો'માંથી સાવરકર માટે ભારપૂર્વક આગ્રહ કરતો પત્ર લખ્યો.

**શ્યામજી કૃષ્ણવર્માએ સાવરકર માટે 'શિવાજી છાત્રવૃત્તિ'ની (દર છ મહિને ૪૦૦ રૂપિયા)ની સગવડ આપી. એટલે ૯ જૂન, ૧૯૦૬ના રોજ સાવરકર મુંબઈ છોડી ઇંગ્લેન્ડ રવાના થયા. આમ, 'ઇન્ડિયા હાઉસ' પરદેશમાં ભારત - સ્વતંત્રતા માટેના પ્રચાર-પ્રસારનું કેન્દ્ર બની ગયું.**

વર્ષ ૧૯૦૫માં બંગાળના વિભાજને દેશભક્ત ભારતીયોને કંઈક કરી છૂટવાના પુરુષાર્થ તરફ દોર્યો. 'ઇન્ડિયા હાઉસ' અને 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ' ખ્યાત થતા જતા હતા. ભારતમાં અને ભારત બહાર બનતા બનાવોની તેમાં નોંધ લેવાતી. ટીકાટીપ્પણી કરવામાં આવતી. 'ઇન્ડિયા હાઉસ' સાવરકરની આગેવાની હેઠળ ધમધમતું થયું.

કુમકુમ ખન્ના લિખિત 'શ્યામજી કૃષ્ણવર્મા' નામક પુસ્તકમાં થયેલી નોંધ પ્રમાણે, "ભારતની સ્વતંત્રતા માટે પોતાની વિચારધારાના અમલ માટે ક્રાંતિકારીઓ પેદા કરવામાં ઇન્ડિયા હાઉસ મદદરૂપ નીવડશે એવો શ્યામજીનો દૃષ્ટિકોણ સાચો ઠર્યો કારણકે તેઓ ક્રાંતિવીર વિનાયક સાવરકર, હરદયાલજી વગેરે જેવા ક્રાંતિકારીઓ પેદા કરી શક્યા."

આમ, એક ક્રાંતિકારી તરીકે સાવરકરના માનસ ઘડતરમાં 'ઇડન્ડિયા હાઉસ' અને ખાસ તો શ્યામજીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી.

વર્ષ ૧૯૦૭માં 'ઇન્ડિયા હાઉસ'માં સાપ્તાહિક બેઠકો શરૂ થઈ. સાવરકર પ્રેરણા આપતા. મંડળના બે પ્રકાર - આંતરિક (ગુપ્ત) અને બાહ્ય (સાર્વજનિક) એ પ્રમાણે રાખવાનું નક્કી થયું. જ્ઞાનચંદ વર્મા, હરનામસિંઘ, જાયસ્વાલ, મદનલાલ ધીંગરા, કોરેગાંવકર, મણિલાલ, લાલા હરદયાળ, પરમાનંદ, બાબા જોશી, બાપટ, મેરાચરણસિંહ વગેરે આ ગુપ્ત મંડળમાં શરૂઆતથી

જ સક્રિય થયા.

બાપટના જણાવ્યા પ્રમાણે વર્ષ ૧૯૦૬ના અંત સુધીમાં તો ‘ઇન્ડિયા હાઉસ’માં રહેતા યુવકો પિસ્તોલ રાખતા થઈ ગયા હતા.

‘કલમના સિપાહી’ પુસ્તકમાં થયેલી નોંધ અનુસાર તે દિવસોમાં ૧૮૫૭ની સમરસ્મૃતિ કઈ રીતે ઉજવવી તે અંગે યોજના ઘડાતી હતી. ત્યાં જ દિલ્હીથી સમાચાર આવ્યા કે બ્રિટીશ સરકાર કાશ્મીર દરવાજે ‘બળવાખોરોને ડામી દેનારા શૂરા અંગ્રેજો’ની ગાથા રજૂ કરતું એક નાટક ભજવવાની છે.

તુરંત શ્યામજીએ એક પત્ર પ્રસિદ્ધ કર્યો. આ પત્ર આયરીશ નેતા હ્યુ ઓ ડૉનલે લખેલો. તેમાં જણાવ્યું હતું કે અંગ્રેજોએ વર્ષ ૧૮૫૭માં પાશવી અત્યાચારો કર્યા હતા. તેની નિષ્કૃતિ માટે ડમડમ (જ્યાં ભ્રષ્ટ કારતુસો આપીને હિંદી સૈનિકોનું અપમાન કરાયું હતું), મેરઠ (જ્યાં સૈનિકોએ વિપ્લવનો ઝંડો લહેરાવ્યો) અને દિલ્હી (જ્યાં છેલ્લા મુઘલ બાદશાહ ઝફરે સંગ્રામમાં ભાગ લેવા બદલ તેના સંતાનોની હત્યા કરાઈ) – સર્વ સ્થાનોએ પ્રાર્થના કરવી જોઈએ!

આ પત્ર બિપીનચંદ્ર પાલે ‘વંદે માતરમ’માં પણ છાપ્યો અને અંગ્રેજોએ પેલું નાટક ભજવવાનું માંડી વાળવું પડ્યું.

૧૦ મે, ૧૯૦૭ના રોજ ૧૮૫૭ના વિપ્લવની તિથિ ઉજવવા શ્યામજી કૃષ્ણવર્માના સાળા નીતિસેન દ્વારકાદાસના નિવાસ સ્થાન (જેને ‘ટીળક હાઉસ’ નામ અપાયેલું) શંકર ભટનાગર, દીપચંદ ઝવેરી, ડૉ. એરૂલકર, સાવરકર, શ્યામજી કૃષ્ણવર્મા વગેરે આ દિવસની ઉજવણી કરી. સાવરકર પ્રમુખસ્થાને રહ્યા. જ્ઞાનચંદ વર્માએ મુખ્ય ભાષણ કર્યું.

વર્ષ ૧૯૦૭માં શ્યામજીના લંડન નિવાસને એક દાયકો પૂરો થયો. ઈંગ્લેન્ડમાં ‘હાઉસ ઑફ કોમન્સ’માં ‘લંડન ટાઈમ્સ’ જેવા અખબારોમાં શ્યામજીની પ્રવૃત્તિ વિશેના અહેવાલો ચર્ચાતા થયા.

આવા વધતા જતા પ્રચારને કારણે શ્યામજીને ખાતરી થઈ કે કોઈને કોઈ રીતે બ્રિટીશ સરકાર તેમને સંડોવશે. અને એ રીતે વિદેશમાં પ્રચારનું કામ અટકી જશે. **આ હેતુથી તેમણે પેરીસ સ્થળાંતર કરવાનું નક્કી કર્યું. મે ૧૯૦૭માં તેઓ લંડન છોડી પેરીસ જઈ વસ્યા અને ત્યાંથી પોતાનું કામ ચાલુ રાખ્યું.** સપ્ટેમ્બર ૧૯૦૭ના ‘સોશિયોલોજિસ્ટ’માં આ સ્થળાંતર વિશે લખ્યું પણ ખરું.

તેમાં લખાયું હતું કે, ‘દુશ્મન સરકારને હાથે ગિરફ્તાર થવું અને કાર્ય કરવાની સઘળી સ્વાધીનતા ગુમાવવી એ કોઈના પણ માટે મૂર્ખાઈ છે. દમનના એંધાણ દેખાતા પ્રસંગ પૂર્વે એને ટાળવો જોઈએ. અમે એ રીતે શત્રુને મહાત કર્યો છે. **કેટલાક અંગત મિત્રોની સલાહ અને આગ્રહ માનીને જૂન મહિનાના આરંભથી અમે કાયમ માટે ઇંગ્લેન્ડ છોડ્યું છે.’**

ભારતમાં ખુદીરામ બોઝ, પ્રફુલ્લ ચાકી, સત્યેન બોઝ, કન્નાઈલાલ દત્ત વગેરેએ પરાક્રમી ઘટનાઓ સર્જીને ફાંસીના તખતા પર ચઢી ગયા. તેનાથી ઘણાને અરાજકતાવાદી ચળવળ શરૂ થઈ હોવાનો ડર હતો.

ગોખલેએ લંડનમાં કહ્યું હતું કે શ્યામજી ‘ઇન્ડિયા હાઉસ’ દ્વારા આવી ચળવળને ઉત્તેજના આપે છે.

શ્યામજીએ તુરંત ‘ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ’ (ડિસેમ્બર ૧૯૦૮)માં તેનો પ્રત્યુત્તર આપતાં લખ્યું : “આ તરુણોના કાર્યનું વર્ણન હિંદના શત્રુઓએ ગુના તરીકે કર્યું છે. પણ ભારત પર સાચુકલો પ્રેમ દર્શાવનારા હિંદીઓએ આ કૃત્યને દેશપ્રેમ અને સદ્‌ગુણ તરીકે પ્રશંસનીય માનીને વર્ણવવું જોઈએ.”

નોંધનીય છે કે આ સમય સુધી ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ લંડનમાં જ છપાતું હતું.

કર્ઝન વાયલીની હત્યા બાદ ‘ઇન્ડિયા હાઉસ’ ચલાવવું મુશ્કેલ હતું. કેટલાક સાથીદારોમાં પણ તીવ્ર મતભેદો ઊભા થયા હતા.

‘કલમના સિપાહી’ પુસ્તકમાં થયેલી નોંધ અનુસાર છૂટીછવાઈ ઘટનાઓ દરમિયાન જ સશસ્ત્ર ક્રાંતિકારીઓ લંડનને બદલે પેરીસને પોતાની કર્મભૂમિ તરીકે પસંદ કરવા લાગ્યા હતા. અહીં શ્યામજી-રાણા, મેડમ કામા, હરદયાળ અને અય્યરની મંડળી જામી.

આ વર્ષો સાવ નિસ્તેજ નહોતા. જાન્યુઆરી ૧૯૦૮માં ‘ઇન્ડો પેરિસિયન’ સોસાયટી સરદારસિંહ રાણાએ સ્થાપી હતી. તેમાં ૩૦ સભ્યો હતા.

‘મોર્નિંગ પોસ્ટે’ કદાચ આનાથી પ્રેરાઈને ૨૨ ડિસેમ્બર, ૧૯૦૮ના એક અંકમાં લખ્યું કે, ‘પેરિસમાં પૈસાદાર પારસી વેપારીઓના ટેકાથી હિંદીઓનું એક કાવતરું ઘડાયું છે તેની નેમ જાણીતા અંગ્રેજો પર બોમ્બ ફેંકવાની છે!’

આ લેખનો શ્યામજીએ બરાબર જવાબ આપ્યો અને તેને ‘દેશમુક્તિ માટે પ્રયત્નોને બદનામ કરવાની નીચ કોશિશ ગણાવી.’

દરમિયાન શ્યામજી ઑક્સફર્ડ યુનિવર્સિટી ઇનર-ટેમ્પલ સભ્ય હતા. પણ છેવટે તેમને અને તેમના દ્વારા અપાતી શિષ્યવૃત્તિઓને એપ્રિલ ૧૯૦૯ના રોજ ઇનર ટેમ્પલના

દફતરમાંથી રદ કરવામાં આવી. પરિણામે તેમની વકીલાતની સનદ્ પણ ખૂંચવી લેવાઈ.

**એપ્રિલ ૧૯૧૧માં શ્યામજીએ અમેરિકન પ્રમુખને ખુલ્લો પત્ર લખી, ભારતની ગુલામી સામેની લડતમાં અમેરિકા સક્રિય બને તેવી અપીલ કરી હતી.**

એક જર્મન સામયિકમાં પણ તેમનો લેખ છપાયો. જેણે જર્મનીમાં વસતા ભારતીયોને બ્રિટીશ વિરોધી પ્રવૃત્તિ તરફ દોર્યા.

પેરીસમાં એક અફવા એવી પણ ચાલી કે ઇંગ્લેન્ડના શહેનશાહનું ખૂન કરવા શ્યામજી કોશિશ કરાવે છે. ચીની સુત-યાત-સેનની આગેવાની હેઠળની ક્રાંતિ, સિયામમાં આઝાદી માટે ચળવળ વગેરેને તેઓ બિરદાવતા રહેલા. ઇટાલી, સ્વિટ્ઝરલેન્ડ વગેરે સ્થાનોએ પણ તેમનો સંપર્ક ચાલુ હતો.

વર્ષ ૧૯૧૨માં દિલ્હીમાં લોર્ડ હાર્ડિંગ્સ પર બોમ્બ ફેંકાયો. લંડનના 'સન' અખબારે તે ઘટના સાથે શ્યામજીને સાંકળવા મુલાકાત લીધી. શ્યામજીએ મુલાકાત આપી અને બેધડક કહ્યું કે મારો તેમાં હાથ નથી. પણ આવા બનાવો જુલમી શાસન સામે બને તે સ્વાભાવિક છે.

ત્યારબાદ પ્રથમ વિશ્વયુદ્ધના વાદળો ઘેરાવા લાગ્યા. દુનિયા માટે આ પહેલો મોટો વિગ્રહ હતો. **'પોતાના રાજ્યનો સૂર્ય કદી આથમતો નથી' એવી ગર્વોક્તિ કરનાર ઇંગ્લેન્ડ માટે આ પડકાર હતો.**

મહાભીષણ યુદ્ધના એંધાણની સાથે એ પણ નિશ્ચિત હતું કે પેરીસમાં હવે ક્રાંતિ પ્રવૃત્તિ શક્ય નહોતી. પેરીસના આ ત્રણે તેજતણખા, બ્રિટીશ ગરૂડની નજરથી બચી શકે તેમ નહોતા – તો પછી હવે શું કરવું? તે સવાલ ઊભો થયો.

હવે શ્યામજી - સરદારસિંહ - મેડમ કામાની ત્રિપુટી વિખૂટી પડે છે. કેમકે પેરીસમાં જીવનકાર્ય સલામત નહોતું. ગમે ત્યારે પકડાઈ જવાની ભીતિ હતી. ફ્રેન્ચ સરકારે અત્યાર સુધી તો જાળવ્યા. પણ હવે એવા જોખમ માટે તે તૈયાર હોય તેવું નહોતું લાગતું.

**આ પરિસ્થિતિ ભાળી જઇને એપ્રિલ ૧૯૧૪માં શ્યામજીએ સ્વિટ્ઝરલેન્ડ જવાનું વિચારી લીધું છે એવી અફવા શરૂ થઈ ગઈ.** મહિના પછી શ્યામજી જીનિવા ગયા, મકાન લીધું, પાછા ફર્યા અને જુલાઈમાં પેરીસને અલવિદા કહી. જૂનમાં તેમણે 'ઇંન્ડિયન સોશિયોલોજિસ્ટ'માં તેમના ત્રીજા સ્થળાંતર વિશે લખ્યું : 'અમારા અંદર-બહારના મુકાબલા માટે અમે ફ્રાંસ છોડી રહ્યા છીએ.'

'શ્યામજી કૃષ્ણવર્મા ધ અનનૉન પેટ્રીઅટ' પુસ્તક પ્રમાણે એપ્રિલ ૧૯૧૪માં જર્મન ઘુષણખોરી સામે ફ્રાંસ અને ઇંગ્લેન્ડનો સાથ મજબૂત બનાવવા માટે આવેલા બ્રિટનના રાજા જ્યોર્જ પંચમની મુલાકાતને પગલે શ્યામજીને પોતાની ધરપકડ થવાની આશંકા થઈ હતી. **જે કારણે તેમણે સાત વર્ષના વસવાટ બાદ ફ્રાંસ છોડવાનો નિર્ણય લીધો.**

આમ, યુદ્ધ પૂર્વે જ શ્યામજીએ ફ્રાંસ છોડ્યું. સ્વિટઝરલેન્ડ પહોંચતાવેંત તેમણે 'ઇંન્ડિયન સોશિયોલોજિસ્ટ'નું પ્રકાશન મુલતવી રાખવાનો નિર્ણય લીધો. સ્વિટઝરલેન્ડની સરકાર જે મુક્ત જિંદગીની સગવડોમાં બાધારૂપ નથી તે પોતાના કારણે તકલીફમાં ન મૂકાય તે માટે આ નિર્ણય લેવો પડ્યો છે એમ તેમણે પોતાના નિવેદનમાં જણાવ્યું.

'શ્યામજી કૃષ્ણવર્મા ધ અનનૉન પેટ્રીઅટ' પુસ્તકમાં ઉલ્લેખ કરાયો છે તે અનુસાર, શ્યામજી કૃષ્ણવર્માએ જીનિવાના પોતાના નિવાસ દરમિયાન પણ ભારતમાં શું બની રહ્યું છે તેની માહિતી મેળવવાનું ચાલુ રાખ્યું હતું. પરંતુ સ્વિટઝરલેન્ડ સરકારની યુદ્ધકાળમાં તટસ્થ રહેવાની નીતિને કારણે સમગ્ર યુદ્ધકાળ દરમિયાન શ્યામજી કૃષ્ણવર્માએ પોતાને આશરો આપનાર દેશને આપેલ વચન અનુસાર ભારતની ક્રાંતિકારી ચળવળથી દૂર રહેવાનું નક્કી કર્યું. **યુદ્ધ બાદ ભારતમાં ગાંધીજીની આગેવાની હેઠળ અસહકારની ચળવળ શરૂ થઇ અને શ્યામજી કૃષ્ણવર્માએ તેને ટેકો જાહેર કર્યો.**

તેમણે ટીળક મેમોરીયલ લેક્ચરરશિપ માટે રૂા. દસ હજારનું દાન પણ કર્યું અને પ્રથમ ત્રણ વર્ષ માટે ગાંધીજીને તેના ટ્રસ્ટી નીમ્યા. યુદ્ધની સમાપ્તિ બાદ લીગ ઑફ નેશન્સમાં ભારતના સમાવેશને શ્યામજીએ દગો અને કલ્પના ગણાવ્યા.

ભારત તરફથી લીગ ઑફ નેશન્સમાં મોકલાયેલા પ્રતિનિધિઓ કચ્છના મહારાવ અને શ્રીનિવાસ શાસ્ત્રીની પણ તેમણે ઘોર ટીકા કરી. **જોકે, વર્ષ ૧૯૨૦માં બાળગંગાધર ટીળક અને પછી વર્ષ ૧૯૨૨માં એચ. એમ. હિન્ડમેનના અવસાન બાદ શ્યામજી કૃષ્ણવર્માએ સક્રિય રાજકારણમાંથી સંન્યાસ લીધો.**

**સપ્ટેમ્બર ૧૯૨૨માં 'ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ'નો છેલ્લો અંક છપાયો.** જેમાં તેમણે એચ.એમ. હિન્ડમેન સાથે પોતાનો પત્રવ્યવહાર પ્રસિદ્ધ કર્યો હતો **અને આ સાથે જ વિદેશમાં ભારતીય સ્વતંત્રતાના આ મુખપત્રના પ્રકાશન પર પૂર્ણવિરામ મૂકાયો.**

ત્યારબાદ વર્ષ ૧૯૨૩માં બર્લીન ખાતેથી ભારતની

સ્વતંત્રતા માટે ઝઝુમનાર ચંપક રમણ પિલ્લૈના પ્રયત્નોને તેમણે બિરદાવ્યા.

૧૯૩૦ની શરૂઆતમાં શ્યામજીની તબિયત બગડવાનું શરૂ થયું. તેમનું એક ઑપરેશન કરવામાં આવ્યું. જે બાદ ટૂંકા ગાળાની રાહત મળી. થોડા સમય બાદ જ તેમને ક્લિનિક લા કોલીન ખાતે દાખલ કરાયા. પરંતુ તેમને બચાવી ન શકાયા. **૩૦ માર્ચ, ૧૯૩૦ના રોજ તેમણે આખરી શ્વાસ લીધો.**

આમ, ભારતીય સ્વતંત્રતાના પાયામાં જેમના પ્રયત્નો રહેલા છે તેવો શ્યામજી કૃષ્ણવર્મા નામનો 'ધ્રુવ' તારો આથમી ગયો.

**૨૨ ઓગસ્ટ, ૧૯૩૩ના રોજ તેમના પત્ની ભાનુમતી શ્યામજી કૃષ્ણવર્મા પણ જીનિવા ખાતે અવસાન પામ્યા.**

'શ્યામજી કૃષ્ણવર્મા ધ અનનૉન પેટ્રીઅટ' પુસ્તકની એક નોંધ અનુસાર 'શ્યામજીએ ક્યારેય માત્ર પોતાના દેશ માટે સ્વતંત્રતાની પ્રાપ્તિના હેતુસર પ્રયત્નો કર્યા તેવું ન કહી શકાય. બ્રિટીશોના તાબામાં રહેલા અન્ય રાષ્ટ્રોના નેતાઓ સાથેના પત્રાચાર પરથી **એ સાબિત થાય છે કે તેઓ સમગ્ર દુનિયામાંથી બ્રિટીશ સામ્રાજ્યવાદને ખતમ કરી નાખવાના પ્રખર હિમાયતી હતી.'**

'શ્યામજી કૃષ્ણવર્મા' પુસ્તકમાં થયેલ ઉલ્લેખ અનુસાર, શ્યામજીના મૃત્યુના સમાચાર દબાવવા માટે બ્રિટીશરો દ્વારા ઘણા પ્રયત્નો કરાયા. છતાં તેમના મૃત્યુના સમાચાર સ્વદેશ પહોંચતા લાહોર જેલમા બંધ ભગતસિંહ અને તેમના સાથી ક્રાંતિકારીઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.

લોકમાન્ય ટીળક દ્વારા શરૂ કરાયેલ 'મરાઠા' અખબારમાં પણ શ્યામજી કૃષ્ણવર્માને શ્રદ્ધાંજલિ પ્રસિદ્ધ કરાઈ હતી.

તેઓ પોતાના દેશને સ્વતંત્રતા મળે એ ઘડી જોવા માટે જીવિત તો ન રહ્યા પરંતુ તેમને વિશ્વાસ હતો કે આ ભગીરથ કાર્ય ક્યારેક તો શક્ય બનશે જ. **તેથી તેમણે તેમની અને તેમના પત્નીની અસ્થિઓ ભારત સ્વતંત્ર થાય તે દિવસ સુધી સાચવી રાખવા માટે તેમણે જીનિવાની સ્થાનિક સરકાર સાથે પહેલેથી જ ગોઠવણ કરી રાખી હતી.**

જીનિવાની સેઈન્ટ જ્યોર્જ સિમેન્ટ્રીમાં તેમની અને તેમનાં પત્નીની અસ્થિઓ ૧૦૦ વર્ષ સુધી જાળવી રાખવાનો પ્રબંધ તેમણે કર્યો હતો.

**શ્યામજીના મૃત્યુના ૭૩ વર્ષ બાદ ઓગસ્ટ ૨૦૦૩માં તે સમયે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ એક ટોપ લેવલ ડેલીગેશન દ્વારા તેમના અને તેમના પત્ની ભાનુમતીના અસ્થિ સ્વદેશ લાવવામાં આવ્યા હતા. ૨૪ ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ મુંબઈ મુકામે અસ્થિ કળશ પહોંચ્યા બાદ તેમના વતન માંડવી ખાતે લઈ જવામાં આવ્યા હતા.**

વર્ષ ૨૦૦૩માં સાંસદ કિરીટ સોમૈયા દ્વારા લોકસભામાં શ્યામજીના અસ્થિ ભારત લાવવા માટે અરજી કરાતાં આ કાર્યક્રમ શક્ય બન્યું હોવાનું ધ સ્ક્રોલ ડોટ ઇનના અહેવાલમાં નોંધાયું છે.

**કચ્છમાં માંડવી નજીક માંડવી - ધ્રબુડી રોડ પર ક્રાંતિતીર્થ નામે સ્મારક બનાવવામાં આવ્યું છે. જ્યાં 'ઇન્ડિયા હાઉસ'ની નકલ પણ ઊભી કરાઈ છે.**

આગળ નોંધ્યું એમ વર્ષ ૧૯૦૯માં તેમની વકીલાતની સનદ રદ કરવામાં આવી હતી. તે વડા પ્રધાન મોદીની ઇંગ્લેન્ડ યાત્રા વખતે નવેમ્બર ૨૦૧૫માં ફરી શરૂ કરવામાં આવી.

*સંદર્ભ : ગુજ વીકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો, શ્યામજી કૃષ્ણવર્મા : એ ગુજરાતી જેમણે સાવરકરને 'ક્રાંતિકારી' બનાવ્યા અર્જુન પરમાર બીબીસી ગુજરાતી ૪ ઓક્ટોબર ૨૦૨૦ અપડેટેડ ૪ ઓક્ટોબર, ૨૦૨૨*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫, વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ખાવડા મેસુક ઘરની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

Mr. Prafulchandra Tank
M. : +91 98250 53258
Mr. Kishan P. Tank
M. : +91 99258 11599
KARMA
CHEMICAL INDUSTRIES
Manufacturer of : BASIC DYES
RHODAMINE B 540%
Basic Violet 10 & Other Qualities
BASIC RHODAMINE B BASE
BASIC DYES FOR
Paper, Textile Printing & Leather
• FACTORY •
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110
• RESIDENCE •
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

# હિંદુ જાગરણના મશાલચી અને મહાન દેશભક્ત ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*તા. ૨૩-૬-૨૦૨૩ : ૭૦મી પુણ્યતિથિએ એક સ્મરણ...*

*જન્મ : ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૦૧ ● નિધન : ૨૩મી જૂન, ૧૯૫૩*

જીવનમાં 'રાષ્ટ્ર સૌથી પ્રથમ'નો મુદ્રાલેખ તથા 'એક શુદ્ધ અને પૌરુષભર્યા જીવન'નો આદર્શ ચરિતાર્થ કરનાર ડૉ. શ્યામાપ્રસાદ આશુતોષ મુખરજી જમ્મુ-કાશ્મીરને શેષ ભારત સાથે પૂર્ણતઃ ભેળવી દેવાના સમર્થક હતા. જો તત્સમયે યોગ્ય નિર્ણય લેવાયો હોત તો આઝાદી બાદ 'કાશ્મીર સમસ્યા' સર્જાત નહીં. **કાશ્મીર પ્રશ્ને શહીદી વહોરનાર ડો. મુખરજી એક રાષ્ટ્રપ્રેમી ચિંતક, બહુશ્રુત વિદ્વાન, પ્રખર વક્તા અને અજોડ રાજનીતિજ્ઞ પણ હતા.**

ડૉ. શ્યામાપ્રસાદ ભારતની સંસદીય તવારીખમાં જે શ્રેષ્ઠ કક્ષાના સંસદસભ્યો જોવા મળ્યા છે તેમાંના એક હતા. પ્રભાવક વ્યક્તિત્વના કારણે તેઓ જ્યાં જતા, ત્યાંના લોકોનાં દિલ જીતી લેતા અને વિરોધીઓની પણ પ્રશંસા મેળવેલી. ડૉ. મુખરજીની ૨૩મી જૂન (શુક્રવારે) પડતી ૭૦મી પુણ્યતિથિ પ્રસંગે એમનું આછેરું જીવનદર્શન પ્રેરક બની રહેશે. હિંદુ મહાજાતિના એક જાગૃત પ્રતિનિધિ તરીકે એમનું પ્રદાન ખૂબ જ યશસ્વી રહ્યું છે.



ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી

● **'બેંગાલ ટાઈગર'ના સંતાન**

ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીનો જન્મ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૦૧ના રોજ કલકત્તા ખાતે થયો હતો. એમનામાં વિદ્વતા, દેશપ્રેમ અને નિર્ભિકતાના સમૃદ્ધ ગુણોની પરંપરા સર્વતોમુખી પ્રતિભા ધરાવતા એમના મહાન પિતા સર આશુતોષ ગંગાપ્રસાદ મુખરજી (૧૮૬૪-૧૯૨૪) તરફથી વારસામાં ઉતરી હતી. બંગાળના ઘડવૈયાઓ પૈકીના એક અને 'બંગાળ ટાઈગર' તરીકે જેમની ગણના થાય છે એવા એમના પિતા કલકત્તા હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને કલકત્તા યુનિવર્સિટીના ઉપકુલપતિ રહ્યા હતા.

શરૂથી જ શ્યામાપ્રસાદ એક મેધાવી વિદ્યાર્થી હતા. પ્રેસિડેન્સી કોલેજમાંથી અનુસ્નાતક (૧૯૨૩) થઈ કલકત્તા યુનિવર્સિટીના ફેલો (૧૯૨૪) ચૂંટાયા હતા. ૧૯૨૭માં ઈંગ્લેન્ડમાંથી બેરીસ્ટર બન્યા હોવા છતાં એમણે ક્યારેય વકીલાત કરી નહોતી. ૧૯૩૪માં એમનાં પત્ની સુધાદેવીનું નિધન થતાં શ્યામબાબુ યુવાન વયે વિધુર બન્યા. પરંતુ પુનર્લગ્ન ન કરતાં મૃત્યુ પર્યંત લોકસેવામાં જ રત રહ્યા.

૧૯૩૪માં તેઓ માત્ર ૩૩ વર્ષની ઉંમરે કલકત્તા યુનિવર્સિટીના સૌથી નાની વયના ઉપકુલપતિ બન્યા. ચાર વર્ષ આ પદ પર રહીને પોતાની રચનાત્મક કાર્યશક્તિ અને વહીવટી કુશળતાની ઝાંખી કરાવી. ૧૯૩૮માં એમને કલકત્તા તથા બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયો દ્વારા અનુક્રમે ડી.લિટ. અને એલ.એલ.ડી.ની પદવીઓથી સન્માનિત કરાયા હતા.

● **રાજનીતિમાં સક્રિય ભૂમિકા**

૧૯૨૯માં બંગાળ વિધાન પરિષદમાં ચૂંટાઈ આવીને એમણે પોતાની રાજકીય કારકિર્દી આરંભેલી. તે અરસામાં સંયુક્ત બંગાળમાં હિંદુઓને ખૂબ સહન કરવું પડતું હતું. આ અવગણના સામે હિંદુઓને ન્યાય અપાવવા ૧૯૩૯માં તેઓ 'હિંદુ મહાસભા'માં જોડાયા અને બીજે વર્ષે તેના કાર્યકારી અધ્યક્ષ પણ બન્યા. ડૉ. હેડગેવાર (૧૮૮૯-૧૯૪૦) અને ગુરુજી (૧૯૦૬-૧૯૭૩)ના આગ્રહથી સંઘશિક્ષા વર્ગ (નાગપુર, ૧૯૪૦)માં ભાષણ આપ્યું ત્યારથી સતત સંઘના સંપર્કમાં અને સાથે હિંદુ

*વિઝન એટલે બીજા માટે જે અદ્રશ્ય છે તે બાબતો જોવાની કળા.*

મહાસભાઓ સાથે પણ સંકળાયેલા રહ્યા હતા.

૧૯૪૧માં તેઓ બંગાળની ફઝલુલ હક (૧૮૭૩-૧૯૬૨)ની સરકારમાં નાણાં પ્રધાન થયા. ટૂંકા ગાળામાં પણ એમણે બ્રિટીશરોને હિંદુ-મુસ્લિમ એકતાની પ્રતીતિ કરાવી. દરમિયાન દેશભરમાં 'ભારત છોડો' આંદોલન છેડાયું. ત્યારે બંગાળના મિદનાપોરમાં થયેલ પોલીસ ગોળીબારના વિરોધમાં ડૉ. મુખરજીએ ૧૯૪૨માં પ્રધાનપદેથી રાજીનામું આપી દીધું.

૧૯૪૩માં બંગાળમાં ભીષણ દુકાળ વખતે શ્યામબાબુજીનું માનવીય રૂપ સામે આવ્યું અને મોટા પાયે એમણે રાહતકામોનું આયોજન કર્યું. આ દુકાળની પાર્શ્વભૂ પર આધારિત નવલકથા 'બાંગલા' પણ લખી હતી. ૧૯૪૬માં બંધારણસભામાં પણ ચૂંટાઈ આવેલા ડૉ. મુખરજી ભારત વિભાજનના વિરોધી હતા. પરંતુ જ્યારે ભાગલા અનિવાર્ય બન્યા તો બંગાળ અને પંજાબના ભૂભાગો ભારતમાં રાખવાની એમણે મુખ્ય ભૂમિકા નિભાવી હતી.

- **હિંદુ સ્વાભિમાનના અગ્રદૂત**

આઝાદી બાદ મહાત્મા ગાંધી (૧૮૬૯-૧૯૪૮)ના આમંત્રણ પર શ્યામાપ્રસાદ ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના પંડિત નહેરુ (૧૮૮૯-૧૯૬૪)ના વડપણ હેઠળ રચાયેલી ભારતની પ્રથમ રાષ્ટ્રીય સરકારમાં ઉદ્યોગપ્રધાન તરીકે જોડાયા. એવામાં પૂર્વ બંગાળના નોઆખલીમાં હિંદુ-મુસ્લિમ રમખાણો ફાટી નીકળ્યા. હિંદુઓ પર આચરાયેલા અત્યાચારો સંબંધે પરિસ્થિતિનું અવલોકન કરવા તેઓ ત્યાં પહોંચી ગયા.

આઝાદી પછી હિંદુ મહાસભા રાજકારણમાં સક્રિય રહે તેની એમણે તરફેણ કરી નહોતી. પરંતુ એમના આ વિચાર સ્વીકૃત ન બનતાં અને ગાંધીજીની હત્યાને પગલે તેઓ હિંદુ મહાસભામાંથી છૂટા થઈ વચ્ચે થોડો સમય કોંગ્રેસમાં રહ્યા.

નોઆખલી હુલ્લડોને પગલે ૧૯૫૦માં નહેરુ-લિયાકત સમજૂતી તો થઈ, પરંતુ તે પછી પણ ત્યાં હિંદુઓ પર વધતા જતા જુલમને કારણે નહેરુ-મુખરજી વચ્ચે અંતર વધતું ગયું. અંતે સરકારની નીતિ સાથે અસંમત થઈ ૮મી એપ્રિલ, ૧૯૫૦ના રોજ રાજીનામું આપી દીધું.

- **'ભારતીય જનસંઘ'ની સ્થાપના**

**ભારતમાં હિંદુ બહુમતીની સુરક્ષાના હેતુ માટે ડો. મુખરજીએ ૨૧મી ઓક્ટોબર, ૧૯૫૧ના દિલ્હીમાં 'ભારતીય જનસંઘ' નામે એક નૂતન રાજકીય પક્ષની રચના કરી અને તેની આગેવાની લઈ સંસ્થાપક પ્રમુખ બન્યા.** તેની સ્થાપનાના બીજા જ વર્ષે આવેલી પ્રથમ લોકસભા ચૂંટણી (૧૯૫૨)માં ડૉ. મુખરજી સહિત તેના ત્રણ સભ્યો લોકસભામાં ચૂંટાઈ આવ્યા હતા. તેઓએ પોતાનું શેષ જીવન આ પક્ષના નિર્માણમાં જ લગાવી દીધું હતું.

**અત્યારે જે 'ભારતીય જનતા પક્ષ' છે તે ભારતીય જનસંઘનું જ બદલેલું સ્વરૂપ છે.** શ્યામાપ્રસાદજીની વિદાય પછી તેના નેતાપદે જે મહાનુભાવો આવી ગયા તેમાં બલરાજ મધોક (૧૯૨૦-૨૦૧૬), દીનદયાલ ઉપાધ્યાય (૧૯૧૬-૧૯૬૮), અટલબિહારી વાજપેયી (૧૯૨૪-૨૦૧૮) વગેરેનો સમાવેશ થતો હતો.

પૂર્વ પાકિસ્તાન પછી કાશ્મીરમાં પણ હિંદુઓ પર અત્યાચાર થતાં આ રાષ્ટ્રભક્તનું લોહી ઉકળી ઉઠ્યું. નહેરુ-અબ્દુલ્લા કરાર (૧૯૫૨)ના તેઓ સખત વિરોધી હતા. 'એક દેશમેં દો વિધાન – દો નિશાન નહીં ચલેંગે'ના નારા સાથે પાંચ વિરોધપક્ષો દ્વારા નવેમ્બર, ૧૯૫૨થી સત્યાગ્રહ શરૂ થયો. કાશ્મીરમાં ભેદભાવભરી નીતિના પ્રશ્ને શ્યામાપ્રસાદે નોઆખલીની જેમ ત્યાં પણ જાતે જવાનો નિર્ણય કર્યો.

- **કાશ્મીર પ્રશ્ને શહાદત**

પરંતુ શ્રીનગર પહોંચતા જ ૧૧મી મે, ૧૯૫૩ના રોજ એમની ધરપકડ કરી લેવામાં આવી. અનેક શંકાકુશંકાઓ વચ્ચે જેલવાસમાં જ ૨૩મી જૂન, ૧૯૫૩ના રોજ એમનું મૃત્યુ નિપજ્યું હતું. કલકત્તામાં એમની અંત્યેષ્ટીના અવસર પર લાગણીઓના ઉભરાનું જે દૃશ્ય સર્જાયું તે આ મહાનગર માટે પણ અભૂતપૂર્વ હતું.

કારાવાર દરમિયાન કાશ્મીરના મુખ્યપ્રધાન શેખ અબ્દુલ્લા (૧૯૦૫-૧૯૮૨) પર લખેલા પત્રો પરથી ફલિત થાય છે કે એક વિશુદ્ધ રાષ્ટ્રવાદી તરીકે તેઓ કાશ્મીર પ્રશ્નનો ઉકેલ લાવવા માંગતા હતા. હિંદુત્વવાદી નેતાઓમાં માત્ર શ્યામાપ્રસાદ જ એક એવા હતા, જે માનતા કે સામે પક્ષે પણ સત્ય સંભવી શકે છે.

દેશ માટે આપેલી પ્રાણની આહૂતિ એમની જ્વલંત દેશદાઝ અને કર્તવ્યશીલતાની પ્રતીતિ કરાવે છે. વિભાજનની મુશ્કેલ પરિસ્થિતિમાં તેઓ બંગાળના બુદ્ધિજીવી વર્ગને દોરી શક્યા હતા. આજે પણ એમનો વારસો સદૈવ નૂતન બની રહે છે અને આવનારા સમયમાં રાષ્ટ્રની રાજનૈતિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક ગતિવિધિઓમાં આપણું માર્ગદર્શન કરશે.

- **ટપાલ ટિકિટો પર પિતા-પુત્ર**

પિતા-પુત્ર બંને ટપાલ ટિકિટો પર સ્થાન પામ્યા હોય એવી

જૂજ જોડીઓમાં મુખરજી પરિવાર પણ છે. પિતા સર આશુતોષ મુખરજીની જન્મ શતાબ્દિ પર ૨૯મી જૂન, ૧૯૬૪ના પંદર પૈસા મૂલ્યની, આડા આકારની અને સોનેરી લીલા - ઘાટા કથ્થાઈ રંગમાં મુદ્રિત ટિકિટ બહાર પડાઈ હતી. જેના પર જમણે એમની તસવીર અને ડાબે પોતે જેમના ઉપકુલપતિ રહ્યા હતા તે કલકત્તા યુનિવર્સિટીનું ચિત્ર દર્શિત છે.

તો એમના મહાન સપૂત ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના માનાર્થે પણ એમની ૭૭મી જન્મજયંતી પ્રસંગે ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૭૮ના રોજ ૨૫ પૈસા મૂલ્યની અને ઊભા આકારની ખાસ સ્મારક ટિકિટ પ્રસિદ્ધ કરવામાં આવેલી. જેના પર આછા મહેંદી રંગમાં આ રાષ્ટ્રવાદી નેતાનું હસ્તાક્ષર લઢણમાં નામ દર્શાવતું છબીચિત્ર અંકિત છે.

ત્યારબાદ એમના જન્મ શતાબ્દી પ્રસંગે પણ ખાસ બીજી ટિકિટ બહાર પાડવામાં આવી.તે વખતે 'વિભૂતિ શ્રેણી : રાષ્ટ્રવાદની ભાવના' (પર્સનાલિટી સિરીઝ : ધ સ્પીરીટ ઓફ નેશનલિઝમ) તળે ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૦૧ના એકસરખા ભૂખરા-કાળા રંગમાં મુદ્રિત, ઊભા આકારની અને ચાર રૂપિયા સમમૂલ્યની જે ચાર મહાપુરુષોની ટપાલ ટિકિટો બહાર પડી તેમાં એક પર ડૉ. મુખરજીને સ્થાન મળ્યું છે.

તે પછી 'ભારતના નિર્માતાઓ' (મેકર્સ ઑફ ઇન્ડિયા) વિષયે ૧૧મી રોજવપરાશ ટિકિટશ્રેણી (ડિફિનિટીવ સિરીઝ) હેઠળ આઠ ટિકિટોનો પ્રથમ સંપુટ ૧૦મી ઓક્ટોબર, ૨૦૧૫ના બહાર પડ્યો હતો. નાના કદ અને ઊભા આકારની આ ટિકિટો પૈકી જાંબલી (વાયોલેટ) રંગમાં મુદ્રિત અને પાંચ રૂપિયા મૂલ્ય ધરાવતી એક ટિકિટ પર શ્યામાપ્રસાદ મુખરજીને પણ સ્થાન મળ્યું છે. આમ, શ્યામાપ્રસાદજીની ત્રણ ટિકિટો બહાર પડી છે.

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯ ● મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## ભલાઈનું ફળ

આખા વિશ્વને ભરડો લઈ ગયેલો કોરોના તો હવે લગભગ 'કોમા'માં આવી ગયો છે પણ સતત વરસતા વરસાદને કારણે બીજી બીમારીઓના ભોગ લોકો બન્યા કરે છે.

આજ સવારથી મારું દવાખાનું દર્દીઓથી ઉભરાતું હતું. સવારના આઠ વાગ્યાનો દર્દીઓને તપાસતો હતો. દોઢ વાગ્યો તોય દર્દીઓ આવતા જ હતા. ઘરેથી બે વાર જમી જવાનો ફોન આવી ગયો એટલે હું ઉઠ્યો. કમ્પાઉન્ડરને કહ્યું, ભાઈ! હવે હું જમતો આવું. દર્દીઓને બેસાડજો. ત્રણ વાગે પાછો આવી જઈશ. એમ કહીને હું બહાર નીકળ્યો ને જ્યાં બાઈક ઉપર બેસવા જતો હતો ત્યાં એક યુવાન મારી પાસે આવ્યો. સાદા પેન્ટ શર્ટ, સાદી દાઢી, પાંખા વાળ – કોઈ ગામડેથી આવ્યો હોય એવું લાગ્યું.

સાહેબ, જરા ઊભા રહો, મારે તમારું કામ છે. મેં કહ્યું, ભાઈ તારે કંઈ કામ હોય તો દવાખાનામાં બેસ, હું જમવા જાઉં છું, ત્રણ વાગે આવીશ. સાહેબ, મારે બીજું કંઈ કામ નથી મને મારા બાપુજીએ તમને પૈસા દેવા મોકલ્યો છે.

પૈસા દેવા? કેવા પૈસા?

સાહેબ, આઠ-નવ મહિના પહેલા મારા બાપુજી તમારી પાસેથી દવા લઈ ગયેલા પણ દવાનું બીલ વધારે થઈ જવાથી પૈસા ઘટતા હતા. તમે દયાભાવ રાખીને બીલ બાકી રાખ્યું. કંપનીમાં પંદર દિવસની હડતાળ હતી. એના પૈસા કંપનીએ કાપી લીધેલા. સમાધાન થઈ જવાથી કંપનીએ એ પૈસા પાછા આપ્યા. એટલે મારા બાપુજીએ તમારૂં બીલ દેવા મોકલ્યો છે.

હું તો આ યુવાન સામું જોઈ રહ્યો. માણસો પૈસા લઇને પાછા આપતા નથી, જ્યારે આ ગરીબ લોકો કેવા નીતિવાળા છે? હકીકતમાં હું આ બાબત સાવ ભૂલી ગયેલો. ઘણીવાર પૈસા જતા પણ કરી દઉં. એટલે સહેજે યાદ ન રહે. મેં કહ્યું, ભાઈ, મને તમારા પૈસા બાકી રાખ્યાનું યાદ નથી અને તમારી પરિસ્થિતિ સારી ન હોય તો પૈસા રાખ, કામ આવશે.

એમ ન ચાલે સાહેબ. યુવાને કહ્યું. મારા બાપુજીએ તમને પૈસા દેવા જ મોકલ્યો છે. મારા બાપુજી કોઈનું લેણું રાખવામાં માનતા નથી. મને કહે, કોઈનું લેણું રાખીએ તો જેનું લેણું હોય એના ઘરે જન્મ લઇને દેવું ચૂકવવું પડે. એમ કહીને યુવાને મારી સામે રૂા. ૧૦૦૦/- ધર્યા. ગરીબાઈમાં પણ નીતિમત્તા અને તત્ત્વજ્ઞાનભરી વાત સાંભળી મને થયું યુવાન પૈસા આપ્યા સિવાય જવાનો નથી. એટલે મેં પૈસા લઇ લીધા અને 'આવજો સાહેબ, અને ક્યારેક જરૂર પડે તો દયા રાખજો' એમ કહીને યુવાન ચાલ્યો ગયો. મને વિચાર કરતો મૂકી ગયો. મને થયું જે રકમ હું ભૂલી ગયો છું એમાં મારો પણ હક્ક થાય નહીં. એટલે મેં કમ્પાઉન્ડરને કહ્યું, ભાઈ, આ પૈસા તારી પાસે રાખ. તને એમ લાગે કે કોઈ દર્દીની પરિસ્થિતિ સારી નથી, એને આ રકમ આપી દેજે. પૈસા તો આખરે કોઈની સારવારમાં કામ આવશે ને? એમ કહીને હું જમવા માટે રવાના થઈ ગયો.

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ*

*મોટી સિદ્ધિઓ હંમેશાં મોટા સ્વપ્ના સેવવાથી શરૂ થાય છે.*

# 'મિસાઇલ મેન' તરીકે જાણીતા ડૉ. કલામના જીવન વિશેની કેટલીક ખાસ વાતો



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામનું અવસાન ૨૭ જુલાઈ, ૨૦૧૫ના રોજ શિલોંગમાં થયું હતું.

દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને 'મિસાઇલ મેન' તરીકે જાણીતા ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ભારતના સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન'થી સન્માનિત છે.

દેશ હંમેશાં તેમનો ઋણી રહેશે. **ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ એક મહાન વિચારક, લેખક અને વૈજ્ઞાનિક પણ હતા.** દરેક ક્ષેત્રમાં તેમનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. તેમની પુણ્યતિથિ પર જાણો તેમના વિશેની કેટલીક ખાસ બાબતો વિશે...

અબ્દુલ કલામનો જન્મ તામિલનાડુના રામેશ્વરમમાં ૧૫ ઓક્ટોબર, ૧૯૩૧ના રોજ થયો હતો. તેમના પિતા જૈનુલાબ્દીન એક નાવના માલીક અને સ્થાનિક મસ્જિદના ઇમામ હતા. તેમના માતા આશિઅમ્મા ગૃહિણી હતા. તેમના પિતા તેમની નાવમાં હિંદુ તીર્થયાત્રીઓને રામેશ્વરમ લાવવા-લઇ જવાનું કામ કરતા હતા.

બાળપણથી જ ડૉ. અબ્દુલ કલામ કંઈક બનવાના સપના જોતા હતા. જો કે તે સમયે તેમની પરિસ્થિતિ એટલી બધી સારી ન હતી. તેઓ શાળામાંથી છૂટ્યા બાદ પોતાના મોટાભાઈ મુસ્તુફા કલામની દુકાન પર પણ બેસતા હતા, જે રામેશ્વરમ રેલવે સ્ટેશન પર હતી.

તેમના ભાઈ શમસુદ્દીનને એક એવા વ્યક્તિની જરૂર હતી જે ન્યુઝ પેપરને લોકોના ઘરે ઘરે પહોંચાડવામાં તેમની કોઈ મદદ કરી શકે, ત્યારે કલામે આ જવાબદારી નિભાવી હતી. જ્યારે તેમણે પોતાના પિતાને રામેશ્વરમથી બહાર જઇને અભ્યાસ કરવા માટેની વાત કહી તો તેમણે કહ્યું કે અમારો પ્રેમ તારા માટે બંધન નથી અને ન અમારી જરૂરિયાતો તને રોકશે.

ત્યારબાદ કલામે વર્ષ ૧૯૫૦માં ઇન્ટર મીડિયેટના અભ્યાસ માટે ત્રિચીના સેન્ટ જોસેફ કોલેજમાં એડમિશન લીધું. ત્યારબાદ તેમણે ભૌતિક વિજ્ઞાનમાં સ્નાતક કર્યું. ત્યારબાદ તેમણે મદ્રાસ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયરીંગમાં એડમિશન લીધું હતું.

ડૉ. કલામના વિશ્વાસ અને મહેનતના આધારે તેમને એડમિશન મળી ગયું. અભ્યાસ શરૂ કર્યો પરંતુ કોલેજમાં જેમ જેમ સમય પસાર થયો તેમ તેમ વિમાનોમાં તેમની રૂચિ વધવા લાગી. જ્યારે તેમણે એન્જિનિયરીંગનો અભ્યાસ કરી લીધો ત્યારે તેમની સામે બે રસ્તા હતા : પ્રથમ ઍરફોર્સમાં પાઇલોટ બનવાનો અને બીજો રક્ષા મંત્રાલયમાં વૈજ્ઞાનિક બનવાનો. કલામે પોતાના સપનાને મહત્ત્વ આપ્યું અને ઍરફોર્સમાં પાઇલટ બનવા માટેનું ઇન્ટરવ્યૂ આપવા માટે દક્ષિણ ભારતથી ઉત્તર ભારત માટે રવાના થયા.

ઇન્ટરવ્યૂમાં ડૉ. અબ્દુલ કલામે દરેક પ્રશ્નના ઉત્તર આપ્યા પરંતુ ઇન્ટરવ્યૂના પરિણામથી જાણવા મળ્યું કે જીવન હજુ વધુ અઘરી પરીક્ષા લેશે. આઠ લોકોની પસંદગી કરવામાં આવી હતી જેમાં ડૉ. કલામનો નવમો નંબર હતો. ત્યારબાદ તેઓ દિલ્હી આવીને એક જગ્યાએ વૈજ્ઞાનિક તરીકે કામ કરવા લાગ્યા. જ્યાં તેમનો માસિક પગાર બસો પચાસ રૂપિયા જ હતો. ત્રણ વર્ષ પછી એરોનોટીકલ ડેવલોપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટનું કેન્દ્ર બેંગલુરુમાં બન્યું અને તેમને આ સેન્ટર ઉપર મોકલવામાં આવ્યા.

ત્યારબાદ તેમને સ્વદેશી હોવરક્રાફ્ટ બનાવવાની જવાબદારી સોંપવામાં આવી, જે ઘણી મુશ્કેલ માનવામાં આવતી હતી. પરંતુ ડૉ. કલામ તેમાં પણ સફળ રહયા અને તેમના સહયોગીઓએ હોવરક્રાફ્ટમાં પ્રથમ ઉડાન પણ ભરી. રક્ષા મંત્રી કૃષ્ણમેનને પણ તેમની ખૂબ જ પ્રશંસા કરી હતી અને કહ્યું કે તેઓ તેનાથી પણ વધુ શક્તિશાળી વિમાન તૈયાર કરે. પરંતુ કૃષ્ણમેનનને રક્ષા મંત્રાલયમાંથી હટાવી દેવાયા બાદ કલામ ફરીથી પોતાની કમાલ કરી શક્યા નહીં.

ત્યારબાદ ડૉ. અબ્દુલ કલામે ઇન્ડિયન કમિટી ફોર સ્પેસ રીસર્ચનું ઇન્ટરવ્યૂ આપ્યું. અહીં તેમનું ઇન્ટરવ્યૂ ડૉ. વિક્રમ સારાભાઈએ લીધું હતું અને તેઓ સિલેક્ટ પણ થયા અને તેમને રોકેટ એન્જિનિયરીંગના સ્થાને પસંદ કરવામાં આવ્યા. તેમને નાસા મોકલવામાં આવ્યા. નાસાથી પરત આવ્યા બાદ તેમને જવાબદારી સોંપવામાં આવી ભારત સરકાર દ્વારા આકાશમાં રોકેટ મોકલવાની. આ જવાબદારી પણ તેમણે નિભાવી હતી. રોકેટને તૈયાર કરી લીધા બાદ તેની ઉડાણનો સમય નક્કી કરી દેવામાં આવ્યો પરંતુ ઉડાણના થોડાક સમય પહેલા જ તેમાંની હાઈડ્રોલીક સિસ્ટમમાં લીકેજ થવા લાગ્યો. ફરીથી નિષ્ફળતા જોવા મળી રહી હતી. પરંતુ ડૉ. કલામે હાર ન માની. લીકેજને ઠીક કરવાનો સમય ન હોવાને કારણે કલામ અને તેમના સહયોગીઓએ રોકેટને પોતાના ખભે એવી રીતે ઊંચકીને સેટ કર્યું કે લીકેજ બંધ થઈ જાય. **ત્યારબાદ ભારતના સૌથી પહેલા ઉપગ્રહ નાઇક અપાચીએ ઉડાણ ભરી. રોહિણી રોકેટે પણ ઉડાણ ભરી અને સ્વદેશી રોકેટના દમ પર**

*સ્વપ્નામાં આપણી શક્તિને પ્રબળ કરવાની અને નિંદા તથા નકારાત્મક વિચારોથી રક્ષણ કરવાની તાકાત છે.*

**ભારતની ઓળખ સમગ્ર વિશ્વમાં છવાઈ ગઈ.**

વર્ષ ૨૦૦૨માં રાષ્ટ્રપતિ બન્યા બાદ ડૉ. કલામ પ્રથમવાર કેરળ ગયા હતા. તે સમયે કેરળ રાજભવનમાં રાષ્ટ્રપતિના મહેમાન તરીકે બે લોકોને આમંત્રણ મોકલવામાં આવ્યું હતું. પ્રથમ હતા બૂટ-ચંપલની મરમ્મત કરનાર અને બીજા હતા એક ઢાબાના માલીક. તિરૂવનંતપુરમમાં નિવાસ કરતી વખતે આ બંનેની તેમની સાથે મુલાકાત થઈ હતી.

ડૉ. કલામે ક્યારેય પણ પોતાના પરિવાર માટે કંઈ પણ બચાવીને રાખ્યું નહીં. રાષ્ટ્રપતિ પદ પર રહ્યા ત્યારે તેમણે પોતાની જમાપુંજી અને મળતો પગાર એક ટ્રસ્ટના નામે કરી દીધો હતો. તેમનું કહેવું હતું કે હું દેશનો રાષ્ટ્રપતિ બની ગયો છું એટલા માટે જ્યાં સુધી જીવિત રહીશ, સરકાર મારું ધ્યાન રાખશે જ. તો મારે પગાર અને જમાપુંજી બચાવીને રાખવાની શું જરૂર છે...

ડૉ. કલામ જ્યારે DRDOના ડાયરેક્ટર હતા ત્યારે એક દિવસ એક જુનિયર વૈજ્ઞાનિકે ડૉ. કલામ પાસે આવીને કહ્યું કે મેં મારા બાળકને વચન આપ્યું છે કે તેઓ તેમને પ્રદર્શન જોવા માટે લઈ જશે. એટલા માટે તેમને વહેલા રજા આપવામાં આવે. કલામ સરે ખુશીથી મંજૂરી આપી દીધી. પરંતુ તે જુનિયર વૈજ્ઞાનિક કામમાં એટલા ખોવાઈ ગયા હતા કે તે ઘરે વહેલા જવાની વાત જ ભૂલી ગયા. જ્યારે રાત્રે તેઓ ઘરે પહોંચ્યા તો જાણીને દંગ રહી ગયા કે ડૉ. કલામ સમય પર તેમના ઘરે પહોંચી ગયા અને બાળકોને પ્રદર્શન જોવા માટે લઈ પણ ગયા હતા.

વર્ષ ૨૦૧૩માં આઈ.આઈ.ટી. વારાણસીમાં દીક્ષાંત સમારોહમાં તેઓને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા જ્યાં તેમના માટે સ્પેશિયલ ખુરશીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે ત્યાંની સામાન્ય ખુરશીઓ કરતા ઘણી મોટી હતી. પરંતુ ડૉ. કલામે તે ખુરશી પર બેસવાનો ઇન્કાર કરી દીધો અને ત્યારે જ બેઠા જ્યારે આયોજકોએ તેમના માટે પણ બાકી ખુરશીઓની જેમ સામાન્ય ખુરશી મંગાવી.

વર્ષ ૧૯૮૨માં તેઓ DRDOના ડાયરેક્ટર બનીને આવ્યા ત્યારે DRDOની સુરક્ષા વધારવાની વાત ચાલી રહી હતી. તેની ચાર દીવાલ પર કાચના ટુકડા લગાવવાનો પ્રસ્તાવ પણ રજૂ થયો હતો. પરંતુ કલામે આ પ્રસ્તાવને મંજૂરી આપી ન હતી. તેમનું કહેવું હતું કે ચાર દીવાલ પર કાચના ટુકડા લગાવવાથી પક્ષીઓ બેસી શકશે નહીં અને તેમને ઇજા થવાની શક્યતાઓ પણ વધી જશે. તેમના આ સંવેદનશીલ વિચારોના કારણે DRDOની દીવાલ પર કાચના ટુકડા લગાવવામાં આવ્યા નહીં.

વર્ષ ૨૦૦૨માં ડૉ. કલામનું રાષ્ટ્રપતિ બનવું નક્કી થઈ ચૂક્યું હતું. આ દરમિયાન એક શાળાએ તેમને વિદ્યાર્થીઓનું સંબોધન કરવા માટે આમંત્રિત કર્યા. કોઈ પણ સુરક્ષા લીધા વગર ડૉ. કલામ તે કાર્યક્રમમાં સામેલ થયા. ૪૦૦ વિદ્યાર્થીઓની સામે ભાષણ આપવા જઈ રહ્યા હતા કે વીજળી ગૂલ થઈ ગઈ. આયોજક જ્યાં સુધી કોઈ અન્ય વ્યવસ્થા ઉભી કરે ત્યાં તો ડૉ. કલામ વિદ્યાર્થીઓની વચ્ચે પહોંચી ગયા અને માઇક વગર જ પોતાની વાતો શૅર કરવા લાગ્યા અને વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉત્તર પણ આપ્યા.

ડૉ. કલામ બીજાની મહેનત અને કુશળતાની ખૂબ જ પ્રશંસા કરતા અને પોતાના હાથથી બનાવેલ થેન્ક્યુ કાર્ડ મોકલતા. ડૉ. કલામ જ્યારે રાષ્ટ્રપતિ હતા ત્યારે નમન નારાયણ નામના એક કલાકારે તેમનો સ્કેચ બનાવ્યો હતો અને તેમને મોકલ્યો. ત્યારે ડૉ. કલામે જાતે બનાવેલું થેન્કયુ કાર્ડ અને મેસેજ મોકલ્યો. સ્કેચ દોરનાર કલાકાર પણ આશ્ચર્યમાં પડી ગયોકે દેશના રાષ્ટ્રપતિ આ મૈત્રીપૂર્ણ અંદાજમાં તેમની પ્રશંસા કરશે.

ડૉ. કલામની એક ખાસિયત એ પણ હતી કે તેઓ પોતાના ફેન્સને નારાજ નહોતા કરતા. ડૉ. કલામ જ્યારે આઈ.આઈ.એમ. - અમદાવાદના એક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ બનીને આવ્યા ત્યારે કાર્યક્રમ પહેલા વિદ્યાર્થીઓએ ડૉ. કલામ સાથે લંચ કર્યો અને વિદ્યાર્થીઓની વિનંતી પર તેમની સાથે તસવીર લેવા લાગ્યા. કાર્યક્રમની સમય મર્યાદાને ધ્યાનમાં રાખતા આયોજકોએ વિદ્યાર્થીઓને તસવીર લેવાનો ઇન્કાર કર્યો. ત્યારબાદ ડૉ. કલામે વિદ્યાર્થીઓને વચન આપ્યું કે કાર્યક્રમ ખતમ થાય ત્યારે હું ત્યાં સુધી જઈશ નહીં જ્યાં સુધી તમારા બધાની સાથે મારી તસવીર ન આવી જાય.

પોતાની મુલાકાત દરમિયાન ડૉ. અબ્દુલ કલામ મોટાભાગે પોતાના બાળપણનો એક કિસ્સો જણાવતા. ડૉ. કલામ કહેતા, જ્યારે તેઓ આઠ-નવ વર્ષના હતા ત્યારે એક સાંજે તેમના પિતા કામ કરીને ઘરે આવ્યા. બાદ ભોજન કરી રહ્યા હતા. થાળીમાં એક બળી ગયેલી રોટલી હતી. રાત્રે કલામે પોતાની માતાને બળેલી રોટલી માટે પિતા માસે માફી માંગતા સાંભળી. ત્યારે પિતાએ ખૂબ જ પ્રેમપૂર્વક જવાબ આપ્યો હતો કે મને બળી ગયેલી રોટલી પણ પસંદ છે. કલામે આ વિશે પિતાને પૂછ્યું તો તેમણે કહ્યું કે, બળેલી રોટલીઓ ક્યારેય કોઈને નુકસાન નથી પહોંચાડતી પરંતુ કડવા શબ્દો ચોક્કસ નુકસાન પહોંચાડે છે. એટલા માટે સંબંધમાં એકબીજાની ભૂલને પ્રેમથી સ્વીકારો. અને જે તમને નાપસંદ કરે છે તેમના માટે સંવેદના રાખો.

એ.પી.જે. અબ્દુલ કલામે તેમના પુસ્તક 'ઇન્ડિયા ૨૦૨૦'માં ભારતને જ્ઞાન મહાશક્તિ અને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે પ્રખર હિમાયત કરી છે.

*સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલ, વીકિપીડિયા.*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫, વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ખાવડા મેસુક ઘરની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

# કચ્છના પાટીદારો અને અટક – શાખ



ચંદ્રકાંત પટેલ 'સરલ'

કચ્છ, એ અતિ પુરાણું પરગણું છે. ગ્રીક લખાણોમાં ઈ.સ.પૂ. ૫૦થી ઈ.સ. ૨૦માં લખાયેલ હસ્તપ્રતમાં કચ્છનો 'સાગરદીપ' એવો ઉલ્લેખ મળે છે. ઈ.સ. પૂર્વે ૩૦૦માં મેગેસ્થિનીસ નામના લેખકે તેને 'પાતાલદ્વીપ' તરીકે ઓળખાવ્યું છે. ત્રીજા - ચોથા સૈકા સુધી કચ્છનું નામ 'આભીર' વિશેષ પ્રચલિત હતું.

'કચ્છ'ના નામનો જૂનામાં જૂનો ઉલ્લેખ ક્ષત્રપ રૂદ્રદામાના ઈ.સ. ૧૫૦ના જૂનાગઢના શિલાલેખમાં મળે છે તથા બૃહત્સંહિતા સ-૧૪માં પણ કચ્છના નામનો ઉલ્લેખ થયો છે. તે 'મરુસ્થલી' નજીક આવેલું હોવાથી તેને 'મરુકચ્છ' પણ કહેવાતું હતું.

**ઇ.સ. પૂર્વે ૩૦૦ના અરસામાં ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં પંચનદ (પંજાબ)થી કૂર્મિ ક્ષત્રિયોનાં ટોળા ગુજરાતમાં આવ્યા હતા. ત્યારે જ કચ્છમાં કૂર્મિ ક્ષત્રિય પાટીદારો પ્રવેશ્યા છે. આ કૂર્મિઓ લોર અને ખારી કૂર્મિઓ હતા. એટલે કચ્છ પ્રદેશમાં શરૂઆતથી જ પાટીદારો વસતા હતા એમ સ્પષ્ટપણે કહી શકાય.**

ઈ.સ. ૧૪૦૦ના સમયમાં ગુજરાતની મુસ્લિમ સલ્તનતોએ હિંદુઓ ઉપર ભારે અત્યાચાર ચલાવ્યો હતો. મુસલમાન સુબાઓએ હિંદુ દેવી-દેવતાના મંદિરો ભ્રષ્ટ કરી તેના પર મસ્જિદો બનાવવી શરૂ કરી હતી. હિંદુઓની સંપત્તિ લૂંટી, સ્ત્રીઓનાં અપહરણ કર્યા. બળજબરીથી હિંદુઓને માર મારી ધર્મપલટો કરાવવામાં આવી રહ્યો હતો. આવા કારણો સબબ હિંદુઓ હિજરત કરીને દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ અને કચ્છમાં ફેલાયા છે. જેમાં પાટીદારોની સંખ્યા વધુ પ્રમાણમાં હતી.

ઈ.સ. ૧૫૨૪માં લેઉઆ અને કડવા પાટીદારો વાગડના શિકરા ગામ અને ત્યારબાદ ઈ.સ. ૧૬૪૬માં પ્રથમ માનકુવા ગામે ગયા અને વાગડમાંના બાકીના પાટીદારો ઈ.સ. ૧૭૪૯માં શિકરાથી દૂધઈ ગયા. ને ત્યાંથી પશ્ચિમ કચ્છના નખત્રાણા તાલુકામાં જઈને વસ્યા. અમુક પાટીદારો માંડવી તાલુકામાં ગયા અને કેટલાક પરિવારો ખેડોઇ વિભાગમાં વસ્યા. આમ જ્યાં જ્યાં પાણી અને જમીનની સગવડ થઈ ત્યાં ગામો વસાવી વસવાટ કરવા લાગ્યા.

કચ્છ વાગડ - શિકરા ગામના બાવન ગોત્રી પાટીદારોએ ઈ.સ. ૧૫૨૪માં વાગડમાં શિકરા ગામ વસાવ્યું. શિકરા ગામમાં પાટીદારોની સંખ્યા વધતા તેઓ માનકુવા આવ્યા અને જેમ જેમ પાટીદારો કચ્છમાં આવતા ગયા તેમ તેમ નવા ગામો વસાવી પાટીદારો આખા કચ્છમાં ફેલાઈ ગયા છે.

અડાલજ અને ઉંઝાના પાટીદારો ઈ.સ. ૯૦૦થી ઈ.સ. ૧૩૦૦ સુધીમાં પાટણ અને રાધનપુરના માર્ગે થઇને કચ્છમાં પ્રવેશ્યા હતા.

## ● અટક : નામ અને ગામ

કચ્છ પ્રદેશમાં ગયેલા ગુજરાતના કેટલાક પરિવારો તરફ નજર કરીએ તો જે જે પાટીદારો કચ્છમાં ગયા તેમની શાખ (અટક) અને ગામોના નામ આ પ્રમાણે છે. માનકુવે ગયેલા પાટીદારોની અટકોમાં વેલાણી, ગોગારી ને હલપાણી છે. ગામ બાથાણા ગયેલા પરિવારોની અટક પોકાર અને દર્શાડિયા છે. જે હાલ બાથાણી તરીકે ઓળખાય છે. ગામ મગવાણામાં વસેલા પરિવારોની અટક ચોપડા છે. ગામ ખાંભડીમાં વસેલા પરિવારોની અટક પોકાર છે. ગામ ગડાણીમાં વસેલા લીંબાણી; ગામ મથલામાં પોકર; ગામ નખત્રાણામાં લીંબાણી, રામાણી અને પોકાર અટકના પાટીદારો છે. કરબોઈમાં ભાથાણી, વિથોણમાં સુરાણી, ગામ નેત્રામાં સાંખલા, ગામ કોટડામાં ચોપડા, ગામ વિરાણીમાં ગોધારી, દિવાણી અને નાકરાણી; ગામ ભડલીમાં ઠાકરાણી, ગામ અંગીયામાં ચોપડા, ગામ દરશડીમાં પોકાર વગેરે પાટીદારો કચ્છમાં જઇને વસ્યા છે.

## ● કચ્છ : અટક વર્ગીકરણ

કચ્છમાં ગયેલ પાટીદારોની અટકોનું વર્ગીકરણ જોઈએ તો ગામ નામ ઉપરથી આવેલી અટકો ૩૯ છે. વડવા - પૂર્વજ ઉપરથી આવેલી અટકો ૨૩ છે. પ્રદેશ ઉપરથી આવેલી અટકો ૫ (પાંચ) છે. ચિત્ર-વિચિત્ર અટકો ૧૮ છે. માહિતી વગરની અટકો ૨૮ છે તથા પાંચ અટકો કાર્ય, કર્મ ઉપરથી ઉતરી આવી છે.

*સ્વપ્ના સેવવામાં એક એવી અમર્યાદિત શક્તિ રહેલી છે જે આપણને પ્રગતિ તરફ ઊંચે ચડાવે છે.*

## અટકની પેટા અટક

| મૂળ અટક | પેટા અટક | ગામ | તાલુકો |
|---|---|---|---|
| ભ્રાંસડિયા - ભરાસડિયા | ભાગીયા | બોરસણ | પાટણ |
| બારસાણિયા | ભાગીયા | બોરસણ | પાટણ |
| ઢેઢી, ઢાઢી કે ઢાંઢી | જાસલિયા | | |
| ચંડાત | ચંઘાત | ગામનો નાશ | સિદ્ધપુર |
| ચૌધરી | રૂપરા | ગુજરાત | – |
| ચૌધરી | ચોરાડિયા | ગુજરાત | – |
| ચૌધરી | પરાથરીયા | ગુજરાત | – |
| પીંડોરિયા | ખીમાણી | | |
| સારવી કે સાળવી | સંઘાણી | ગામનો નાશ | – |
| વોરા | ચોવટીયા | વોરા | તિલકવાડા |
| વોરા | લખાણી | વોરા | તિલકવાડા |
| વોરા | સાવગીયા | વોરા | તિલકવાડા |
| કાબરિયા | ચલોડિયા | કાબરિયા | ગોધરા |
| પંડોળિયા | ખાંભલિયા | પંડોળી | પેટલાદ |
| પંડોળિયા | રાબડિયા | પંડોળી | પેટલાદ |
| દુબરિયા - ડોબરિયા | તેલીયા | ડોબર | ખેડા |

- **ગામ ઉપરની અટકો :**

કડેલીયા, કરણિયા, કાબરીયા, કારોત્રા, કેરાઈ, ખાંભલીયા, ચાપરીયા, ગજોરા, જતરાલા, ટપારીયા, ડબાસીયા, દેવડા, દુબરીયા, નોર, પોલાર, પીંડોરીયા, બારવાડિયા, બારસીયા, બાંભણિયા, બેરા, ભાટેસરા, ભુંડિયા, ભુવા, મણુંદરા, માધાપરીયા, મોગડિયા, રાબડિયા, રાવરીયા, રામપરીયા, વોરા, વાવિયા, વાટીયા, વેકરીયા, સરીયા, સાંઢા, સોઢવિયા, હોથી, અનાવડિયા અને આરેઠિયા.

- **વડવા - પૂર્વજ ઉપરની :**

ખીમાણી, ખેતાણી, ખોખાણી, જેશાણી, પાંચાણી, નારદાણી, નાકરાણી, પેથાણી, ભાભાણી, માયાણી, મેપાણી, મેઘાણી, રાઘવાણી, લીંબાણી, લાધાણી, લાછાણી, વાઘાણી, વસ્તાણી, શિયાણી, સવાણી, હિરાણી, સેંધાણી અને અજાણી. આ અટકો વડવાના નામ ઉપરથી ઉતરી આવી છે.

- **પ્રદેશ ઉપરની :**

પ્રદેશના નામ ઉપરથી પાંચ અટકો આવી છે. જેમાં કચ્છી, બંગાલી, વાગડિયા, સિંધીયા અને હાલારીયા.

- **ચિત્ર-વિચિત્ર અટકો :**

પાટીદારો પાસે અટકોનો વિપુલ ખજાનો છે. તેમાં ગામ, પ્રદેશ, વડવા, કર્મ, ધર્મ અને ચિત્ર-વિચિત્ર ઉપરથી અટકો પડી છે. વિચિત્ર અટકોમાં ચંડાત, ચામરીયા, ડાકી, ઢાઢી, ફૂસી, દુબરીયા, ભપ્પા, ભાંડુવા, ભુટક, ભુંડિયા, ભુવા, ભગત, સાંઢા, કારા, કાળોતરા, કાપડી, ગોસરા અને ફિણવિયા.

- **માહિતી વગરની અટકો :**

માહિતી વગરની ૨૮ અટકો છે. આ અટકોમાં અમરોટ, અસાણી, ખોખરાઈ, ગોઠી, ધંધાત, બલાત, ભાથી, ભ્રાંસડિયા, ભંડેરી, ભૂષણ, મદાત, મંજેરી, મેરી, મેરા, મોગા, મોર,

*આ જગત પરની બધી જ સિધ્ધિઓ અને સમૃદ્ધિનાં મૂળિયાં એક વિચાર કે સ્વપ્નમાં રહેલા છે.*

મુંઝાત, મીણાત, રાવત, વાટિયા, વેરાત, વાણ, સરૈયા, સારવી, હનાત, હાથિયાણી, હરસિયાણી અને હાલાઈ વગેરે વગેરે.

- **કાર્ય ઉપરથી આવેલી અટકો :**

ગાંધી, દેસાઈ, વોરા, વૈદ અને વૈદ્ય-હકીમ.

કચ્છમાં ગયેલા પાટીદારોની પેટા અટકો બહુ જ ઓછી છે. તો કેટલીક અટક - શાખો અન્ય જ્ઞાતિની અટકોને મળતી આવે છે. જેમાં ગાંધી, વૈદ, વોરા, દેસાઈ, ચૌહાણ, વાઘેલા, શાહ વગેરે તેના ઉદાહરણ છે.

કચ્છી પાટીદારો ઉત્તર ગુજરાત, ત્યાંથી ચરોતર, પછી હાલાર અને ત્યાંથી વર્તમાન કચ્છમાં આવેલા છે. જ્યારે વાગડ વિસ્તારના પાટીદારો ઉત્તર ગુજરાતમાંથી સીધા જ વાગડમાં ગયેલા છે. રાજસ્થાનમાંથી પણ સીધા જ કચ્છમાં ગયેલા પાટીદારોની જીવનશૈલી ઉપર આજે પણ રાજસ્થાની અસર છે.

વાગડ વિસ્તારમાં ૬૯ અટકો અને કચ્છ વિસ્તારની ૪૮ અટકો મળી કુલ ૧૧૭ (એકસો સત્તર) અટકધારી પાટીદારો કચ્છમાં વસે છે. રાજકોટના ગોપાલભાઈ ભાગીયા જણાવે છે કે વાગડ વિસ્તારમાં ૫૪ અટકધારી પાટીદારોમાંના ૨૨ (બાવીસ) અટકવાળા પાટીદારો અંબાજીને પૂજે છે. ૧૦ અટકધારી પાટીદારો બહુચરા માતાજીને પૂજે છે. ૬ અટકધારી પાટીદારો બ્રહ્માણીને પૂજે છે. ૪ અટકધારી પાટીદારો મહાકાળીને પૂજે છે તથા બે અટકવાળા પાટીદારો ગૌરી માતાને પૂજે છે. આ સિવાય ચામુંડા, ઉમિયા, જામલમાતા, દૂધરેસી, સુલેશ્વરી, કુંવારીકા, ખોડિયાર, ઈશ્વરીય અને રૂડાઈ માતાજી પણ પાટીદારોમાં પૂજાય છે.

પાટીદારોની જે અટક પાછળનો છેલ્લો અક્ષર 'યા', 'રા' 'આ' આવતો હોય તો એ બધી અટકો ગામ, પ્રદેશ, પંથક ઉપરથી ઉતરેલી સમજવી. તથા જે અટક પાછળ છેલ્લો અક્ષર 'ણી' આવતો હોય તો તે અટક વડવા-પૂર્વજ ઉપરથી ઉતરી આવેલી હોય છે. દા.ત. કાના બાપા ઉપરથી કાના—ણી, પંડોળી ગામ ઉપરથી પંડોરી—યા, વાગડ પ્રદેશ ઉપરથી વાગડિ—યા, ઝાલાવાડ પંથક ઉપરથી ઝાલાવાડિ—યા વગેરે વગેરે.

***C/o. "સંસ્કૃતિ દર્શન" 'અનુરાગ', રતનપરા શેરી નં.-૧,***
***બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦ (જિ. જુનાગઢ)***
***મો. ૯૭૩૫૯૦૨૪૨૪***

## એકલો છું પણ અટુલો નથી

*ભારતીય પરિવારની 'વડીલ વત્સલ' પરંપરા દર્શાવતી એક વયોવૃધ્ધ વડીલની, અત્રે પ્રસ્તુત નોંધ, વિચાર પ્રેરક છે.*
***– તંત્રી***

બે વર્ષ પહેલાં મારી પત્નીનું અવસાન થયું. ત્યારથી હું 'એકલો' હોવાનો અહેસાસ કરું છું. હાલે મારી વય ૯૦ વર્ષની નજીક છે. મારા ચાર પુત્રો છે. સૌથી મોટો પુત્ર દૂરના શહેરમાં વસે છે. અન્ય ત્રણે પુત્રો, એમના પરિવાર સાથે અહીં જોડાજોડના ફ્લેટોમાં રહે છે. ઈશ્વરકૃપાથી તેઓ બધા મારી લાગણીસભર સંભાળ લે છે.

હું મારા ત્રીજા નંબરના પુત્ર સાથે રહું છું. સવારે ૬ વાગે હું ઉઠું, ત્યારે મારો પુત્ર મારા માટે ગરમ પાણી વિ. લાવે છે. બીજા નંબરનો પુત્ર અમારા માટે ચા લાવે છે. મારી પથારી, દવાઓ, કપડાં આદિની વ્યવસ્થા પણ સંભાળે છે. નવ વાગે હું મારા પુત્ર સાથે નાસ્તો લઉં છું. સાડા નવ વાગે બંને ભાઈ ઓફિસે જતાં મને મળતા જાય છે. સાડા અગિયાર વાગે મારી પુત્રવધૂ મને લીંબુ પાણી / ફળ આપે છે. બે વાગે હું મારા સૌથી નાના પુત્રની સાથે લંચ લઉં છું. ત્યારે, મારી બીજા નંબરની પુત્રવધૂ સ્કુલેથી આવતાવેંત મારી પૃચ્છા કરે છે. અવારનવાર એની સ્કુલ લાઈબ્રેરીમાંથી પુસ્તકો લાવે છે. પાંચ વાગે મારી પુત્રવધૂ મને નાસ્તો આપે છે.

સાત વાગે મારો પુત્ર ઘેર આવે છે. મારી સાથે લીંબુ પાણી વિ. લે છે. સાડા આઠ વાગે હું મારા ત્રીજા અને ચોથા નંબરના પુત્રો સાથે ભોજન લઉં છું. તે વખતે બીજા નંબરનો પુત્ર પણ આવે છે. મારી પથારી, દવા આદિની વ્યવસ્થા કરે છે.

મારી શારીરિક તકલીફોને કારણે મને અવારનવાર હોસ્પિટલ લઈ જવા ત્રણમાંથી બે ભાઈ હંમેશાં સાથે રહે છે. મને વિશ્વાસ છે કે, દિવસે કે રાત્રે, કોઈપણ વેળા, જરૂર પડે, બધા મારી પડખે રહેશે.

***– અજ્ઞાત***

***With Best Compliments From....***
# V. R. GOPANI
1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahladnagar, Ahmedabad-380 015. **Mobile : 94263 03628**

*ઉજ્જવળ ભવિષ્ય એ લોકોનું છે કે જેઓ પોતાના સ્વપ્નમાં સૌંદર્યને જોઈ શકે છે.*

# માનસિક બીમારીઓ અંગે પ્રવર્તતી ગેરસમજ અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૬

**(Mental Illness : Misunderstanding and Scientific Facts : Part-6)**




ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખો (ભાગ ૧ થી ૫)માં આપણે માનસિક બીમારીઓ વિશે મનોવૈજ્ઞાનિક સત્યની જાણકારી મેળવી, જે નીચે પ્રમાણે છે.

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

૧. માનસિક બીમારીઓ ખરેખર બીમારીઓ છે. વ્યક્તિ ઢોંગ કે નાટક કરતી નથી. લક્ષણો એના કાબૂમાં નથી.

૨. માનસિક બીમારીઓમાં બ્રેઈન - મગજમાં આવેલા અવયવોના જ્ઞાનતંતુઓમાં શારીરિક ફેરફારો (કદ, રચના, કેમિકલ્સ - ન્યુરોટ્રાન્સમિટર્સમાં) થાય છે.

૩. વધારે વિચારો આવવા, નકારાત્મક વિચારો આવવા, નિરર્થક શંકાઓ આવવી વગેરે માનસિક બીમારીના લક્ષણો છે. આ વિચારો પર વ્યક્તિનો કાબૂ નથી હોતો. સ્વયં પોતાની રીતે વ્યક્તિ વિચારોને બદલી શકતો નથી.

૪. વ્યક્તિ થોડા સમયથી અયોગ્ય વર્તણૂંક કરતી હોય, પોતાની વાણી પર કાબૂ ન હોય તો વ્યક્તિ માનસિક બીમારીથી પીડાય છે. ભૂત, ડાકલિયા કે બહારની કોઈ નજર લાગી નથી. યોગ્ય નિદાન તથા મનોચિકિત્સાની જરૂરત છે.

૫. માનસિક બીમારી તથા લક્ષણોમાં વધઘટ થવી એ સામાન્ય છે. સહાનુભૂતિપૂર્વક દર્દીને સમજીને યોગ્ય મનોચિકિત્સા માટે દર્દીને પ્રોત્સાહિત કરવા જોઈએ.

૬. માનસિક બીમારીઓની સારવારમાં અપાતી દવાઓ મગજના જ્ઞાનતંતુઓમાં ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ કરે છે. જેથી માનસિક બીમારી કાબૂમાં આવે છે. લક્ષણો કાબૂમાં આવે છે.

ઊંઘમાં ખલેલ પડવી એ એક માનસિક બીમારીનું લક્ષણ છે. દવાઓ આપવાથી ઊંઘ નોર્મલ થાય છે, વધારે કે ઓછી નહીં.

***આ લેખમાં અન્ય ગેરસમજ તથા મનોવૈજ્ઞાનિક સત્ય વિશે જાણકારી મેળવીએ.***

## ગેરસમજ-૭

***"સારવારમાં વપરાતી દવાઓના બંધાણી થઈ જવાય છે. આ દવાઓની આદત પડી જાય છે."***

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

શારીરિક બીમારીઓ જેવી કે ડાયાબિટીસ, થાઈરોઈડમાં લાંબો સમય / જીંદગીભર દવાઓ લેવી પડે છે. દવા બંધ કરવાથી એ બીમારી ઉથલો મારે છે. શું આપણે પ્રતિક્રિયા આપીએ છીએ કે આ દર્દી ડાયાબિટીસ, થાઈરોઈડની સારવારમાં અપાતી દવાઓનો બંધાણી થઈ ગયો છે? આ દવાઓ આદત પાડે છે?

માનસિક બીમારીઓ તથા શારીરિક બીમારીઓ શરીરના તથા મગજના અવયવોમાં થતા ન્યુરોટ્રાન્સમિટર્સ તથા હોર્મોન્સ કે રસાયણોમાં થતા ફેરફારોને લીધે થાય છે. વ્યક્તિનું શરીર પૂરતા પ્રમાણમાં આ કેમિકલ્સ બનાવી શકતું નથી. જેથી બીમારીના લક્ષણ ઉત્પન્ન થાય છે.

સારવાર તરીકે આ કેમિકલ્સ બહારથી દવા તરીકે અપાય છે. જેથી બીમારી કાબૂમાં આવે છે અને લક્ષણો દૂર થાય છે. જો દવા આપવાનું બંધ થઈ જાય તો ફરીથી કેમિકલ્સ ઓછા થઈ જાય. જેને લીધે બીમારીના લક્ષણો દેખાય છે.

શું મોટરકારને પેટ્રોલ / ડીઝલ / ગેસની આદત પડેલ છે? ના. પેટ્રોલ / ડીઝલ / ગેસ મોટરકારની જરૂરિયાત છે.

માનસિક બીમારીઓમાં મગજમાં આવેલા જ્ઞાનતંતુઓમાં કેમિકલ્સ - ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં વધઘટ થાય છે. દર્દીનું શરીર - મગજ આ કેમિકલ્સ બનાવી શકતું નથી. એટલે માનસિક બીમારી થાય છે તથા બીમારીના લક્ષણો થાય છે અને માનસિક બીમારીનું નિદાન કરાય છે.

સારવારમાં યોગ્ય દવાઓ અપાય છે. જેના લીધે ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા ફરીથી નોર્મલ થાય છે અને બીમારી કાબૂમાં આવે છે.

માનસિક બીમારીની સારવારમાં અપાતી દવાઓથી દર્દી

બંધાણી (Addict - એડિક્ટ) થતો નથી. બીમારીની માત્રા પ્રમાણે દવાઓનો ડોઝ આપવામાં આવે છે. દવા બંધ કરવાથી નવા લક્ષણો આવતા નથી. જૂના લક્ષણો ફરી આવવાની શક્યતા છે. જેવી રીતે ડાયાબિટીસની સારવારમાં અપાતી દવા બંધ કરવાથી જૂના ડાયાબિટીસના લક્ષણો ફરીથી થાય છે.

આદત - બંધાણ (Addiction)માં નવા લક્ષણો આવે, જે આમાં આવતા નથી. માનસિક બીમારીની સારવાર માટેની દવાઓ બંધ કરી શકાય છે.

૧. જો યોગ્ય સારવાર થઈ હોય કે બીમારી માટેના એ દર્દીમાં રહેલા પરિબળો નોર્મલ થયા હોય તો દવાઓ બંધ થઈ શકે છે. નીચે આપેલ કેસ સ્ટડી પરથી સમજાશે.

## કેસ સ્ટડી - ૫

સતત પ્રવૃત્તિમાં (ધંધાકીય તથા સામાજિક) રહેતા સફળ વેપારી ૫૫ વર્ષના હિતેશભાઈ (નામ બદલ્યું છે) એકાએક કામધંધે જતા બંધ થઈ ગયા. કામકાજથી વિમુખ થયા હતા. રાત્રે ઊંઘ આવતી ન હતી. ખાવાની રૂચિ ન હતી. પાંચેક કિલો વજન ઓછું થઈ ગયું હતું. થાક, નબળાઈ લાગતા હતા. નકારાત્મક વિચારો આવતા હતા. રડવું આવતું હતું. મરવાના વિચારો આવતા હતા. આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો હતો.

હિતેશભાઈના ૨૨ વર્ષના હોનહાર યુવાન પુત્રનું કાર અકસ્માતમાં અકાળ, અણધાર્યું અવસાન થયાના એકાદ મહિના બાદ ઉપરોક્ત લક્ષણો શરૂ થયા હતા.

એક હિતેચ્છુની સલાહથી મનોચિકિત્સકને (લેખકને) કન્સલ્ટ કર્યા. મનોચિકિત્સા શરૂ કરી.

ત્રણ અઠવાડિયાના ટૂંકા ગાળાની સારવારમાં તબિયતમાં નોંધપાત્ર સુધારો થયો. ત્રણ મહિનાની સારવારમાં તો હિતેશભાઈ પૂર્વવત રાબેતા મુજબ વ્યવસ્થિત રીતે કામ કરવા લાગ્યા તથા જીવન જીવવા લાગ્યા. દસેક મહિનાની સારવાર (દવાઓ તથા કાઉન્સેલિંગ)થી હિતેશભાઈ નોર્મલ થઈ ગયા. ધીમે ધીમે દવાઓ ઓછી કરી બંધ કરી. કાઉન્સેલિંગ થોડો વખત ચાલુ રાખ્યું.

પાંચ વર્ષ બાદ પણ હિતેશભાઈ નોર્મલ જીવન જીવે છે. દવાઓ બંધ છે.

- **મનોવિશ્લેષણ :**

માનસિક બીમારીઓનું સમયસરનું યોગ્ય નિદાન તથા યોગ્ય સારવારથી માનસિક બીમારીઓ પર કાબૂ મેળવી શકાય છે. લક્ષણો કાબૂમાં આવે છે. દર્દી ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે છે.

અન્ય શારીરિક બીમારીઓની જેમ માનસિક બીમારીના કારણોમાં નીચે પ્રમાણેના પરિબળો મહત્ત્વના છે : (૧) આનુવાંશિક પરિબળ, (૨) શારીરિક પરિબળ, (૩) મનોવૈજ્ઞાનિક (વ્યક્તિત્વ) પરિબળ, (૪) સામાજિક પરિબળ. આ પરિબળો નોર્મલ હોય તો દવાઓ બંધ કરી શકાય છે (કેસ સ્ટડી-૫).

- **સારાંશ :**

માનસિક બીમારીઓની સારવારમાં અપાતી દવાઓની આદત પડતી નથી, બંધાણી થવાતું નથી. જેવી રીતે શારીરિક બીમારીઓની સારવારની જેમ માનસિક બીમારીની સારવારમાં અપાતી દવાઓની શરીરને જરૂરત છે કારણકે એ કેમિકલ્સ - ન્યુરોટ્રાન્સમિટર્સ દર્દીનું શરીર બનાવતું નથી. એટલે દવા તરીકે અપાય છે.

***(ક્રમશઃ)***

## સુરખાબ

ફ્લેમિંગો - સુરખાબને વરી કચ્છીમેં ચેં હંજ
લેસર-ગ્રેટર નિન્ઢા-વડા કચ્છ સેં જુનો સંબંધ
રા'લાખેજા જાની ઇ ચણું વાગડજી પસંધ
ચણું અચેંતા ચોમાસે વરસાતોર ડિયેંતા હંજ
ભાંજડે ઉતરમેં ગંજ કચ્છી સુરખાબ કચ્છમેં...

કચ્છી સુરખાબ કચ્છજા ને પરડેશી જો સવાલ
કોય ચે પંખી પ્રવાસી ને સાઈબરીયનજી ગાલ
હંજ બેટતેં હલ્યા વિનો ત કચ્છજો રણ કમાલ
ફ્લેમિંગો સીટીજો ફેલાવો ચોમાસે હર સાલ
કડેં પાણીસેં પાયમાલ રાજ્યપક્ષી ગુજરાતજો...

રાજ્યપક્ષી ગુજરાતજો પક્ષીપ્રેમી પ્રેમ અપાર
છારીઢંઢમેં છવાજે ને મડઈ મોઢવાકે પાર
અમરાપર સાલ અગિયારોમેં લગો મિઠે કે માર
વિજ વાયરજો વાર થ્યો ડોકા થિઈવ્યા ધાર
હાઈટેન્સનજો તાર અમરાપરસેં શિરાવાઢ...

અમરાપરસેં શિરાવાઢ હટ્યા લાઈટજા તાર
કચ્છીપંખી કલરવ કરીં સુરખાબ કે સંભાર
ચણુંક-ચણુંક-ચણુંકરે મિઠી બોલી મનઠાર
આવાગનમેં આકાશી પક્ષીવિદ્જો સાર
જન્મે કચ્છ મોજાર 'પ્રભુ' સુરખાબ પંખી કચ્છજા...

***પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ***

*પ્રભુ, વધુ આયુષ્ય નહીં આપે તો ચાલશે, સુંદર રીતે જીવીને, સુંદર રીતે મરતા શીખવાડજે.*

# વિશ્વ હાઈપર ટેન્શન દિવસ

ડૉ. આદિત્ય ચંદારાણા
માંડવી

**'વિશ્વ હાઈપર ટેન્શન દિવસ'નો ઉદ્દેશ્ય લોકોને હાઈપર ટેન્શન અને તેની ગંભીર તબીબી ગૂંચવણોના મહત્ત્વ વિશે જણાવવાનો અને નિવારણ, શોધ અને સારવાર વિશે માહિતી પ્રદાન કરવાનો છે.** તેની પ્રથમ શરૂઆત ૧૪ મે, ૨૦૦૫ના રોજ લૉન્ચ કરી. વર્ષ ૨૦૦૬થી દર વર્ષે ૧૭ મે ને' વિશ્વ હાઈપર ટેન્શન દિવસ' તરીકે સમર્પિત કરે છે. આ વર્ષે થીમ છે : 'તમારા બ્લડ પ્રેશરને ચોક્કસ રીતે માપો અને લાંબા જીવન માટે તેને નિયંત્રિત કરો.' સમયાંતરે બ્લડ પ્રેશર માપવા અને તેના સામાન્ય સ્તરો જાણવાના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવા, વિશ્વભરમાં નીચા જાગરૂકતા દર સામે લડવા પર ધ્યાન કેન્દ્રિત કરીએ. ખાસ કરીને ઓછીથી મધ્યમ આવકવાળા પરિવારોમાં અને સચોટ બ્લડ પ્રેશર માપન પદ્ધતિઓ, અવલોકનમાં ભાગ લેવો. ભારતમાં હાઈપર ટેન્સિવ દર્દીઓની સંખ્યા ૨૦૦૦માં ૧૧.૮ કરોડથી બમણી થઈને ૨૦૨૫ સુધીમાં ૨૧.૩ કરોડ થવાની શક્યતા છે. હવેથી ભારતને 'વિશ્વના હાઈપરટેન્શન કેપિટલ' તરીકે લેબલ કરવામાં આવશે. વધુ મીઠું ખાશો, જે બ્લડ પ્રેશર વધારે છે. દિવસમાં ૬ ગ્રામ કરતાં ઓછું મીઠું ખાવાનું લક્ષ્ય રાખો. જે લગભગ એક ચમચી જેટલું છે. ઓછી ચરબીવાળો ખોરાક ખાવાથી જેમાં પુષ્કળ ફાઈબર હોય છે, જેમ કે આખા અનાજના ચોખા, પાસ્તા અને પુષ્કળ ફળો અને શાકભાજી પણ બ્લડ પ્રેશર ઘટાડવામાં મદદ કરે છે. હાઈ બ્લડ પ્રેશરને રોકવા માટે. સ્વસ્થ આહાર હાઈ બ્લડ પ્રેશર અને તેની ગૂંચવણો ટાળવામાં મદદ કરવા માટે તંદુરસ્ત ભોજન અને નાસ્તાના વિકલ્પો પસંદ કરીએ. જાતને સ્વસ્થ વજન પર રાખો. શારીરિક રીતે સક્રિય રહેવું. ધૂમ્રપાન નિષેધ... પૂરતી ઊંઘ લેવી. જ્યારે હૃદય ધબકારા કરે છે ત્યારે તે રક્ત વાહિનીઓમાં પંપ કરે છે. પછી રક્ત વાહિનીઓની દીવાલો (ધમનીઓ) સામે દબાણ કરતા લોહીના બળ દ્વારા બ્લડ પ્રેશર માપવામાં આવે છે. જ્યાં તેને હૃદય દ્વારા પંપ કરવામાં આવે છે. બ્લડ પ્રેશર જેટલું ઊંચું હોય છે, હૃદયને લોહી પંપ કરવાનું મુશ્કેલ હોય છે. હાઈ બ્લડ પ્રેશરના લક્ષણોની જાગૃતિ. બ્લડ પ્રેશર માપ જાણવાની પ્રેરણા, હાઈ બ્લડ પ્રેશરની પ્રારંભિક નિવારણ પદ્ધતિઓનું જ્ઞાન, સમુદાયમાં હાઈ બ્લડ પ્રેશરનો વ્યાપ દર્શાવે છે. **હાઈ બ્લડ પ્રેશર ત્યારે થાય છે જ્યારે સિસ્ટોલીક બ્લડ પ્રેશર ૧૪૦ એમ.એમ.ની બરાબર અથવા તેનાથી વધુ હોય અને ડાયસ્ટોલીક બ્લડ પ્રેશર ૯૦ એમ.એમ.ની બરાબર અથવા તેનાથી વધુ હોય.**

દરેક પાંચમાંથી બે પુખ્ત વયના લોકોને હાઈ બ્લડ પ્રેશર હોય છે. હાઈ બ્લડ પ્રેશર એ વિશ્વભરમાં અકાળે મૃત્યુનું મુખ્ય કારણ છે. હાઈ બ્લડ પ્રેશરને 'સાઈલન્ટ કીલર' કહેવાય છે કારણકે લક્ષણો સ્પષ્ટ રીતે દેખાતા નથી. અસ્વસ્થ જીવનશૈલી હાઈ બ્લડ પ્રેશરનું જોખમ વધારી શકે છે. જેમ કે વધુ પડતું મીઠું ખાવું, વધારે વજન હોવું, કસરતનો અભાવ અને ધૂમ્રપાન.

હાઈપર ટેન્શન – એક શાંત હત્યારો કહેવાય છે. વધેલા બી.પી.ના દબાણને લીધે થઈ શકે છે : (૧) સ્ટ્રોક, (૨) હાર્ટ એટેક, (૩) કિડનીને નુકસાન, (૪) મૃત્યુ. પણ આ બધી જટીલતાઓ આપણે નિવારી શકીએ છીએ. શાંત હત્યારાથી બચવા... યાદ રાખો કે આપણે હાઈપર ટેન્શન નામના શાંત હત્યારાથી બચી શકીએ છીએ. શરત એ છે કે આપણે આહાર, કસરત અને દવાને લગતી ડૉક્ટરની સલાહનું પાલન કરવું પડશે અને તે યોગ્ય બી.પી. સિધ્ધ કરવામાં સહાય કરશે. બી.પી. : ૧૪૦/૯૦ એમ.એમ.એચજી. ડાયાબિટીસના દર્દીઓ માટે ૧૩૦/૮૦ એમ.એમ.એચજી. તમારું બ્લડ પ્રેશર સિધ્ધ કર્યું છે? તમારા ડૉક્ટરને આજે જ પૂછો કેવી રીતે?

બી.પી. તપાસો – એ સતત ઊંચું રહેતું હોય તો...

સિધ્ધ કરો લક્ષ્ય – બી.પી. ૧૪૦/૯૦ કેવી રીતે?

ડાયાબિટીસના દર્દીઓ માટે ૧૩૦/૮૦ એમ.એમ.એચજી ધારેલું બ્લડ પ્રેશર સિધ્ધ કરો.

જીવનશૈલીમાં ફેરફાર અને દવાઓ અપનાવી, આહારમાં મીઠાનું પ્રમાણ ઘટાડો. વધુમાં વધુ ૧૦ ગ્રા. સોડિયમ અથવા ૬ ગ્રા. સોડિયમ ક્લોરાઈડ લો. તમારા વજન પર નજર રાખો.

વજન ઘટશે તો બી.પી. ઘટશે. શરીરનું સામાન્ય વજન જાળવવું, સક્રિય બનવું, કંઈક પ્રવૃત્તિ કરતા રહેવું, નિયમિત રીતે એરોબિક શારીરિક પ્રવૃત્તિ કરવી (રોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ. અઠવાડિયાના લગભગ બધા જ દિવસ), બી.પી.ના ઘટાડા પર અસર, ધૂમ્રપાન નિષેધથી બી.પી.માં થોડાક પોઈન્ટનો ઘટાડો તો થશે જ પરંતુ હૃદયરોગને લગતી જટીલતાઓ સારી એવી ઘટી જશે. સ્વાસ્થ્યપ્રદ આહાર અપનાવો. વધારે પ્રમાણમાં ફળ અને શાકભાજી ખાઓ તથા ઓછા ફેટની દુગ્ધ પેદાશો જેમાં સેચ્યુરેટેડ અને ફુલ ફેટની માત્રા ઓછી હોય. બીપીના ઘટાડા પર અસર : ૮-૧૪ એમ.એમ.એચજી દવાઓ ડૉક્ટરની ભલામણોમાં ફેરફાર ન કરી નિયમોનું પાલન કરો, યોગ્ય ડોઝ (તમારા ડોક્ટરે જણાવ્યું ન હોય તો ગોળી છોડશો નહીં), યોગ્ય સમય (જણાવેલા સમયે ગોળી લો), યોગ્ય સમયાંતર (ડૉક્ટરે જણાવ્યા મુજબની ગોળીની સંખ્યા અને સમયનું પાલન કરો), યોગ્ય રીત (ડૉક્ટરની સલાહનું બરાબર પાલ કરો), યોગ્ય પાલન (રોજ નિયમિત). ડૉક્ટરે સ્થિતિને ધ્યાનમાં રાખીને દવા લખી આપી છે, એટલે ડૉક્ટરની સલાહનું કડક પાલન કરવું જોઈએ.

- **દર્દીઓ માટે સૂચનો :**

૧. તમારી ઉંમર પ્રમાણેનું બ્લડ પ્રેશર તેમજ ઉંમર અને ઊંચાઈ પ્રમાણેનું વજન જાણો અને તેને કાબૂમાં રાખો.

૨. વારંવાર નિયમિત રીતે દિવસના જુદા જુદા ભાગમાં એટલે કે કોઈવાર સવારે, કોઈવાર બપોરે, સાંજે કે રાત્રે બની શકે તો બંને હાથમાં બ્લડ પ્રેશર મપાવવું અત્યંત જરૂરી છે. ફક્ત દર્દીઓ માટે જ નહીં પરંતુ દર્દીના નજીકના સગા ભાઈ-બહેન, પુત્રો-પુત્રી તેમજ માતા-પિતાએ ઓછામાં ઓછું એકવાર (લક્ષણ ન હોય તો પણ) અથવા તો ૪૦ વર્ષ પછીની દરેક વ્યક્તિએ ઓછામાં ઓછું દર ત્રણ મહિને બી.પી. મપાવવું જરૂરી છે.

૩. ઊંચા લોહીના દબાણના ઘણા બધા ચિહ્નો હોઈ શકે કારણકે શરીરના બધા જ ભાગો અને અવયવો ઉપર અસર કરી શકે છે. પણ સામાન્ય ચિહ્નો જેવા કે માથુ દુઃખવું, ચક્કર, ઉબકા કે ઉલટીઓ થવી, શ્વાસ ચડવો, છાતીમાં દુઃખાવો કે ગભરામણ થવી, શરીરમાં કળતર થવી, પેશાબમાં તકલીફ તેમજ આંખો નીચે અગર પગ ઉપર સોજા આવવા, જોવામાં ઝાંખપ આવવી, મૂર્છાવસ્થા, ખેંચ કે કોઈપણ હાથ-પગનો લકવો કે અશક્તિ જેવું જણાવું – આમાનું કોઈપણ ચિહ્ન જણાય તો બેદરકાર ન રહેતાં તરત જ ડોક્ટરની સલાહ લેવી.

૪. ડૉક્ટરની સલાહ મુજબ દવાઓ નિયમિત લેવી. પોતાની મેળે દવા બંધ કરવામાં કે ડોઝની વધઘટ કરવામાં ઘણું જ જોખમ છે. જેનાથી કેટલીકવાર નુકસાનકારક પરિણામ આવી શકે છે.

૫. આહારમાં મીઠું ઓછું કરો. વધારાનું મીઠું, પાપડ, અથાણા, ખારા બિસ્કીટ, ખારા સીંગદાણા વગેરે બંધ કરો. ઘી-તેલ ઓછા કરો. બને તો કપાસીયાનું તેલ વાપરો.

૬. સાદુ રોજિંદુ મીઠું અને સિંધાલૂણ બંને સરખા જ હાનિકારક છે.

૭. મનને શાંત રાખો. વધુ પડતો વારંવાર ગુસ્સો, ચીડિયો સ્વભાવ, ઓછી ઊંઘ વગેરે બ્લડ પ્રેશર ઉપર અસર કરી શકે છે. તેથી તે ટાળો.

૮. જાણકારની સલાહ પ્રમાણે વૈજ્ઞાનિક રીતે થયેલી હળવી કસરતો અને મોર્નિંગ વૉક, બ્લડ પ્રેશરના દર્દીઓને ચોક્કસ ફાયદો કરે છે. પણ આ કસરત દવાઓનો (જો જરૂરી હોય તો) પર્યાય નથી. તેથી દવાઓ બંધ કરી ફક્ત કસરત જ કરવી તે બરાબર નથી.

૯. કોઈપણ પ્રકારના ઑપરેશન પૂર્વે અથવા તો સુવાવડ આવવાની હોય તેવા સંજોગોમાં લોહીના દબાણની તપાસ નિયમિત રીતે કરાવીને કાબૂમાં રાખવું અત્યંત જરૂરી છે.

૧૦. ઊંચા લોહીના દબાણના દર્દીઓ નિયમિત સારવારથી લગભગ સામાન્ય માણસ જેવું જ આરોગ્ય જાળવી શકે છે.

## ડરતો નથી

પૃથ્વી ફરે છે, સૂરજ ફરતો નથી,
આ તડકો છાંયો સૂરજ કરતો નથી.

આ સવાર સાંજ ભ્રમણા છે માત્ર,
ઊગતો નથી, કે સૂરજ ઢળતો નથી.

યુગો યુગોથી એ બળતો રહે છે,
દરિયો ઠાલવી દો, સૂરજ ઠરતો નથી.

કુંડળીમાં સર્પ ગમે ત્યાં બેઠો હોય,
માણસને કદી સૂરજ નડતો નથી.

તમે રજની ગમે તેટલી ધૂળ ઉડાડો,
આવી ઘેલછાથી સૂરજ ડરતો નથી.

*રજનીકાંત ઓઝા - ભુજ*

*પ્રભુ, ધનદૌલત નહીં આપે તો ચાલશે, પણ કોઈ ગરીબને પ્રેમથી ગળે મળતા શીખવાડજે.*

# અને મારું હૃદય ધબકતું થયું
## (Heart Transplantation)

ડૉ. કમલેશ એન. શાહ
(અમ.ડી.)

આ લેખ સત્ય ઘટના ઉપર આધારીત છે. વ્યક્તિના નામમાં ફેરફાર કરેલ છે.

મને યાદ છે ૧૯ સપ્ટેમ્બરના દિવસે મને શ્વાસ ચઢવાનો શરૂ થયો. બે ત્રણ દિવસ ફિઝીશિયનની દવા લીધી. સામાન્ય સારું લાગ્યું. મને તેમણે સારી હોસ્પિટલમાં દાખલ થવા જણાવ્યું. મેં તેમના માર્ગદર્શન હેઠળ અમદાવાદની સારામાં સારી હોસ્પિટલમાં એડમિશન લીધું. મને આઈ.સી.સી.યુ.માં રાખ્યો. હવે મારી ભૂતકાળની વાર્તા કહું.

મને દસ વર્ષ અગાઉ હાર્ટ ઍટેક આવ્યો હતો. ગંભીર પરિસ્થિતિમાંથી બહાર આવ્યો હતો. ત્યારે એન્જિયોગ્રાફી વગેરે કરાવ્યું ન હતું. મારું હૃદય દવાઓ સાથે ૨૦થી ૨૫ ટકા કામ કરતું હતું. છતાં હું મારી મર્યાદામાં કામ કરતો હતો. મારું શરીર ખાસ ભારે ન હતું અને ડાયાબિટીસ ન હતો. સામાન્ય બ્લડપ્રેશર હતું. વધારે પેશાબ થતો હોવાથી વારંવાર પેશાબ કરીને જીવતો હતો. ડૉક્ટરોએ તેમજ કહ્યું હતું. દાખલ થયો તે દિવસે ફેફસામાં પાણી ભરાઈ ગયું હતું. પેશાબ વાટે નીકળ્યું. ચોવીસ કલાક બાદ ઘણા દિવસે હું ઊંઘી ગયો. મારા ધબકારા નોર્મલ રહેતા ન હતા. એક દિવસ સાંજે મારા ધબકારા ૨૫૦ ઉપર થઈ ગયા. હું સિરીયસ થઈ ગયો. હૃદય ઉપર શૉટ આપ્યા. થોડી મિનિટો પછી હું સારો થયો. કદાચ મરેલો જીવતો થયો. પાછું બી.પી. ઘટી ગયું હતું એટલે નવી નવી દવાઓનો ઉપયોગ થયો. બે દિવસ પછી ઠીક થયું. સામાન્ય ખવાયું. વળી પાછો શ્વાસ, વળી પાછા ઈન્જેક્શનો, વળી પાછા ધબકારા... અનેક વખત હું મરી ગયો અને જીવતો થયો. બલૂન પંપ નામના સાધનથી મારું બ્લડ પ્રેશર ઠીક ઠીક રહેતું હતું. આ સમય દરમિયાન હું ભાનમાં રહેતો. પરંતુ હવે હૃદય વધારે નબળું પડ્યું. ૧૫થી ૨૦ ટકા કામ કરતું હતું. આ હોસ્પિટલમાં હું લાડકવાયો દર્દી બની ગયો.

મને ખબર પડી કે ડૉક્ટરોએ આશા છોડી દીધી છે. પરંતુ આશાનું કિરણ મારો પીછો છોડતું ન હતું. મને હૃદય બદલાવવાની સલાહ મળી. હવે ક્યાં? કેવી રીતે? બધા સગાવહાલાઓએ મારી જીવવાની આશા છોડી દીધી હતી. લગભગ ૧ મહિનો પૂરો થવા આવ્યો હતો. ખિસ્સું ખાસ્સું એવું હળવું થયું હતું. ખબર પડી કે આ હોસ્પિટલને ગુજરાત સરકારે હૃદય પ્રત્યારોપણ માટે મંજૂરી આપી દીધી છે. બસ, ડૉક્ટરોએ પણ મારું હૃદય બદલવાનું નક્કી કરી લીધું હતું. બધી જ ટીમ એકદમ ટ્રેઈન્ડ હતી. પણ હૃદય કોણ આપે? Brain Dead – એટલે શરીરના મગજના બધા સાહેબોએ જાહેર કરી દીધું હોય. હવે? રાહ જોવાની! સમાચાર વાયુવેગે બધે જ પ્રસરી ગયા.

એ દિવસ ૧૯ ઓક્ટોબર, ૨૦૧૬નો હતો. રાત્રે સૌરાષ્ટ્રના કોઈ મોટી હોસ્પિટલમાંથી ફોન આવ્યો. અત્રે એક દર્દી જુવાન છે પણ Brain Dead છે. હૃદય ડોનેશન કરવા માંગે છે. ન્યુરોલોજિસ્ટે પ્રોટોકોલ પૂરો કર્યો છે. મને જણાવ્યું. ચમત્કાર! કૃષ્ણ ભગવાન સાક્ષાત આવ્યા કે મારા સંચિત કર્મોનું ફળ મોકલાવ્યું! હોસ્પિટલના હૃદયરોગ વિભાગના તમામ નિષ્ણાતો ૧૫ મિનિટમાં ભેગા થઈ ગયા. આ તેઓનું પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ હતું. સૌરાષ્ટ્રની હોસ્પિટલનો સંપર્ક કર્યો. સરકારના હોમ ડિપાર્ટમેન્ટને જણાવ્યું. પોલીસ હેડ ક્વાર્ટરમાં જાણ કરી. સમય અગત્યનો હતો. મને ખબર છે કે દર્દી – બ્રેઈન ડેડને અત્રે ના લાવી શકાય પણ તેના શરીરમાંથી અવયવ કાઢી, સાચવી લાવી શકાય. આ બધું જ અઢીથી ત્રણ કલાકની સમય મર્યાદામાં પૂરું કરવાનું. અમદાવાદથી તે શહેરની ફ્લાઈટનો સમય જોઈ લીધો. રાત્રિના ૧૦ વાગ્યાનો સમય. ડૉક્ટરોની ટીમ નીકળી પડી બધા જ સાધનો લઈને. પોલીસ ઍસ્કોર્ટ સાથે રસ્તો ચોખ્ખો રહ્યો. ઍરપોર્ટ ઉપર ફ્લાઈટમાં બેસી પંદર મિનિટમાં તે શહેરમાં પહોંચી ગયા. સીધા હોસ્પિટલમાં ગ્રીન બેલ્ટ - પોલીસ ઍસ્કોર્ટ - અત્રેની હોસ્પિટલની હૃદયરોગના નિષ્ણાતોની બીજી ટીમ મને ઓ.ટી.માં લઈ ગયા. પેલી હોસ્પિટલમાંથી સંદેશો આવ્યો, પહોંચી ગયા છીએ. નીકળવાની ફ્લાઈટ સવારના પાંચ વાગ્યાની હતી. તે માટેના સોલ્યુશનમાં મૂકી દીધું સંકોચાયેલું હૃદય. હવે મારો વારો. ચીરા મૂકાઈ ગયા. સામેવાળા હૃદય લઈને આવે તેની સાથે તાલમેલ મેળવવાનો હતો. સામે હૃદય બોક્સમાં મૂકી ઍરપોર્ટ પહોંચી, ફ્લાઈટ પકડી. કુલ હૃદય કાઢવાથી - ફ્લાઈટમાં બેસવાનો સમય અને અમદાવાદ

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૦ ઉપર)**

*પ્રભુ, સફળતા નહીં આપે તો ચાલશે, નિષ્ફળતાને ધીરજથી પચાવતા શીખવાડજે.*

સિને જગતની અતીત મંજુષા

# 'સારંગા તેરી યાદ મેં' : મરૂભૂમિનું મહેકતુ ફૂલ

## ગીતકાર : ભરત વ્યાસ

યુસુફ મીર

*"સંગ તુમ્હારે દો ઘડી બીત ગયે જો પલ*
*જલભર કે મેરે નૈન મેં આજ હુએ ઓઝલ*
*સુખ લે કે દુઃખ દે ગયે દો અખિયા ચંચલ*
*સારંગા તેરી યાદ મેં નૈન હુએ બેચેન*
*મધુર તુમ્હારે મિલન બિના, દિન કટતે નહીં રૈન."*

અગર તમે સાંઇઠી વટાવી ચૂક્યા છો, અગર તમારી 'સારસી' તમને ખેતરના શેઢે કળવળતો મૂકી પરલોક ઉડી ગઈ છે. અગર તમે તમારી જાતને તમારા મબલખ પરિવાર વચ્ચે એકાકી સમજતા હોવ છો, અગર તમે દિવસ આખાની ટાંટીયાતોડ પછી પળોજણની પોટલીને ખીંટીએ ભરવી, હાશ કરી તમારી રજવાડી શેરીમાં ડીલ લાંબુ કરો ના કરો, એ બાજુના ઘરવાળો બળેલો ઝળેલો તમારા જેવો એકાકી જણ એના રેડિયોમાંથી સૂર વહેતા કરે કે :

*સારંગા તેરી યાદ મેં...*

તો દેન છે તમારી આંખને કે અનરાધાર વરસવા ના લાગે? મારે પણ એવું જ થયું. પુત્રવધૂએ વેઠ ઉતારવા હડસેલી દીધેલા ભાણામાંથી લૂશ લૂશ ખાઈ ડિલ લાંબુ કર્યું કે બાજુમાંથી આવતા 'સારંગા'ના મુકેશે ગાયેલા અમર ગીતે મારી ઊંઘ ઉડાડી મૂકી. અને મને આ અવિસ્મરણીય ફિલ્મના દર્દીલા ગાયક મુકેશ અને એના ગીતકાર ભરત વ્યાસના વિચારે ચઢાવી દીધો.

બોલીવુડમાં 'બેલડી'નું રાજ શરૂઆતથી જ રહ્યું છે. જેમ કે અશોક-કિશોર-અનુપ, રાજ-શમ્મી-શશી, ચેતન-દેવ-વિજય, ફિરોઝ-સંજય-અકબર; તો જોડીનું પણ એટલું જ મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. જેમ કે પૃથ્વીરાજ કપૂર - ત્રિલોક કપૂર (આ ત્રિલોક કપૂર પૌરાણિક ફિલ્મોમાં ભગવાન શંકર બનતા, એ કેટલાને યાદ હશે?). બલરાજ સાહની-ભીષ્મ સાહની, બી.એમ. વ્યાસ અને ભરત વ્યાસ. મરૂભૂમિના આ સંતાનોમાંથી એક કોમળ ગીતકાર બન્યો, બીજો ખૂંખાર વિલન બન્યો.

રાજસ્થાનના ચુરૂ પાસે આવેલા રેતાળ ગામનું અનેરું સંતાન એટલે ભરત વ્યાસ. ૧૯૧૮માં કનૈયાલાલની હવેલીમાં જન્મેલા ભરત વ્યાસે કલકત્તાથી બી.એ. કર્યું અને પછી કંઈક કરી બતાવવાની ધગશ સાથે અરમાનોનું પોટલું બગલમાં દબાવી મુંબઈની વાટ પકડી.

બોલીવુડના પ્રાંગણમાં આવીને ભરતની ઇચ્છા તો ડાયરેક્ટર બનવાની હતી. પણ વિધાતાની ઈચ્છાને માન આપીને ગીતકાર બની બેઠા. ગીતકાર બન્યા તો બન્યા પણ એવા અમર ગીતોના સર્જનહાર બન્યા કે સાંઇઠી વટાવી ચૂકેલા દાઝેલા - બળેલાને શાતા પહોંચાડનાર હકીમ સાબિત થયા.

જીવનના છ છ દાયકાની આપદાભરી મુસાફરીથી થાકેલા અને અંતિમ પડાવ તરફ ધીમે પગલે જતા વૃદ્ધો આજે પણ ભરત વ્યાસના લખેલા ગીતો અને તેય પાછા મુકેશ, રફી, મન્નાડે, મહેન્દ્ર કપૂર કે સ્વર કિન્નરી લતા દીદીના અવાજમાં સાંભળતા જ, બાકી રહેલી જિંદગી સુખદ ભૂતકાળના સ્મરણના સહારે વિતાવી નાખવાનું કૌવત ફેફસામાં ભરી લે છે.

૧૯૧૮માં જન્મ અને ૧૯૪૦માં તો તકદીરના દરવાજે દસ્તક દેનાર આ નવલોહિયા નવયુવાનને ૧૯૪૩માં 'દુહાઈ' ફિલ્મથી ગીતો લખવાનું કામ મળ્યું. ભરત વ્યાસે તે પણ પૂરું કર્યું. 'દુહાઈ'માં નવ ગીતો હતા. સંગીતકાર પણ એક નહીં ત્રણ હતા. પન્નાલાલ ઘોષ, શાંતિકુમાર અને રફીક ગઝનવી. ટૂંકમાં ત્રણ ત્રણ પરીક્ષણોની પરીક્ષામાંથી ભરત વ્યાસને પસાર થવાનું હતું. એ પછી આવેલા ચિત્રપ્રેમ સંગીતમાં પણ દસ ગીતો હતા. જેમાંનું એક ગીત અમીરભાઈ કર્ણાટકીએ ગાયું હતું. તે જાણીતું બન્યું હતું. 'ઘાયલ કરકે હમસે હમારા હાલ પૂછતે હો...'

અને આ ચેલેન્જ ઉપાડી લેતા હોય તેમ ભરત વ્યાસે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'અપની ધરતી અપના આકાશ પેદા કર, અપની મહેનત સે અપના જહાંન પેદા કર.'

ભરત વ્યાસ નસીબના બળીયા હતા. એમને એવા એવા સંગીતકારોનો સથવારો મળ્યો હતો કે તેમની સોબતમાં આવી એમની કલમ એવું સર્જન કરતી કે તે ચિરંજીવી થઈને જ રહે. સી. રામચન્દ્રના સંગીતમાં વ્હી. શાંતારામની અદ્ભુત માસ્ટરપીસ રચના 'દો આંખે બારહ હાથ'ની એક પ્રાર્થના જુઓ.

***'અય માલીક તેરે બંદે હમ, ઐસે હો હમારે કરમ;***
***નેકી પર ચલે ઔર બદી સે ટલે, તાકી હસતે હુએ નિકલે દમ.'***

*જેમનામાં એકલા ચાલવાનો હોંસલો હોય છે, એક દિવસ એમની જ પાછળ કાફલો હોય છે.*

મારી ગણતરીએ અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ 'પ્રેયર સોંગ.' એટલીસ્ટ, હું તો ગણું જ છું. છ છ ખૂંખાર કેદીઓ. કેદીઓ પણ કેવા? ઉલ્લાસ, બાબુરાવ, પેંઢારકર, બી.એમ. વ્યાસ, તિવારી જેવા પાસે ગવડાવતા જેલરના માંદગીના બિછાને સ્વયં ગાતા કેદીઓનું અણમોલ સિચ્યુએશન તો વ્હી. શાંતારામ જ પેદા કરી શકે. એમાંના એક કેદી બનતા બી.એમ. વ્યાસ આ ભરત વ્યાસના મોટા ભાઈ થાય. બી.એમ. વ્યાસ આવ્યા'તા હીરો બનવા, બની ગયા ખલનાયક!

લક્ષ્મી-પ્યારે ઝળક્યા હોય તો શરૂઆતમાં એક ફિલ્મ 'સંત જ્ઞાનેશ્વર'ના એક ગીતથી, કે જે ભરત વ્યાસે લખ્યું હતું : 'જ્યોત સે જ્યોત જગાતે ચલો... પ્રેમકી ગંગા બહાતે ચલો...'

મુકેશ સાથે ભરત વ્યાસને ખૂબ જ લહેણું હતું અથવા તો એમ કહી શકાય કે ભરત વ્યાસના લખેલા ગીતો મુકેશ ઉલટભેર ગાતો. ફિલ્મ 'સારંગા'ના જ ગીતો જુઓ. આ લેખની શરૂઆતમાં આપ્યું છે તે ગીત તો અનુપમ છે જ પણ અન્ય ગીતો પણ એટલા જ કર્ણમધુર છે. મુકેશનું આ ગીત જુઓ :

*"માંગી ખુશિયાં મગર, ગમ મિલા પ્યાર મેં*
*દર્દ હી દર્દ હૈ મેરે સંસાર મેં.*
*આજ ડૂબા હું મૈં ગમ કી મઝધાર મેં*
*હાયે તીરે નજરકા ઈશારા હું મૈં*
*હાં દીવાના હું મૈં હાં દિવાના હું મૈં...."*

આ ફિલ્મનું સંગીત આપ્યું હતું સરદાર મલીકે, કે જે સંગીતકાર અનુ મલીકના પિતાજી થાય. ભરત વ્યાસે ગમના ગીતો જ વધુ પડતા લખ્યા છે એવું નથી, રોમેન્ટીક ગીતોમાં પણ તેમની માસ્ટરી હતી. ફિલ્મ 'પૂર્ણિમા'નું આ ગીત જુઓ :

*"ગોરી નૈન તુમ્હારે ક્યા કમ હૈ, કભી વો પ્યાર કરે*
*કભી ઈન્કાર કરે, જુલમ કરે..."*

તથા 'રાની રૂપમતી'માં રાની રૂપમતી અને બાઝ બહાદુરની અમર પ્રેમગાથાને પ્રેમીઓની ઝંખના મુકેશના કંઠે ગવડાવી ભરત વ્યાસે કેટલા પ્રેમી દિલોની વેદનાને વાચા આપી છે?

*"ઈક પલ હૈ રોના, ઈક પલ હૈ હસના,*
*કૈસા હૈ જીવન કા ખેલા?"*
*"ઈક પલ હી મિલના, ઈક પલ બિછડના,*
*દુનિયા હૈ દો દિનકા મેલા.*
*યે ઘડી ના જાયે બીત, તુઝે મેરે ગીત બુલાતે હૈ..."*

આજ 'રાની રૂપમતી'નું ગીત જે મન્નાડેએ ગાયું હતું અને તાનસેન બનતા આપણા ખમતીધર ગુજ્જુ અદાકાર (અલબત્ત ગઈ પેઢીના)એ જે પરદા ઉપર રજૂ કર્યું છે તેના શબ્દો જુઓ :

'ઉડજા ભંવર માયા કમલ સે આજ બંધન તોડકે'માં કમળના ફૂલમાંથી ઉડતા ભમરાને જે બતાવ્યો છે તે જોઈ જૂના ડાયરેક્ટરને સો સો સલામ કરવાનું મન થાય છે. મન્નાડેની વાત કરતા હોઈએ ત્યારે ભરત વ્યાસે લખેલું 'નવરંગ'નું ગીત :

*"તુ છૂપી હૈ કહાં, મૈં તડપતા યહાં*
*તેરે બિન ફિકા ફિકા હૈ દિલકા જહાં..."*

અને બેકગ્રાઉન્ડમાં વાગતું સંગીત? ભાઈ ભાઈ! લાજવાબ. નગમા નિગાર, બેમિસાલ સંગીતકાર અને કાબેલ ડાયરેક્ટરના હાથે સર્જાયેલી કૃતિ 'નવરંગ' ના થાય તો જ નવાઈ!

લક્ષ્મી-પ્યારેના મધુર સંગીતથી મઢેલું બીજા પિક્ચર સતી સાવિત્રીનું એક ગીત પણ ભરત વ્યાસની કલમનું અનુપમ નજરાણું છે તે જુઓ :

*"તુમ ગગનકે ચંદ્રમા હો મૈં ધરા કી ધૂલ હું*
*તુમ હો પ્રેમી, મૈં પૂજારન, તુમ સુધા મૈં પ્યાસ હું..."*

ભરત વ્યાસે લખેલા ગીતોવાળા ચિત્રો નીચે મુજબ છે : પરીણિતા, સારંગા, રાની રૂપમતી, ચંદ્રમુખી, મહાભારત, દો આંખે બારહ હાથ, નવરંગ, સ્ત્રી, તુફાન ઔર દિયા.

ભરત વ્યાસના કલમના કામણ મહેન્દ્ર કપૂર ઉપર થયા વગર રહે ખરા? 'નવરંગ'નું આ ગીત જુઓ :

*"આધા હૈ ચંદ્રમા રાત આધી,*
*રહ ન જાયે તેરી મેરી બાત આધી...*
*મુલાકાત આધી..."*

ભરત વ્યાસે લખેલા ગીતથી રફી સા'બ અને લતા દીદી અલગ રહી શકે ખરા? ફિલ્મ ગુંજ ઉઠી શહનાઈના અમર ગીતો આનું જીવતું જાગતું ઉદાહરણછે. રફી સા'બે ઉલટથી ગાયેલા ગીતનો અંતરો જુઓ :

*"હમને તો સમઝા થા ફૂલ ખીલે, ચુન ચુન કે દેખા તો કાંટે મિલે;*
*હૈ અનોખા જહાં હરદમ ધોખા યહાં; ઈક હંસી ઔર આંસુ હજાર...*
*કહ દો કોઈ ના કરે યહાં પ્યાર..."*

આ ગીતમાં રફી સા'બનો આલાપ સાંભળજો. તબિયત ખુશ થઈ જવાની સો ટકા ગેરંટી!

તો લતા દીદી શાના પાછળ રહે? તેમનું અનુપમ ગીત પણ ગીત રસિયા માટે મોંઘેરી જણસ છે :

*"ધડકનમેં તુ હૈ સમાયા હુઆ, ખ્યાલોમેં તુ હી તો છાયા હુઆ,*
*દુનિયાકે મેલે મેં લાખો મિલે, મગર તુ હી તુ દિલકો ભાયા હુઆ*
*તેરે સૂર ઔર મેરે ગીત, દોનો મિલકે બનેગી પ્રીત."*

*ખરાબ સમયની પણ એક વાત સારી છે, જેવો શરૂ થાય એટલે વધારાના લોકો જીવનમાંથી ચાલ્યા જાય છે.*

આ ગીતમાં બેકગ્રાઉન્ડ સંગીતમાં વાગતી બિસ્મિલ્લાહ ખાનની શરણાઈ સાંભળજો. ગીતથી સંગીત ઉજળું છે કે સંગીતથી ગીત? નક્કી જ નહીં કરી શકો. આપણે તો ઈધર ભી વાહ વાહ, ઉધર ભી વાહ વાહ...

ભરત વ્યાસે લખેલા ગીતોનો પથારો મોટો અને આપણે રાત થોડી અને વેશ ઝાઝા. એટલે પટ છોડતા પહેલા એટલું કહીશ કે મુકેશે 'બુંદ જો બન ગઈ મોતી'માં ગાયેલું 'યે કૌન ચિત્રકાર હૈ યે કૌન ચિત્રકાર?' માં ફેરફાર કરી એટલું કહેવું પૂરતું થશે કે, 'યે કૌન ગીતકાર હૈ, યે કૌન ગીતકાર?'

મરૂભૂમિમાં પેદા થયેલું આ અનુપમ ફૂલ જુલાઈ ૧૯૮૨માં મુંબઈમાં કરમાઈને અનંતમાં ભળી ગયું. આપણે તો એમની યાદમાં ફિલ્મ 'જનમ જનમ કે ફેરે'માં રફી - લતાએ ગાયેલા ગીતમાં સૂર જ પુરાવાનો કે :

***"જરા સામને તો આવો છલીયે, છૂપ છૂપ મિલને મેં ક્યા રાઝ હૈ?***
***યું છૂપ ના સકેગા પરમાત્મા, મેરે આત્માકી યે આવાઝ હૈ..."***

ઠીક તંઈ જાવા દિયો – બાકી આપણે તો મો'બત ખપે.

***અમદાવાદ***
***મો. ૬૩૫૧૮૧૨૭૮૮***

## અને મારું હૃદય ધબકતું થયું

**(અનુસંધાન : પાના નં. – ૩૭ ઉપરથી ચાલુ)**

પહોંચવાનો સમય નક્કી કરી લીધો. ફરી ગ્રીન કોરીડોર - પોલીસ ઍસ્કોર્ટ – સીધા હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ હોસ્પિટલમાં. ત્યાં સુધી મારું નબળું નકામું હૃદય બહાર નીકળવા તૈયાર હતું. ૧૫ મિનિટના સમયમાં હૃદય લઈને આવેલી ટીમ તૈયાર થઈ ગઈ. જૂનું હૃદય કાઢી નવું હૃદય બેસાડી દીધું. આ પ્રક્રિયા સરળ નથી. પાંચ જગ્યાએ છેડા સાંધવા પડે છે. બધું જ સફળતાપૂર્વક પાર પાડ્યું. હવે છેલ્લી સેકન્ડો - નવા હૃદયને ધબકતું કરવાની ખાસ પદ્ધતિ છે. અને એ ઘડી આવી પહોંચી. નવું હૃદય ધબકતું થયું – નિયમિત. બધા જ ડૉક્ટરોની આંખમાં પાણી આવી ગયા. સ્ટાફમાં અંદર અંદર નાની ચીચીયારીઓ... વાહ અદ્ભુત... હું બચી ગયો નવા હૃદય સાથે.

***આંખમાંથી હર્ષના આંસુઓ સરી પડ્યા,***
***જાણે સાગરને તળીયે પડેલા મોતી***
***નવા હૃદયના સ્નાયુઓએ ચીચીયારી કરી,***
***જાણે નવા ગૃહ પ્રવેશ સાથે હૃદય સંગીત.***

- **ઉપસંહાર :**

૧. અમદાવાદમાં નબળા હૃદય પરાણે જીવતા હૃદયનું પંચીંગ ૧૫થી ૨૦ થયું હોય તો હાર્ટ ટ્રાન્સપ્લાન્ટનો વિકલ્પ ખુલ્લો છે.

૨. તમારો વીમો હાલમાં જે હોય દા.ત. ૨,૦૦,૦૦૦/- તો TOP UP કરી ૧૦,૦૦,૦૦૦ સુધી લઈ જવું હિતાવહ છે. (Star Insurance) HDFC Life નો સંપર્ક કરવો.

૩. હૃદય ટ્રાન્સપ્લાન્ટનો ખર્ચ રૂપિયા ૧૫થી ૨૦ લાખ થવા જાય છે.

૪. દર મહિને રૂા. ૨૦,૦૦૦/-ની દવાઓ લેવી પડે છે.

૫. સમાજમાં બ્રેઇન ડેડવાળા દર્દી માટે કોઈ વિકલ્પ ન હોય તો Organ Transplantation માટે આગળ આવવું જોઈએ.

૬. નજીકના ભવિષ્યમાં જે તે જગ્યાએથી હૃદય કાઢવાની પ્રક્રિયામાં સુધારા આવશે. નજીકની હોસ્પિટલમાં બ્રેઇન ડેડવાળા દર્દીને લાવી શકાય તેવી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવાશે. દાખલ કરી શકાય નહીં.

***હૃદય બંધ પડે ત્યારે ડૉક્ટર કહે, માણસ મરી ગયો***
***મગજ ન ચાલે ત્યારે ડૉક્ટર કહે, માણસ કામ લાગી ગયો.***

***<u>ખાસ નોંધ</u>*** : અમદાવાદની નામાંકિત હોસ્પિટલમાં છેલ્લે ૩૦ હૃદય ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક થયા છે.

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| **નામ** / Name | : **શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kacchhi Samaj – Ahmedabad.** |
| **બેંક** | : **ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ.** |
| **Bank** | : **State Bank of India, Paldi, Ahmedabad (05306)** |
| **A/C No. :** | : **10011315039 • IFS Code : SBIN0005306 SWIFT** |

**સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૮૭૯૦ ૬૩૧૦૦**

***જે તમારી સાથે થવું ન જોઈએ, એ તમે બીજા સાથે ના કરો.***

# થોરની વાડ



એમ. ડી. સોલંકી

અમરેલી - કોડિનાર બસમાંથી હું ગીર પ્રદેશના પ્રવેશદ્વાર ગણાતા દલખાણિયા ગામના બસ સ્ટેશને ઉતર્યો ત્યારે મારી નવાઈનો પાર જ ના રહ્યો. પંદરેક વર્ષના લાંબા અંતરાલમાં અહીં ઘણું બધું બદલાઈ ગયું હતું. અભરામ ભગતની ચાની રેંકડી અને રઘા મહારાજની રામભરોસે હોટલના દીદાર સાવ બદલાઈને નવા નક્કોર બની ગયા હતા. અભરામ ભગતની ચા ની રેંકડીની ઘાટા રગડા જેવી કડક-મીઠી ચા નો સ્વાદ એકવાર ચાખ્યા પછી એ કાયમનું સંભારણું બની જતી. રામભરોસે હોટેલમાં બનતું ફરસાણ અને મીઠાઈ અહીંના દલખાણિયાના બજારમાં આવતા. એટલું જ નહીં, ગીરના જંગલમાં વસતા માલધારીઓ અઠવાડિયે દૂધનો માવો વેચવા અહીં આવતા અને ઘર માટે જોઈતી ચીજવસ્તુઓ ખરીદી જતા. આવા દલખાણિયા ગામને એની જ માટીમાં ઉછરીને મોટી થયેલી એક દીકરીએ દેશ-વિદેશમાં એના સૂરીલા કંઠના કામણ પાથરીને ગૌરવ બક્ષ્યું છે. એવા પદ્મશ્રી દિવાળીબેન ભીલની જન્મભોમકા આ દલખાણિયા ગામ જ છે. આ ગામ મૂક્યા પછી ગીરના જંગલમાં થઈને પસાર થતી એસ.ટી. બસના પેસેન્જરને છેક કોડિનારની નજીક પહોંચ્યા પછી જ ચા-નાસ્તાની સગવડ મળી શકતી. એટલે અહીંથી આગળની મુસાફરી કરનાર, એમના ચા-નાસ્તાની સગવડ આ સ્થળેથી કરી લેતા.

વરસો પહેલા ધારી તાલુકાના દલખાણિયા ગામથી બે-અઢી કિલોમીટરના અંતરે આવેલા કોટડા ગામમાં પ્રાથમિક શિક્ષક તરીકે મારી નિમણુંક થયેલી. દલખાણિયાની શાળા પે સેન્ટર હતી. એટલે મારે શૈક્ષણિક કામે અવારનવાર આ શાળામાં જવાનું થયા કરતું. મારી સાથે જ આ પે સેન્ટર શાળામાં નિયુક્ત થયેલા ભાવનાશીલ અને મિલનસાર સ્વભાવના શિક્ષક હિંમતભાઈ મારા દિલોજાન દોસ્ત બની ગયેલા. એમની સાથેની મિત્રતા આજે આટલા વરસો પછી પણ અતૂટ, અકબંધ અને અડીખમ રહી છે. એટલું જ નહીં, એ મિત્રતાની મધમીઠી મહેક તાજા જ ખીલેલા ગુલાબના ફૂલની સુવાસની જેમ આજેય તરોતાજા રહીને મહેંક્યા કરે છે.

કોટડા ગામ જવા આમ તો કોઈ વાહન મળી જાય તેમ હતું. પરંતુ મનમાં થઈ આવ્યું કે આજે કેટલાય વરસો પછી આ ભોમકામાં ફરીવાર આવવાનું થયું છે તો બસ, ભૂતકાળની જેમ આજે પણ પગપાળા જ કોટડા જવું છે.

દલખાણિયા ગામની ભાગોળે કોટડા જવાના માર્ગે થઈને વહેતી શેત્રુંજી નદીના ખળખળ વહેતા નીરમાં પગ ઝબોળીને હું અનેકવાર અહીંથી પસાર થયો હતો. અત્યારે નદી પર જૂના બેઠા પૂલની જગ્યાએ ઊંચો અને લાંબો પૂલ બંધાઈ ગયેલો જોવા મળ્યો. કોટડા જવાનો એ ઉબડખાબડ રસ્તો હવે તો ડામરની પાકી સડક બની ગયો છે. એટલું જ નહીં, અંતર દર્શાવતા માઈલસ્ટોન પણ રોપાઈ ગયા છે. સારા ચોમાસાને કારણે ખેતરો, ડુંગરો અને જંગલ ખાતાએ વાવેલા વૃક્ષોથી નજર નાંખો ત્યાં લીલપ લહેરાતી હતી. મારા પગ કોટડા જવાના રસ્તે આગળ વધી રહ્યા હતા, ત્યારે મારું મન વરસો પહેલાના ભૂતકાળના દિવસોમાં પહોંચી ગયું અને પછી તો વીતી ગયેલો એ ભૂતકાળ મારી નજર સમક્ષ જીવંત બનીને ઊભરી આવ્યો.

વરસો પહેલા વીસ વર્ષની ઉંમરે શિક્ષક તરીકે મારી નિમણુંક કોટડા ગામની પ્રાથમિક શાળામાં થયેલી. ત્યારે પ્રથમ વખત જ આ ગીર પ્રદેશને જોયેલો. ગામના સરપંચ રણછોડભાઈનો સંપર્ક કરવાથી મારી રહેવાની અને જમવાની વ્યવસ્થા થઈ ગયેલી. મારી જ ઉંમરના એવા નાનજીભાઈ, ગોબરભાઈ અને અન્ય સાથે થોડા દિવસના પરિચય પછી ભાઈબંધી થઈ ગયેલી. ગામની સાવ નજીક આવેલા ડુંગર પર ચઢીને નજર નાંખતા જ ખોબા જેવડું કોટડા ગામ, પાકથી લહેરાતા ખેતરો, હર્યુંભર્યું ગીરનું જંગલ અને લીલાછમ ડુંગરા દેખાતા. આવું રૂડું દશ્ય જોઈને આંખ અને અંતર બે ઘડી ઠરીને હિમ થઈ જતા. શાળાના મકાનની સામે જાહેર રસ્તાની પાસે જ રહેતા પીઠાભાઈ, એમના પત્ની લખમીબેન અને બે દીકરા સાથે ખેતી કામ કરીને ગુજારો કરતા હતા. શાળાના સમય પછી હું ઘણીવાર પીઠાભાઈ પાસે જઈને બેસતો. એમની પાસેથી જ ગીર પ્રદેશની અનેક અવનવી વાતો મને સાંભળવા મળતી. ક્યારેક 'સૌરાષ્ટ્રની રસધાર'ની વાર્તાઓ પણ એમની લઢણમાં એ મને સંભળાવતા. આટલું સાંભળ્યા પછી મારા મનમાં થઈ આવતું – "આવા અંતરિયાળ પ્રદેશમાં અનેક મુસીબતો વેઠીને

જીવન જીવવા બાથોડાં મારતા આ ભોળા મનેખના અંતરમાં કેટકેટલું સંઘરાઈને પડ્યું છે.''

ઘણીયવાર પીઠાભાઈ મારી હાજરીમાં એમના પત્ની લખમીબેનને કહેતા – 'આમ તો આપણા બે દીકરા છે. પણ આ ત્રીજો નાનો પરભવના કોઈ લેણ-સંબંધે આપણે ત્યાં આવી ગયો હોય એવું મને લાગે સે. નક્કી આ ગર્યની ધરતી અને આપણી હાર્યે ઈના કા'ક અંજળપાણી લખાયા હશે તંઈ જ એ આપણી ભેળો રોટલા ખાવા આવે ને?' અને પછી તો એ પીઠાભાઈ એમના આ ત્રીજા દીકરાને 'તું' કહીને બોલાવતા થઈ ગયેલા. મને પણ તેમનું આવી રીતનું બોલાવવાનું ગમતું હતું.

ક્ષણ ક્ષણ બનીને કાળના ગર્ભમાં વિલીન થઈ જતા સમયની રફ્તારમાં કોટડા ગામમાં બાર મહિનાનો સમયગાળો ક્યાં અને કેવી રીતે પસાર થઈ ગયો એની મને પોતાને જ ખબર ના રહી! વર્ષો પહેલાના અભ્યાસક્રમમાં ભણેલી સ્વ. ત્રિભુવન વ્યાસની કવિતા 'જો આજે ગીર જંગલ તણાં'ની પ્રત્યેક પંક્તિઓ ગીરના જંગલને રૂબરૂ જોયા પછી મારા મનમાં તાદશ્ય થઈ ગયેલી. અહીંના મારા રોકાણ દરમિયાન ગીરના જંગલને પાનખર, વસંત અને વર્ષાઋતુમાં સાવ નજીકથી જોયું, જાણ્યું અને અનુભવ્યું છે. ગીરના ડુંગરમાંથી નીકળતી શેત્રુંજી નદીના ખળખળ વહેતા નીરમાં અનેકવાર છબછબિયા કરેલા. તો એ જ નદીના ઊંડા ધૂનામાં ભાઈબંધો સાથે અનેકવાર ધુબાકાય માર્યા હતા.

મારી શરૂઆતની નોકરી દરમિયાન હું કોટડા ગામ અને શાળા તથા ત્યાં વસતા માયાળુ માનવીઓ સાથે કોઈ અજબ પ્રકારની લાગણીઓથી બંધાઈ ગયો હતો. એ સૌ પ્રત્યે મને ગજબનું ખેંચાણ થયા કરતું હતું. આવું બધુંય હોવા છતાં એક દિવસ અચાનક મારે કોટડા ગામમાંથી વિદાય લેવી પડી. વતનના જિલ્લામાં જ શિક્ષક તરીકેની નિમણુંક મળી જતાં અહીંની શાળામાંથી રાજીનામું આપીને હું છૂટો થઈ ગયો. ગામ લોકોએ ભારે હૈયે મને વિદાય આપી. જેમની સાથે હું એક પ્રકારની મમતાથી બંધાઈ ગયો હતો એવા ગામ અને શાળાને છોડીને જતા મારા મનમાં પણ રંજ થઈ ગયેલો.

વતનની શાળામાં નિમણુંક મળ્યા પછી પણ મારી શિક્ષક તરીકેની પ્રથમ કર્મભૂમિ એવા કોટડા ગામ સાથેનો મારા નાતો અકબંધ રહ્યો હતો. એ સમયે મોબાઈલનું ચલણ ઓછું હતું. એટલે એકબીજાને પત્ર લખીને ખબર-અંતર પૂછી લેતા હતા. આટલા વર્ષોમાં સંજોગોવશાત રૂબરૂ કોટડા જવાનું શક્ય બન્યું જ નહોતું. કોટડાથી મારા આવ્યાના છ એક વર્ષ પછી ટૂંકી માંદગીમાં પીઠાભાઈ અચાનક અનંત યાત્રાના પ્રવાસી બની ગયેલા. આ વાતની જાણ મને ઘણી મોડી થયેલી. એટલે મારાથી એમના ખરખરે પણ આવી શકાયું ન હતું. આજે અમના નાના દીકરા હરીશની દીકરીના લગ્ન પ્રસંગે મારે કોટડા જવાનું હતું. આમ લગ્નપ્રસંગ તો મારે મન માત્ર કોટડા જવાનું બહાનું જ હતું! બાકી મારી પ્રથમ કર્મભૂમિ બનેલા કોટડા ગામ અને એના માયાળુ માનવીઓને એકવાર મનભરીને મળી લેવાની અબળખા જ મનમાં રમ્યા કરતી હતી.

લ્યો, હવે આ લીલાછમ ડુંગરાની સાવ અડોઅડ લીલાકુંજાર વૃક્ષ નીચે બનાવેલો સતીમાતાનો ઓટલોય આવી ગયો! પગપાળા જતા વટેમાર્ગુ અહીં બે ઘડીનો વિસામો લઈને નિરાંતવા બની જતા. ભૂતકાળમાં હું પણ ઘણી વખત આ ઓટલે બેઠેલો છું. અહીંથી કોટડા ગામ બસ પાંચસો ડગલા જ દૂર હતું.

મારા પગ કોટડા પહોંચવા ઉતાવળા બન્યા હતા. દૂરથી નજર નાખી તો પીઠાભાઈના મકાન પાસેની ખુલ્લી જગ્યામાં મંડપ બાંધેલો દેખાયો. ત્યાં મહેમાનોની ચહલ-પહલ થતી હતી. આગળ વધીને સામેની બાજુએ નજર નાખી તો જૂની એક ઓરડાવાળી શાળાના બે ઓરડા બની ગયા હતા. કમ્પાઉન્ડમાં જ આંગણવાડીનું અલગ મકાન ઊભું હતું. હું પીઠાભાઈના આંગણામાં જઈને ઉભો રહ્યો. મને જોઈને હરીશ મારી પાસે આવીને બોલ્યો, 'આવી ગયા ભાઈ? સૌ સાજા નરવા તો છે ને? લ્યો, પાણી પીવો.' મેં હસતા ચહેરે હરીશના હાથમાંથી પ્યાલો પીધો. ત્યાં જ મારી નજર પીઠાભાઈના બંને ઘરના સહિયારા આંગણાની બરાબર વચમાં જ ઊભેલી થોરની વાડ પર પડી. હું હેબતાઈ ગયો! થોરની વાડ? બંને મકાનના સહિયારા આંગણામાં આવી થોરની વાડ કોણે કરી? હાથમાં પાણીના પ્યાલા સાથે જ હું નજીકની ખુરશીમાં ફસડાઈ પડ્યો! લગ્ન પ્રસંગે મહેમાનોની ઉપસ્થિતિમાં કોઈને થોરની વાડ વિશે પૂછવાનું મને ઠીક લાગ્યું નહીં. હું શૂન્યમનસ્ક બનીને વાડ સામે જોઈ જ રહ્યો.

પછી તો મારું મન સાવ ઉદાસ બની ગયું. મારી નજર સામે થોરની વાડ જ તરવરવા લાગી. જેમ તેમ થોડું જમીને હું 'થાક લાગ્યો છે' એવું બહાનું બતાવીને નાનજીભાઈના ઘરે જતો રહ્યો. મને જોઈને સામેના ઘરેથી ગોબરભાઈ અમારી પાસે આવ્યા. એકબીજાના ખબર અંતર પૂછ્યા પછી મેં તેમને પીઠાભાઈના બંને મકાનના આંગણાની વચ્ચે ઊભેલી થોરની વાડ બાબતે પૂછ્યું. મારી વાત સાંભળી એ બંને ગળગળા થઈ ગયા. અમે ત્રણેય ગમગીન થઈને બેસી રહ્યા. આખરે ગોબરભાઈ બોલ્યા, 'સાહેબ, થોરની વાડની વાત કરવા જેવી નથી. તમારા અહીંથી ગયાના વરસે પીઠાબાઈએ એમના મકાનની જોડે બીજું મકાન ઊભું કરી દીધું હતું. છ એક મહિના પછી મોટા દીકરા હરજીની વહુએ જુદા રે'વા ભારે દાખડો કર્યો. એનો સ્વભાવ

ભારે તંતીલો અને બાઝકણો સે. એક દી બેય ભાયુના સોકરાં આંગણામાં રમતા રમતા બાઝી પડ્યા. પસી તો સંતોકે વાતનું વતેસર કર્યું! એણે આખુંય ઘર માથે લીધું! અમે બધાઈ ઈમને બઉ વાર્યા પણ એ એકની બે ના થઈ! વળતે દિ' હવારે સંતોકે એના ઘરવાળા હરજી પાંહે બે આંગણાની વચાળે જ કાંટાળા થોરની વાડ કરાવી દીધી. થોરની વાડના ડીંડલાં રોપતી વખતે હરજી રોઈ પડ્યો'તો. સૂનમૂન થઈને ઓસરીમાં બેસી રહેલા પીઠાભાઈ અને લખમીબુનની આંખોય ચૂઈ પડી'તી. અઠવાડિયા પસી તો મોટાની વઉ હરજીને લઈને હીરાના કામે સુરત હાલી ગઈ.' ધીમા અવાજે ગોબરભાઈએ કહ્યું.

'બંને દીકરાના સહિયારા આંગણામાં જ કાંટાળા થોરની વાડ રોપાઈ જતાં પીઠાભાઈ સાવ ઉદાસ બની ગયા હતા. કોઈ કામમાં એમનું મન લાગતું જ નો'તું. ઓસરીમાં બેઠા બેઠા થોરની વાડ સામે જોઈને બસ એ ઝુર્યા જ કરતા હતા. એમનો ખાવાનો ખોરાક પણ ઓછો થઈ ગયો હતો અને થોડા સમય પછી એ બીમાર થઈને ખાટલે પડ્યા....'

'પ...ણ... નાનજીભાઈ એમની બીમારીની વાત તો મને જણાવવી હતી?' મેં ઉતાવળે પૂછી નાખ્યું.

'અરે, એમને એવી કોઈ દેખીતી બીમારી જ નો'તી. બે વખત તો એમને ધારીના દાક્તર પાહે પણ લઈ ગ્યા'તા. અમે બધાંય રાતે એમના ઘેર સુવાણ્યે જતાં ત્યારે એ રઈ રઈને થોરની વાડની જ ચંત્યા કરતા હતા. કહેતા – હરજીની વઉએ ભારે કરી! એમના ઘરવારા લખમીબેને એકવાર અમને કીધેલું - હરીશના બાપા રાતવરત ઊંઘમાંય બોલતા હોય સે 'મારો માસ્તર આવે ને તો આ થોરની વાડ સમૂળગી કાઢી જ નાખે!' આવું બોલ્યાની ઘડીભર પસી એ પોતે જ બોલતા – 'ના, ના, ઈ બચારા જીવને અમારી ઉપાધિમાં શીદને નાંખવો?'

સવારે હું લખમીબેનના ઘેર ગયો ત્યારે ભીતરની બધીય વેદનાને વિસારે પાડીને હસતા મોંએ મીઠો આવકાર આપતા એમણે કહ્યું, 'આવો ભાઈ, લગ્નપ્રસંગે ઝાઝા મે'માનો વચ્ચે અમારાથી તમારી સરભરા ના થઈ એટલે અમને માફ કરજો.' હું બસ એમની સામે જોઈને બેસી જ રહ્યો. અમે બંને સાવ મૂંગા જ હતા, પણ અમારી આંખમાં ઝળઝળિયા આવી ગયા હતા. હું આંસુભરી આંખે દીવાલ પર ટીંગાડેલા દિવંગત પીઠાભાઈના સુખડનો હાર ચડાવેલ ફોટો સામે જોઈ રહ્યો હતો. ત્યારે દબાતા અવાજમાં લખમીબેન બોલ્યા, 'હરીશના બાપાને રામના તેડા આવ્યા તંઈ તમને બઉ હંભાળતા'તા. તમારો મોં-મેળાપ કરવાની એમની છેલ્લી અબળખા અધૂરી જ રહી ગઈ.'

'સુરતથી હરજી ને કોઈ આ લગ્નપ્રસંગમાં નો'તા આવ્યા?' વાત બદલવાના ઈરાદે મેં પૂછ્યું.

'આ લગનપરસંગે મોટાને તેડવા કટંબના બધાંય ભઈયું અને હું ઠેઠ સુરત લગણ જઈ આયા, કાલાવાલા કર્યા તોય એની વઉએ લગનમાં કોઈનેય આવવા જ ના દીધા. શું કરીએ ભઈ? અમારા કરમની કેવી કઠણાઈ? પંડ્યના જણ્યા જ માવતરની વાત માને નઈ એટલે શું કરવાનું? આપણા પેટ ફાટે તંઈ પાટા કેવી રીતે બંધાય? આંખમાંથી ટપકતા આંસુઓને સાડલાના છેડા વડે લૂછતા લખમીબેન બોલ્યા.

લખમીબેનની વાત સાંભળીને હું ગમગીન બની ગયો. એમને સાંત્વના આપવા માટે મારી પાસે શબ્દો જ નહોતા.

સામેની શાળાનો દરવાજો ખુલ્લો હતો. શનિવાર હોવાથી શાળા છૂટી ગઈ હતી. હું તે તરફ આવ્યો. મને જોઈને શાળાના શિક્ષક હસતા હસતા મારી સામે આવ્યા. 'તમે જ દિનેશભાઈ સાહેબ?' મેં હા કહ્યું. 'હું ગોવિંદભાઈ. પંદરેક વર્ષથી અહીં ફરજ બજાવું છું. એમના કાર્યાલયમાં બેસીને અમે શાળા, બાળકો અને શિક્ષણની વાતો કરી. થોડીવાર પછી મેં એમને પીઠાભાઈના મકાના આંગણામાં ઉભેલી થોરની વાડની વાત કરી. મારી વાત સાંભળ્યા પછી એમણે કહ્યું, એક જ માવતરના બે સંતાનોના સહિયારા આંગણાની વચમાં જ માવતરની હયાતીમાં થોરની વાડ ઊભી થઈ જાય એ કોઈ પણ મા-બાપ જીરવી ના શકે. થોરની વાડના કાંટા ત્યાં રહેનારને તો વાગે જ છે પણ દૂરથી આ વાડ જોનારના દિલમાં પણ વેદના જન્માવી જાય છે. ખડતલ અને સાજા નરવા પીઠાભાઈ આંગણામાં ઊભી થયેલી થોરની વાડને જીરવી ના શક્યા. એ વાડ જોઈ, એ મનથી સાવ ભાંગી પડ્યા હતા. બીજી રીતે કહું તો આ વાડને કારણે જ એમની આવરદા બે-ત્રણ વર્ષ ઘટી ગઈ હશે. મોટી વહુ સંતોકને મેં મારી રીતે ઘણી સમજાવી હતી. પણ સમજણ વગરની સંતોકે કોઈની વાત કાને ધરી જ નહીં.'

'ગોવિંદભાઈ, આ થોરની વાડ કોઈ રીતે નહીં નીકળે?' મેં આશાભર્યા અવાજે પૂછ્યું.

'સમય જતા સંતોકના મનમાં સારા નરસાને સમજવાનો વિવેક જાગે અને સહિયારા આંગણાની વચમાં થોરની વાડ રોપાય જ નહીં એવી સમજણ એનામાં પ્રગટે, તો એ પોતે જ હરજી મારફત થોરની વાડ કઢાવી નાંખે નહિંતર પછી...

'નહિંતર પછી શું? તમારી વાત મને બરાબર સમજાઈ નહીં.' મેં અધિરાઈથી પૂછ્યું.

'જુઓ, મારું મન પૂરેપૂરી સાખ પૂરે છે કે જે કામ કરવામાં

માનવીના હાથ ટૂંકા પડે એ કામ કુદરતને જ સોંપી દેવું જોઈએ. નિશ્ચિત સમય આવે ત્યારે જે મુશ્કેલ કામ માનવી નહોતો કરી શક્યો એ જ કામ કુદરત એવી આબાદ રીતે પાર પાડે છે કે જેની આપણને કલ્પના સુદ્ધાં ન હોય. હા, આપણે થોડી ધીરજ રાખવી પડે.'

કોટડા શાળાના શિક્ષક ગોવિંદભાઈના બોલેલા શબ્દોને મનમાં સંઘરીને સાંજના સમયે ભગ્ન હૃદયે મેં ગામમાંથી વિદાય લીધી.

બે એક વર્ષ પછી ધારીમાં રહેતા મિત્ર હિંમતભાઈના આગ્રહભર્યા આમંત્રણથી તેમના ઘેર જવાનું થયું. તુલસીશ્યામ, ધારી ડેમ અને આંબરડી સફારી પાર્કની બે દિવસની મુલાકાતે જઈ આવ્યા પછી મારા મનમાં થયું, આટલે સુધી આવ્યો જ છું તો કોટડા પણ આંટો મારતો આવું અને હું કોટડા પહોંચ્યો.

કોટડા ગામની ભાગોળે પહોંચતા જ સૌપ્રથમ મેં પીઠાભાઈના ઘરના આંગણા તરફ નજર નાખી. ત્યાં મેં જે કંઈ જોયું એનાથી હું સ્તબ્ધ બની ગયો. પહેલા તો મને લાગ્યું કે હું જે કંઈ જોઈ રહ્યો છું એમાં કદાચ મારી આંખની જ ખામી હશે. હું ઝડપથી આંગણામાં જઈને ઉભો રહ્યો. આંગણાની મધ્યમાં ઊભેલી થોરની વાડ દૂર ગઈ હતી. એની જગ્યાએ વ્યવસ્થિત ક્યારા બનાવીને એમાં ગુલાબ, કરેણ, બારમાસી, તુલસી, ડમરો અને મોગરાના ફૂલના છોડ રોપાયેલા હતા. આંગણાના એક ખૂણામાં દસેક ફૂટ ઊંચો પીપળો એના નવાનકોર પાન સાથે ઝગારા મારતો ઉભો હતો. પવનની લહેરખી આવતા જ એ ફૂલ-છોડ અને પીપળો આમતેમ ડોલતા હતા. બે ઘડી જોવું ગમે એવું દૃશ્ય હતું. હું કંઈક વધુ વિચારું એ પહેલા જ લખમીબેન અને સામેની શાળામાંથી ગોવિંદભાઈ મારી પાસે આવ્યા. હસતા ચહેરે મેં તેમને પૂછ્યું, 'સાહેબ, આવો ચમત્કાર કેવી રીતે થઈ ગયો?'

'બસ, જેવી કુદરતની મરજી! ગયા અષાઢ મહિનાની એ મેઘલી રાતે સાંબેલાધારે મન મૂકીને વરસેલા વરસાદે ગીર પંથકમાં આઠ દિવસની હેલી કરીને સર્વત્ર જળબંબાકાર કરી દીધું. પીઠાભાઈના મકાનની પડથાર તો ઊંચી હતી પણ આ આંગણામાં વરસાદનું બે ફૂટ જેટલું પાણી પાંચેક દિવસ ભરાઈ રહેલું. ભરાયેલ પાણીના કારણે વાડમાં ઊભેલા થોરના મૂળ કોહવાઈ ગયા. પાણી ઓસર્યાના બીજા દિવસે થોરની આ આખી વાડ હરજીના આંગણાની બાજુ ઉથલી પડી! નિશાળ માટે ફૂલ-છોડ લેવા હું ધારી ગયેલો. ત્યાંથી આમને માટે પણ ફૂલ-છોડ લાવેલો. બંને જેઠાણી-દેરાણીએ ભેગા મળીને એમની રીતે આંગણામાં એને રોપી દીધા. દિનેશભાઈ, અનુભવી માણસો કહી ગયા છે કે જે સમસ્યાનો ઉકેલ માનવીની સમજણ બહારનો લાગે, એવી સમસ્યાને ઉકેલવાનું કામ આપણે સમય અને કુદરત પર જ છોડી દેવું જોઈએ. થોરની વાડ બાબતમાં કંઈક આવું જ બન્યું કહેવાય. અને બીજું, ક્ષણ ક્ષણ બનીને કાળના ગર્ભમાં વિલીન થઈ જતા સમયની અમોઘ અને અસીમ તાકાતને ક્યારેય કોઈનાતી નજરઅંદાજ કરી શકાય જ નહીં.' વાત પૂરી કરતા ગોવિંદભાઈ બોલ્યા.

મેં આંગણામાં આવી ઉભેલા લખમીબેનની સામે જોયું. સુરતથી હરજી, મોટી વહુ અને છોકરા અઠવાડિયું અહીં રોકાવા આયા'તા. પણ ભારે વરસાદને કારણે ઈમનાથી સુરત જવા નીકળાયું નહીં. અનરાધાર પડેલા વરસાદને કારણે બે વર્ષથી હંચાર્યા વગરના આખાયે ઘરમાં પાર વગરના ચુવા થયા હતા. સૂવા બેસવાનું તો ઠીક પણ ઘરમાં ઊભા રહેવાની જગ્યા પણ કોરી નહોતી રહી. ઘરમાં શાકભાજી, લોટ, ચા-મોરસ કે ખીચડી ઓરવાના ચોખા કશુંય બચ્યું જ નહોતું. ગમે તેમ તોય એ બધા મારા જ જણ્યા કે'વાય. અડધી રાતે વરસતા વરસાદમાં હું અને નાની વઉ ત્યાં જઈને બધાને આ ઘરે અમારી ભેગા લઈ આવ્યા. જે કંઈ લૂખું-સૂકું હશે એ ભેગા બેસીને ખઈશું. સંતોષના ભાવ સાથે એમણે કહ્યું.

આ દરમિયાન મોટા હરજીના વહુ સંતોક ઓસરીમાં આવીને ઊભા હતા. લાજના ઘુમટાને સહેજ આઘો કરીને એમણે કહ્યું, 'માડી, મારા નાનકા દેરને મેં બહુ વર્ષે જોયા છે. બે ભાઈઓના આંગણા વચ્ચે વચાળે થોરની વાડ કરાવીને તમારા બધાયની હાર્યે મેં ઈમનાય દિલને દુભવ્યું તું. મારી કમત્ય અને ભૂલને કારણે જે દેવ જેવા મારા હહરાના અંતરમાં છેલ્લી ઘડી હુધી અજંપો રહ્યો તો, એ વાતનો વસવસો આઈખાભર મારા મનમાં રહેશે. એમના આતમાની સદ્ગતિ થાય એટલા માટે કાલ્ય હવારે આપણે બધાએ પરાંચીના પેપરે પાણી રેડવા જવાનું છે. તમે બરાબર ટાઈમસર આવી પુગ્યાસો. કાલ્ય અમારી ભેળા તમારે હાલવાનું છે. બસ, મારા લાડકા દેર હવે તમે તમારી મોટી ભાભીને માફ કરી દેજો. આજે આપણે બધા એક જ રસોડે ભેગા બેસીને વાળું કરશું.'

સંતોકની વાત પૂરી થઈ ત્યાં સુધીમાં તો હરજી અને હરીશ આવીને મારી અડખે-પડખે ઊભા રહી ગયા.

અને ઘણાંય વર્ષો પછી ત્રણેય દીકરાઓને એકસાથે ઊભેલા જોઈને લખમીબેનના મોં ઉપર આછો મલકાટ પથરાઈ ગયો. એટલું જ નહીં, આંગણામાં હાજર હતા એ બધાયના ચહેરા એક અનોખા પ્રકારના આનંદથી તરબતર બની રહ્યા.

*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, કલીકુંડ, ધોળકા.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

*સમાજની સાથે તસવીરમાં નહીં પણ સમાજની તકલીફમાં સાથે દેખાય તે સાચા સમાજ સેવક... બાકી આગેવાન તો બધાને થવું છે.*

વાર્તા

# ભૂતાવળ



પૂજા ટોપરાણી

ઘાટકોપર ઈસ્ટના રાજાવાડી વિસ્તારમાં ત્રણ પ્લોટમાંથી બનાવેલા એક વિશાળ બંગલામાં નીચે હોલમાં પ્રતાપરાય ભાનુશાલી ઉદાસ ચહેરે બેઠા હતા. તેમની આજુબાજુ રાજકારણ સાથે જોડાયેલા તેમજ સમાજના પ્રતિષ્ઠિત કહી શકાય તેવા લોકો બેઠા હતા.

ચાર દિવસ પહેલા જ તેમના એકના એક સુપુત્ર વિશાલનું કોઈ અજાણ્યા લોકોએ ખૂન કરી નાખ્યું હતું. પ્રતાપરાય એક રાજકીય પાર્ટી સાથે જોડાયેલા હતા. તેથી બધા એ જ ચર્ચા કરતા હતા કે આ કામ કદાચ ઓપોઝીશન પાર્ટીનું હોઈ શકે.

બીજા દિવસે સવારે પ્રતાપરાય આ જ બાબતની ચર્ચા કરવા પાર્ટી ઓફિસ જવા નીકળ્યા. ઘરે તેમના પત્ની સીતા એકલા જ હતા. તેઓ પોતાના બેડરૂમમાં શૂન્યમનસ્ક બેઠા હતા. ત્યાં તો વર્ષોથી તેમની સાથે જ રહેતા સીતાના અતિ વિશ્વાસુ જમના માસીએ આવીને કહ્યું : 'સીતા, નીચે પોલીસ આવી છે.'

કારમા ઘા ની પીડા, સતત થતા પૃથક્કરણને લીધે બેવડાઈ જતી હોય છે. પગથિયા ઉતરતી વખતે સીતાએ જોયું કે એક ઊંચો પાતળો યુવાન, પોલીસ વર્દીમાં વિશાલે બનાવેલી પેઈન્ટીંગ નિરખી રહ્યો હતો. વિશાલે બનાવેલી તે છેલ્લી પેઈન્ટીંગ સીતાને ખૂબ જ ગમી ગયેલી.

પગરવનો અવાજ સાંભળી તે યુવાને પાછળ ફરીને જોયું. ત્રીસેક વર્ષના તે યુવાનનો ચહેરો જોઈ સીતા સ્તબ્ધ બની ગઈ. તે થોડીક ક્ષણો સુધી યુવાન ચહેરાને નિરખતી જ રહી. એ જ ચહેરો, એવા જ ઘુઘરાળા કાળા વાળ અને એવી જ છટા!

થોડીક ક્ષણોમાં સજાગ બની, સીતાએ હાથના ઈશારે યુવાનને સોફામાં બેસવા કહ્યું.

યુવાન જાણે દરેક બાબતનું નિરીક્ષણ કરતો હોય તેમ અહીં તહીં જોતો રહ્યો અને પછી બોલ્યો : 'આઈ એમ સોરી, જે બન્યું તે માટે હું ખૂબ દિલગીર છું. આ કેસનો ઈન્ચાર્જ હું છું. આઈ એમ ઈન્સ્પેક્ટર અજય મંગે. મારે જાણવું છે કે આ બધું કઈ રીતે બન્યું?'

અચાનક સીતાની આંખોમાં આંસુ ઉભરાયા. હું તેમને ન ઓળખી શકી એમ કહી તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી.

પચાસેક વર્ષની સ્ત્રીને આ રીતે રડતી જોવાના બનાવો ઈન્સ્પેક્ટર તરીકે હમણાં જ શરૂ થયેલી કારકિર્દીમાં ઝાઝા નહોતા બનેલા. તે ઊભા થતા બોલ્યો : આ મારું કાર્ડ રાખો. તમને કંઈ યાદ આવે તો મને કોઈપણ ટાઈમે ફોન કરી શકો છો. તપાસ માટે આમ પણ મારે અવારનવાર આવવું પડશે.

ક્ષણનાય વિલંબ વગર સીતા બોલી : 'છેલ્લા કેટલાક દિવસથી વિશાલ પરેશાન હતો. ખાસ કરીને તેની માનેલી બહેન સ્વાતિના આપઘાત પછી.'

ઈન્સ્પેક્ટર અજયની આંખમાં ચમકારો થયો. તેણે સીધું જ પૂછ્યું : 'સ્વાતિ, તો તે જ ને, જેનું નામ ડ્રગ્સની હેરાફેરી માટે ઉછળ્યું હતું?'

સીતા કશું જ ન બોલી શકી. અચાનક જ તે સોફામાં ફસડાઈ પડી. ઈન્સ્પેક્ટર અજય પણ વધારે પૂછ્યા વગર ચાલ્યો ગયો. થોડીવાર પછી જમનામાસી નીચે આવ્યા. તેમણે સીતાને બબડાટ કરતા જોઈ પૂછ્યું : 'સીતા...?! શું થયું સીતા?' આટલું પૂછી સીતાના માથા પર હાથ ફેરવવા લાગ્યા.

સીતાએ આંસુભરી આંખે જમનામાસી સામે જોયું અને કંપતા સ્વરે પૂછ્યું : હું તો પાડોશીના નાતે તમને માસી કહેતી હતી પરંતુ તમે તો વિજયના સગા કાકી હતા! તમને પણ ખબર ન પડી કે વિજયનું શું થયું? તે મને ખરેખર મૂકીને ચાલ્યો ગયો હતો કે પછી...??

એક ક્ષણ... માત્ર એક જ ક્ષણ જમનામાસીનું શરીર ધ્રુજ્યું. પરંતુ બીજી જ ક્ષણે સ્વસ્થ થઈ તે બોલ્યા : બેટા, અત્યારે તું ભૂતકાળ યાદ નહીં કર. કેટલી થાકી ગઈ છે. તું ચાલ... તારા બેડરૂમમાં જા... હું તારા માટે કોફી બનાવું છું.

જમનામાસીની વર્તણુંક અને બનેલા બનાવોએ સીતાને ઘણા બધા પ્રશ્નોના જવાબો આપી દીધા.

બે મિનિટ પછી બેડ પર આડી પડેલી સીતાની આંખો સમક્ષ પોતાનો ભૂતકાળ તાદૃશ્ય થવા લાગ્યો.

કચ્છનું નાનકડું ગામ. પડોશમાં રહેતા જમનામાસીનો ભત્રીજો વિજય... સીતાથી બે જ વર્ષ મોટો. ભારે સ્વાભિમાની અને ભણવામાં તેજસ્વી. કોલેજમાં આવ્યા પછી બચપણની દોસ્તી ક્યારે પ્રેમમાં પરિણમી તે સીતા અને વિજયને ખબર જ ન રહી.

કોઈ નબળી ક્ષણે બંને નજદીક આવી ગયા. સીતામાં થતા શારીરિક ફેરફારો જોઈ કોઠા ડાહ્યા સીતાના મમ્મીએ જમનામાસીને વાત કરી અને પંદર જ દિવસમાં વિજય અને સીતાના લગ્ન ગોઠવી દેવાનો નિર્ણય લેવાયો.

તે દરમિયાન ગામમાં નાતનો મેળાવડો યોજાયો હતો. દર વર્ષે ત્રણ દિવસ ચાલતા આ મેળાવડાના મુખ્ય આયોજક શંકરભાઈ ભાનુશાલી રહેતા. મુંબઈ સ્થાયી થયેલા શંકરભાઈ દર વર્ષે આ પ્રસંગ માટે ખાસ ગામમાં આવતા.

આ મેળાવડા દરમિયાન જ શંકરભાઈના એકના એક પુત્ર પ્રતાપની નજર સીતા પર પડી અને બીજા જ દિવસે શંકરભાઈ તરફથી સીતા માટે કહેણ આવ્યું. શંકરભાઈ જેવા નાતના મોભી તરફથી આવેલા કહેણને જો કે સીતાના મા-બાપે વિવેકસર ના પાડી. શંકરભાઈએ પણ આ વાત હસતા હસતા સ્વિકારી લીધી.

પરંતુ લગ્નના ચાર દિવસ પહેલા વિજયના ગૂમ થવાના સમાચારે નાનકડા ગામમાં ખળભળાટ મચાવી દીધો. અઠવાડિયાની ભાગદોડને અંતે પણ વિજયનો ક્યાંય પત્તો ન લાગ્યો.

છેવટે શંકરભાઈ આવીને સીતાના માતા-પિતાને આશ્વાસન આપી ગયા. તમારી સીતાનો હાથ મારો પુત્ર પ્રતાપ પકડી લેશે.

શંકરભાઈ મુંબઈ રવાના થઈ ગયા પછી થોડા મહિનાઓ માટે સીતા, તેના મમ્મી-પપ્પા અને જમાનામાસી ભુજના એક ગેસ્ટ હાઉસમાં રહેવા ચાલ્યા ગયા.

પ્રસૂતિકાળ દરમિયાન બેભાન બનેલી સીતા જ્યારે ભાનમાં આવી ત્યારે જમનામાસીએ તેને સમાચાર આપ્યા કે તેના કૂખે મરેલો બાળક જનમ્યો છે! સીતા ત્યારે હતપ્રભ રહી ગઈ. વિજય પણ ચાલ્યો ગયો અને તેની નિશાની પણ...

ત્યાર પછી સીતાના લગ્ન પ્રતાપ સાથે કરી નાખવામાં આવ્યા. બાંભડાઈ ગામમાં સાત દિવસ સુધી ચાલેલા લગ્નોત્સવ પછી કન્યા વિદાય વખતે સમગ્ર ગામ ઉપસ્થિત રહેલું. સીતાના આગ્રહને કારણે એકલા થઈ ગયેલા જમનામાસી પણ મુંબઈ જવા જોડાયા.

સીતા જ્યારે યાદદાસ્તના સમંદરમાંથી બહાર આવી ત્યારે બપોરના બે વાગવા આવ્યા હતા.

ત્યાં તો કોફી લઈને જમનામાસી બેડરૂમમાં દાખલ થયા. કોફીનો મગ હાથમાં લઈને સીતાએ પૂછ્યું : માસી, મને એવું લાગે છે કે મારાથી તમે ઘણી વાતો છુપાવી છે. તમને મારા સમ છે, જો મારાથી એક પણ વાત છાની રાખી છે તો!

જમનામાસી બેડના કિનારે બેસી ઊંડો શ્વાસ લઈને સ્વસ્થ અવાજે બોલ્યા : સીતા, પચ્ચીસ વર્ષ પહેલા જે બન્યું હતું તે અતિ ભયંકર હતું. ગૂમ થવાના બે દિવસ પહેલા વિજયે શંકરના બદ્ઈરાદા વિશે આડકતરો ઈશારો કરેલો, પણ પણ હું તેને બચાવી ન શકી. પરંતુ તારી કૂખ ઉજાડવાના શંકરીયાના પ્રયાસને મેં સફળ થવા ન દીધો. તારા અને વિજયના દીકરાને હું મારા હાથે અનાથાશ્રમમાં મૂકી આવી. ભલી નર્સ મને કામમાં આવી ગઈ અને દુનિયાને જાણ કરાઈ કે તારી કુખે મૃત બાળક જનમ્યો છે. જો આમ ન કર્યું હોત તો... તો શંકર... પછીનું વાક્ય જમનામાસી ગળી ગયા. છેવટે તેમણે એટલું જ કહ્યું : ઈન્સ્પેકટ અજય મંગે એ જ તારો પુત્ર છે. તારો અને વિજયનો!

બપોરે ત્રણ વાગે ડાઈનિંગ ટેબલ પર સીતાની સામે પ્રતાપરાય બેઠા ત્યારે તે નશામાં ચૂર હતા. સીતા તેનો અર્થ બરોબર જાણતી હતી. પણ આ વખતે તે તૈયાર હતી. નેપકીન ખોળામાં ગોઠવીને ધમકીભર્યા સ્વરે સીતા તરફ જોયા વગર બોલ્યા : પૂછપરછ માટે પોલીસમાંથી કોઈ આવે ત્યારે તારું સડેલું મોઢું બંધ રાખજે અને... અને ચાર દિવસ પહેલા જે બન્યું હતું તે બધું ભૂલી જાજે નહિં તો તારી ખેર નથી.

લગ્ન જીવનના આટલા વર્ષોમાં પ્રથમ જ વખત અભેદ મૌનની દીવાલ તોડી સીતા ઠંડે કલેજે બોલી : તમારા પાપનો ઘડો ભરાઈ ગયો છે, પ્રતાપરાય! હવે તમને કોઈ બચાવી શકે તેમ નથી.

પ્રતાપરાયના માનવામાં ન આવ્યું કે સામે બેઠેલી સ્ત્રી તેની પત્ની સીતા હોઈ શકે! ગુસ્સાથી પાગલ બની તે ઊભા થયા અને સીતા તરફ ધસી ગયા. તેનો હાથ ઉપડે તે પહેલા જ 'સટાક' કરતી જોરદાર થપ્પડ તેના ગાલ પર પડી અને સીતાનો ધારદાર અવાજ શાંત વાતાવરણમાં ગુંજી ઉઠ્યો : આ મારા વિજયને ગૂમ કરવા બદલ અને આ... આ... મારા વિશાલના બેહાલ કરવા બદલ. બીજી વખત ઉદ્ભવેલા 'સટાક' અવાજની સાથે જ પ્રતાપરાય ભોંયભેગા થયા. અધમૂઆ થયેલા પ્રતાપરાયની ડરેલી આંખોએ જોયું કે સીતા મોબાઈલ પર નંબર ડાયલ કરી રહી હતી. જમનામાસી તેની પડખે જ ઊભા હતા.

બીજા જ દિવસે નાના મોટા દરેક છાપાઓમાં અને લોકલ ટી.વી. ચેનલો પર બ્રેકિંગ ન્યુઝ છવાયેલા રહ્યા :

"પિતાના હાથે પુત્રનું ખૂન. પ્રતાપરાય બેનકાબ!"

"પ્રતિષ્ઠિત રાજકીય જીવનના મોભા હેઠળ ડ્રગ્સનો કારોબાર."

"ગવાહ બનેલી પુત્રની માતા ઈન્સ્પેક્ટર અજય મંગેની સુરક્ષામાં."

તે જ રાત્રે પ્રતાપરાયના બંગલામાં જમનામાસીનું અટ્ટહાસ્ય લાંબા સમય સુધી પડઘાતું રહ્યું : લે... લે... લેતો જા નરાધમ... તારી રાવણની લંકા ભૂતાવળ બની ગઈ ને...!!! ■

*એકઠા તો બધા થાય છે, બસ તકલીફ તો એક થવામાં છે.*

વાર્તા

# વેણી

રાજેન્દ્ર છેડા

દાદી કાંતાબાએ વેણીના મોં સામે છેલ્લી નજર કરીને દેહ છોડી દીધો. કેટલી વહાલી હતી વેણી એમને! હર્યાભર્યા પરિવારમાં ચાલીસની વેણી કાંતાબાને સૌથી વધારે વહાલી હતી. એમાં કંઈ ખોટું નહોતું.

સમજણ અને સંસ્કારોનો ખજાનો એટલે વેણી. જીવણભાઈ અને રંજનબેનની વહાલસોઈ દીકરી એટલે વેણી. જીવણભાઈને સંતાનોમાં વેણી સિવાય પણ બે દીકરા હતા. એમાં વેણી સૌથી મોટી.

બાળપણથી જ લાડકોડમાં ઉછરેલી વેણી પર ‘‘ઘરખોઈ’’ની છાપ કાંતાબાએ જ લગાવી હતી અને અંત સમયે યાદ કરનાર પણ કાંતાબા!

વેણીનો જન્મ થયો ત્યારે પરિવારમાં અઢળક આનંદ છવાઈ ગયો હતો. આ પરિવારમાં ત્રીજી પેઢીએ દીકરીનો જન્મ થયો હતો. પછી ખુશી તો હોય જ ને! જો કે વેણીના ડાબ પગે થોડી ખોડ છે એની ખબર તો જન્મના થોડા દિવસો પછી ધ્યાનમાં આવ્યું. આ ખોડના લીધે તો આખો પરિવાર વેણીનું વિશેષ ધ્યાન રાખવા લાગ્યો.

ઉકરડા અને દીકરીને વધતા વાર ના લાગે એમ વેણીએ ક્યારે પા પા પગલી માંડીને ક્યારે પાંચ વર્ષની થઈ ગઈ એય ખ્યાલ ના રહ્યો. નિશાળે વેણીને લઈને જીવણભાઈ પહેલા ધોરણમાં દાખલ કરવા ગયા ત્યારે એમણે આચાર્ય સાહેબને ખાસ ભલામણ કરી. ખૂબ લાડ પ્યારમાં ઉછરેલી વેણી માંડ માંડ એક મહિને શાળામાં નિયમિત થઈ. મહિને નિયમિત થયેલી વેણીએ એના પછી અભ્યાસમાં પાછું વળીને જોયું નથી.

અભ્યાસમાં કાયમ અગ્રેસર વેણીનું બહેનપણીઓનું વિશાળ ગ્રુપ. મોટી રીસેસમાં ઝડપભેર લંગડાતા પગે દોડીને દુકાનેથી ધોળા ટીકડા લાવીને બહેનપણીઓને આપતી વેણીનો આનંદ જ કંઈક અલગ હોય. આ ટીકડાનો ભાગીદાર એક અનાથ છોકરો પણ ખરો! માસીના ઘેર રહીને ભણતો અને બે વર્ષની ઉંમરે મા-બાપ ગુમાવનાર વિજયને ખાસ યાદ કરીને વેણી લાવેલ વસ્તુ આપે.

વેણીના ધોરણમાં તો ઠીક છે પરંતુ શાળાના કોઈ પણ બાળક પાસે પેન્સિલ, પેન કે અન્ય કોઈ સામગ્રી ના હોય તો એનો આશરો આ વેણી. વેણીની આ ઉદારતાથી મા-બાપ સારી રીતે વાકેફ હતા. એટલે તો વેણીને આ બધા ખર્ચ માટે કોઈ રોકટોક નહોતી. આમેય એક જ શેઢે આવેલી સો વિઘા જમીનના માલીક હતા જીવણભાઈ. પછી બાળપણથી જ પરોપકારના રંગે રંગાયેલ દીકરીને આવા કામ માટે કેમ ના કહે? હા, થોડા ચીકણા સ્વભાવના કાંતાબાએ વેણીની આ ઉદારતાને ‘‘ઘરખોઈ’’ની પદવી આપી દીધી.

જોતજોતામાં વેણીએ દસમું ધોરણ પાસ કરી દીધું. આખા ગામમાંથી દસમા ધોરણમાં અગ્રેસર રહેનાર બે બાળકો હતા. એક વેણી અને બીજો વિજય. અત્યાર સુધી વેણીએ વિજયની ઘણીવાર મદદ કરી હતી. વિજયના માસીનો પરિવાર આમ તો ખેતમજૂરી કરીને ગુજરાન ચલાવે છે છતાંય વિજયને ભણાવી રહ્યો છે. હવે આગળ ભણાશે કે કેમ એ બાબતે વિજય ગમગીન થઈ ગયો. એ પરિણામ હાથમાં લઈને વેણી પાસે ગયો. વેણીને પરિણામ બતાવીને બોલ્યો, ‘વેણી! આ પરિણામ તો ખૂબ સરસ આવ્યું છે પરંતુ માસીના ઘરની પરિસ્થિતિ જોતાં આગળ ભણાશે કે કેમ એ બાબતે મને શંકા છે. મારે આગળ ભણીને નોકરી મેળવવી છે ને માસીના પરિવારને મદદરૂપ થવું છે.’

વેણી ઘડીભર વિજયને જોઈ જ રહી. આજે વેણી વિજયને ધારીધારીને પ્રથમ વખત જોઈ રહી હતી. વિજય નીચું જોઇ ગયો. ત્યાં જ વેણી બોલી, ‘તું ચિંતા ના કર વિજય. અગીયારમામાં પ્રવેશ લઈ લે. બધું સારું થશે. સૌ સારા વાના થશે. ફી ભરવાના પૈસા હું આપીશ.’

અઠવાડિયું વીતી ગયું. વેણીએ તો ધોરણ અગીયારમાં પ્રવેશ લઈ લીધો અને ફી પણ ભરી દીધી. પરંતુ વિજયનું શું? એને મદદ તો કરવી જ હતી પરંતુ આ મદદ થોડી પાંચ દસ રૂપિયાની હતી? અચાનક એના મગજમાં ઝબકારો થયો. પરિણામના બીજા દિવસે જીવણભાઈએ લઈ આપેલ બે તોલાનો ગળામાં પહેરેલ અછોડો યાદ આવ્યો. ઘડીનોય વિલંબ કર્યા વગર વેણીએ સોની બજારમાં જઈને અછોડો વેચી દીધો ને આવેલ

રૂપિયા વિજયને આપી દીધા. વિજય ગળગળો થઈને બોલ્યો, 'ખૂબ ખૂબ આભાર વેણી. હું ભવિષ્યમાં એક એક રૂપિયો ચૂકવી દઈશ વેણી!'

બિચારા વિજયને ક્યાં ખબર હતી કે વેણીએ અછોડો વેચીને રૂપિયા આપ્યા છે?

કિશોર વયની વેણીએ એની બુદ્ધિ પ્રમાણે ઘણું મનોમંથન કર્યું હતું. એણે વિજયને મદદ પણ નિર્વિકાર ભાવે જ કરી હતી. એણે મનોમન નક્કી કર્યું હતું કે, ભવિષ્યમાં સાચી હકીકત મા-બાપને જરૂર જણાવીશ. પરંતુ અત્યારે તો એણે એના ઘરમાં જ ચોરી કર્યા જેવું હતું. સાંજે ઘેર પહોંચીને વેણીએ રંજનબેનને કહ્યું, 'મમ્મી, મારો અછોડો ક્યાંક પડી ગયો.'

લાડકવાયી દીકરીને ઠેસ ઠપકાની તો વાત જ ક્યાં હતી? જીવણભાઈએ એક અઠવાડિયામાં તો બીજો અછોડો પણ લઈ આપ્યો. હા, કાંતાબાએ હસતા હસતા જરૂર કહ્યું, 'મેં ઘરખોઈ નામ કંઈ સાવ અમથું નથી પાડ્યું.'

વેણી અને વિજયનું બારમું ધોરણ પણ એ જ હોંશિયારી સાથે પૂરું થયું. વેણીને વિજયની કોલેજની ફી ની ચિંતા થઈ આવી. વેણી હવે કિશોરાવસ્થા વટાવીને યુવાનીના ઉંબરે પગ મૂકી ચૂકી હતી. એના વિચારો અને વર્તન પણ હવે પરિપક્વ બની ચૂક્યા હતા. સામાજિક રીતિરીવાજ મુજબ એના સગપણની ચર્ચા પણ ઘરમાં થવા લાગી હતી પરંતુ એક વખતનો વિજય સાથેનો નિર્વિકાર ભાવ આજે એકતરફી પ્રેમના પગથિયે ચડીને ઉભો રહ્યો હતો એનું શું? હવે એને સતત વિજયના જ વિચાર આવતા હતા. વિજયને મદદ કરવી એ હવે વેણી પોતાની ફરજ સમજી રહી હતી.

ફરીથી ગળાનો અછોડો એને સહાયભૂત થઈ પડ્યો. એના સિવાય પણ મા-બાપ તરફથી હાથખર્ચી તો મળતી જ હતી ને! 'આધા મેં સે આધા' – જીવનમંત્ર થઈ પડ્યો વેણીનો.

વેણીના સગપણની ચર્ચા થવા લાગી ઘરમાં. કેટલાક વધુ ભણેલા મુરતિયા ઘેર જોવા પણ આવતા હતા. પરંતુ વેણીની સામાન્ય ખોડને જોઈને પરત ફરતા હતા. વેણી વિજય સાથેના એકતરફી પ્રેમમાં ખોવાયેલ હતી. એટલે શરૂઆતમાં તો મનોમન રાજી થતી હતી. પરંતુ હવે એને એની જિંદગીની વાસ્તવિક્તાનું ભાન થઈ ગયું હતું.

ભગવાને ખોબેખોબા ભરીને આપેલું રૂપ, અભ્યાસ, હોંશિયારી અને સંસ્કાર-સાહ્યબી સામાન્ય પગની ખોડ આગળ સાવ વામણા દેખાવા લાગ્યા. હવે વેણીને 'વિજય પણ બધાની જેમ મને અપંગ ગણતો નહીં હોય ને?' – વેણીના મનમાં શંકાનો કીડો સળવળી ઉઠ્યો.

'ના, હવે. વિજયની આગળ પણ સામેથી પ્રેમનો એકરાર નથી જ કરવો. આખી જિંદગી પરિવારની સેવા કરીને જિંદગી પસાર કરી દઈશ.' – મનોમન બબડતી વેણી મનથી નાસીપાસ થઈ ગઈ.

જીવણભાઈ અને રંજનબેનને પણ હવે દીકરીની ચિંતા પેઠી. એમને પણ અત્યાર સુધી એમ જ હતું કે, 'પાંચમાં પૂછાતો પરિવાર અને દીકરીનું શિક્ષણ છે એટલે દીકરીને સારામાં સારું ઘર મળશે.' પરંતુ એ ઇચ્છા, આકાંક્ષાઓ ભાંગીને ભૂક્કો થઈ ગઈ હતી.

હમણાં એક સારા ઘરનું માગું આવ્યું છે. મુરતિયો ત્રીસ વર્ષનો અને એક બાળકનો બાપ છે. એની પ્રથમ પત્ની આકસ્મિક મૃત્યુ પામેલ છે. જીવણભાઈ અને રંજનબેન આ સંબંધ બાબતે મનોમંથન કરી રહ્યા છે. વેણી તો આ સંબંધ બાબતે મનમાં નક્કી કરીને જ બેઠી છે કે, 'બાપુજી સામે આજ સુધી ક્યારેય નથી બોલી પરંતુ આ સંબંધ બાબતે દબાણ કરશે તો કહી દઈશ કે મારે લગ્ન જ નથી કરવા. આજીવન પરિવારની સેવા કરવી છે.' જો કે વિચારણાને અંતે જીવણભાઈએ જ આ સંબંધ બાબતે પૂર્ણવિરામ મૂકી દીધું.

વેણીનું ગ્રેજ્યુએશન પૂરું થયું. બીજું એક વર્ષ પસાર થઈ ગયું. વિજયે વર્ગ-૨ ની આપેલ સ્પર્ધાત્મક પરીક્ષાનું પરિણામ આવી ગયું. વિજયનું મેરીટમાં નામ પણ આવી ગયું. એણે સૌપ્રથમ વેણીના ઘેર આવીને વધાઈ ખાધી. વેણીની ખુશીનો કોઈ પાર નહોતો પરંતુ એ ખુશીને પ્રદર્શિત કરવામાં તે અસમર્થ હતી. એને તો અત્યાર સુધી એમ જ હતું કે, વિજય માત્ર મારો જ છે. એની સાથે સંબંધ નક્કી થશે પછી ચોરીછૂપીથી કરેલ મદદ હું ખુલ્લા દિલે બધાની આગળ કહી સંભળાવીને માફી માંગી લઈશ. પરંતુ જોવા આવેલ કેટલાય મુરતિયાઓએ સંબંધ બાબતે ઘસીને ના પાડ્યા પછી વેણીએ વિજય બાબતે પણ એજ ગણિત માંડી દીધું અને હવે તો એ ક્લાસ-ટુ અધિકારી બનવાનો છે. હવે તો આ સંબંધ અશક્ય જ છે. વેણી વિજય સાથે નજર પણ મેળવી ના શકી. એ 'ખૂબ ખૂબ અભિનંદન વિજય!' કહીને ઘરમાં દોડી ગઈ. દોડીને જતી દીકરીને જીવણભાઈ ઘડીભર જોતા જ રહ્યા.

બીજો એક મહિનો પસાર થઈ ગયો. કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વેણીના નાના ભાઈ કેયુરનું માગું આવ્યું. વેણી તેના પરિવાર સાથે છોકરી જોવા નીકળી. જીવણભાઈએ જીપ ભાડે કરી હતી. ગામની બહાર નીકળતા જ ઝાંપામાં જ

રામજી મંદિર આવેલું છે. શુભ પ્રસંગે જતાં સૌ કોઈ ગ્રામ્યજનો અવશ્ય મંદિરે દર્શન કરીને નીકળે છે. જીવણભાઈએ મંદિર પાસે ગાડી ઊભી રખાવી.

મંદિરમાં ખાસ કોઈની હાજરી વર્તાતી નહોતી. એક વ્યક્તિ ધ્યાનમગ્ન અવસ્થામાં બેઠેલ જરૂર દેખાયો. જીવણભાઈને ઓળખતા જરાય વાર ના લાગી – 'છે તો વિજય જ.' એમણે ઈશારાથી સૌને ચૂપ રહેવાનું કહ્યું. વેણી પણ વિજયને ક્યારનીય ઓળખી ગઈ હતી. જીવણભાઈનો ચૂપ રહેવાનું કહેવાનો આશય તો 'પૂજામાં બેઠેલ વ્યક્તિને ખલેલ ના પહોંચે' એ હતો.

બધા મંદિરે જઇને ઉભા રહ્યા. વિજયની આજીજી સ્પષ્ટ સંભળાઈ રહી હતી : 'હે પ્રભુ, હું તો અનાથ છું. તમે મને આજે મોટો હોદ્દેદાર બનાવી દીધો એની પાછળ તમારી જ કૃપા છે. હું જે કંઈ બનવા જઈ રહ્યો છું એની પાછળ મદદ કરનાર વેણીનો પણ એટલો જ હાથ છે. હું વેણીને કેમ ભૂલી શકું? પ્રભુ, એણે મને મદદ ના કરી હોત તો હું આ પાયરીએ ક્યારેય ના પહોંચ્યો હોત. હે ગરીબોના બેલી! હું તો અનાથ છું. જ્યારે વેણી સુખી સંપન્ન પરિવારની દીકરી છે. એ વેણી અત્યારે બધા જ સુખ, સંપત્તિ હોવા છતાં માત્ર સામાન્ય ખોડના લીધે દયનીય સ્થિતિમાં છે. કોઈ સક્ષમ પરિવારના છોકરાએ હજી સુધી તેને પસંદ કરી નથી. હે પ્રભુ! આ તમારો કેવો ન્યાય છે? જેણે બાળપણથી જ બીજાને મદદ કરી છે તેને તમે આટલીય મદદ ના કરી શકો? હે મારા નાથ! હું જો અનાથ ના હોત તો એની આગળ ક્યારનુંય માગું નાંખી દીધું હોત. હું જગતને બતાવી દેત કે એ સાધારણ વિકલાંગનો મને કોઈ અફસોસ નથી. અરે, સાવ વિકલાંગ હોત તોય હું એની જિંદગીભર સેવા કરત. હે પ્રભુ! હું એને નિર્દોષ મિત્રતાના ભાવે મારા પોતાનાથીય વધારે ચાહું છું. હે મારા રામ! એને સુપાત્ર નહીં શોધી આપે ત્યાં સુધી હું પણ કુંવારો જ રહીશ. આ મારી પ્રતિજ્ઞા છે.' વિજયની આંખોમાંથી અનરાધાર અશ્રુ પ્રવાહ વહી રહ્યો હતો.

જીવણભાઈ હચમચી ગયા. જેવી વિજયની આજીજી પૂરી થઈ એ સાથે જ તેઓ દોડીને વિજયને ભેટી પડ્યા. તેની આંખોમાં આવેલ આંસુ લૂછતા બોલ્યા, 'બેટા, વિજય! તેં તો મારી દીકરીનું માગું નાખવામાંય વિલંબ કરીને અમારી આંખોમાં પાણી લાવી દીધા. કોણે કહ્યું કે તારું માગું અમે ના સ્વિકાર્યું હોત?

અરે હા, અમે તો માગું સ્વિકારી લઈશું, પરંતુ દીકરી વેણીનોય અભિપ્રાય મેળવવો પડશે ને!' કહીને રડતી આંખે જીવણભાઈએ વેણી તરફ નજર કરી.

કાયમ પિતાજી સામે નીચું મોં રાખીને વાત કરનાર વેણીની લાગણીના બંધ છૂટી ગયા. તે દોડીને જીવણભાઈને ભેટી પડી.

લગ્ન પછી બે અછોડા વેચી કાઢ્યાની વાત વેણીએ સૌપ્રથમ કાંતાબાને કરી હતી, ને કાંતાબાએ જ વેણીને સારો મુરતિયો મળે એ માટે પોતાની બધી અંગત બચત રામજી મંદિરમાં આપી દેવાની માનતા માની હતી. કાંતાબાની અંગત બચત રૂપિયા એંસી હજાર પૂરા નીકળી હતી, જે એમણે લોભીપણું છોડીને હસતા મોંઢે રામજી મંદિરમાં આપી હતી. લોભીપણું છોડાવનાર વેણી કાંતાબાના અંત સમયે હાજર હોય જ ને પછી.

*મો. ૮૭૭૯૯ ૧૭૯૧૯*

## મળે મને...

બનું વાદળ
કે બનું મેઘ
ક્યાંક જો અમીછાંટણા
મળે મને;

બનું મનસુખા
કે બનું સુદામા
ક્યાંક જો મિત્ર
મળે મને;

બનું મોરપીંછ
કે બનું પતંગિયું
ક્યાંક જો રંગ
મળે મને;

બનું રૂકમણી
કે બનું રાધા
ક્યાંક જો કાન
મળે મને;

બનું ગોપી
કે બનું મીરા
ક્યાંક જો બંસરીના મીઠા સૂર
મળે મને;

મૂકીને બધીયે માયા
દોડી હું જાઉં
કુંજની તે ગલીઓમાં આજે પણ
જો શ્યામ ત્યાં
મળે મને.

**– પૂજા ટોપરાણી**

*સજ્જનો સંગઠિત થઈને આક્રમણ કરતા નથી અને આક્રમણ થાય છે ત્યારે પણ સંગઠિત થતા નથી.*

વાર્તા

# નાસ્તો

રવિવાર હતો. શહેરનાં પોશ એરિયામાં આવેલ ભવ્ય બંગલામાંની લોનમાં સુકેતુ સવારમાં બેઠો બેઠો મેગેઝીન્સ ઉથલાવતાં ઉથલાવતાં કોફી પી રહ્યો હતો. પૂજાના રૂમમાં તેની પત્ની નીતા પ્રાર્થના કરી રહી હતી.

આ રોજનો ક્રમ હતો. પોતે આઠેક વાગે ઉઠતો પણ નીતા સવારમાં પાંચેક વાગે ઉઠી જતી.

નીતા શહેરથી થોડે દૂર આવેલ એક ગામમાં પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે નોકરી કરતી અને સુકેતુ શહેરનાં જાણીતા ઉદ્યોગપતિનો એકનો એક દીકરો અને શહેરની નગર પાલિકાનો પ્રમુખ. અને હવે તો તે અનેક સંસ્થાઓનો પ્રમુખ, અનેક ચેરીટેબલ ટ્રસ્ટનો સભ્ય, અનેક સંસ્થામાં ટ્રસ્ટી અને કાંઈક સામાજિક સંસ્થાઓનો મોભી હતો.

સુકેતુ નાહીને બહાર આવ્યો. નીતા કિચનમાં નાસ્તો બનાવતી હતી. શક્કરપારા, સેવ મમરા, મકાઈના પૌંવાનો ચેવડો, સીંગ પાક વગેરે. દર રવિવારે નીતાનો આ નિત્યક્રમ. આખા અઠવાડિયાનો નાસ્તો એ રવિવારે બનાવે. બંને બાળકોના ટિફીનમાં આ ઘરનો નાસ્તો જ હોય.

સુકેતુને આ ગમતું નહીં. બીજા બાળકો જ્યારે મેગી ખાતા હોય, પફ ખાતા હોય કે પછી પીઝા ખાતા હોય ત્યારે પોતાના બાળકો આવો દેશી નાસ્તો ખાય અને એ પણ ઇન્ટરનેશનલ શાળામાં – એ કેવું એબ્સર્ડ દેખાય!

પછી એ નાસ્તામાંથી નીતા દરરોજ મોટા મોટા ડબ્બા ભરીને શાળાએ લઈ જાય. બપોરનું ટિફીન તો અલગ જ હોય.

એક દિવસ નીતાને કીધું, ‘તું આટલો બધો નાસ્તો લઈ જાય છે તે તમે બધી શિક્ષિકાઓ નિશાળમાં બેસીને ભણાવો છો કે પછી બેઠા બેઠા નાસ્તો જ કરો છો? ત્યાં તમે કરો છો શું?’

‘બસ મજા આવે!’ નીતાએ સ્મિત કરતા જવાબ આપેલો...

‘તમે આ થોડો નાસ્તો ચાખોને...’ નીતા કહેતી.

‘ના, બાબા આદમના જમાના વખતનો નાસ્તો મને ન ફાવે. હવે તો 4-Gનો જમાનો મેડમ અને તમે હજી 2-Gમાં જ છો. તને કંટાળો નથી આવતો આવી જિંદગીથી?’

‘બસ, મજા આવે છે.’ નીતાનો એ જ જવાબ... અને બંને હસતા!

એક દિવસ સુકેતુએ કીધેલું : ‘હવે શું જરૂર છે આ નોકરીની? છોડી દે અને ઘરે આરામ કર. આ રોજનું અપડાઉન. અને આપણને ક્યાં કોઈ વાતની ઘટ છે કે તારે નોકરી કરવી પડે?’

‘બસ, મજા આવે છે’ નીતાનો આ જવાબ સાંભળીને સુકેતુ કશું જ ના બોલ્યો. એ પણ સમજતો હતો ને માનતો હતો કે એના પગલાં થયા પછી જ એનું નામ થયું હતું. પહેલા એ બાપના નામે ઓળખાતા હતા અને આજે એના નામથી એના પાપા ઓળખાય છે.

સુકેતુ મોટા સમારંભોમાં જતો, શાળાઓના ઉદ્‌ઘાટનોમાં જતો, પણ લગભગ એકલો જ જતો. સજોડે જતો નહીં. નીતાની સાદગી તેને સારી લાગતી નહીં.

‘એક કામ કર, તું બ્યુટી પાર્લરમાં જા. થોડીક હેર સ્ટાઈલ બદલાવ. જમાના સાથે વધુ સુંદર દેખાવું જરૂરી છે.’ જમતા જમતા સુકેતુએ કહ્યું.

‘તે હું તમને નથી ગમતી?’ નીતાએ પૂછ્યું.

‘ના એમ નથી, પણ લોકોને કેવું લાગે કે શહેરની જાણીતી સેલીબ્રિટીની પત્ની આવી ઓર્થોડોક્સ!’ સુકેતુએ કહ્યું.

‘પણ તે ભલેને લાગે, મારે શું? મને તો બસ, આમાં જ મજા આવે છે...’

નીતાની દલીલ સામે સુકેતુ ક્યારેય દલીલ કરતો જ નહીં. પણ મિત્રો આગળ તો સુકેતુ ખૂબ જ લઘુતાગ્રંથિ અનુભવતો. સમારંભોમાં સુકેતુ જતો. હાઈ હિલ્સ અને અદ્યતન મેક-અપ કરેલી સ્ત્રીઓ જોતો, એનું મન ખિન્ન થઈ જતું. વિચારતો કે આ બધી કરતાં મારી પત્ની ખૂબ જ સુંદર... પણ એ આ રીતે તૈયાર થતી જ નથી. રાત્રિની પાર્ટીઓમાં એ એકલો જતો. બેકલેસ બ્લાઉઝમાં અને પરફ્યુમ્સની સોડમથી મઘમઘી ઉઠેલી સ્ત્રીઓને જોતો... પોતાને પોતાની પત્ની મીનાકુમારી લાગતી.

એક વખત સુકેતુને જયપુર એક કાર્યક્રમમાં જવાનું થયેલું. કાર્યક્રમ પત્યા પછી ટ્રેને અમદાવાદ તરફ પ્રયાણ કર્યું. સાંજના આઠેક વાગી ગયા હતા. પોતાની સામેની બર્થ પર એક યુવાન બેઠો હતો. થોડી વાતચીત થઈ. પછી યુવાને એક પુસ્તક કાઢ્યું. પુસ્તકના પાનામાંથી એક ફોટો કાઢ્યો. ફોટાને બંને આંખોએ

*અંદરમાં દેવાળું હોય પરંતુ બહાર દિવાળી મનાવવાની મનોવૃત્તિ એ વર્તમાનયુગના અજંપાનું મૂળ છે.*

ભાવપૂર્વક અડાડીને એ વાંચવા લાગ્યો.

સુકેતુએ પૂછ્યું કે, 'તમારા માતા-પિતાનો ફોટો છે?'

'ના, અમને ભણાવતા, એ બહેનનો ફોટો છે.' સુકેતુએ ફોટો જોયો. એક સામાન્ય શિક્ષિકાનો ફોટો હતો. સાવ સાદો ફોટો હતો.

પછી વાત આગળ ચાલી. પેલો બોલતો ગયો. 'સાહેબ, નહીં માનો પણ આ બહેને પ્રાથમિક શાળામાં અમને જે મદદ કરેલી એવી કોઈએ નથી કરી. અમને કોઈ જરૂરી વસ્તુ એ લાવી આપતા. હું નહીં મારા જેવા અનેક વિદ્યાર્થીઓ આજે આ બેનના ફોટા પાકીટમાં કે પુસ્તકમાં રાખીએ છીએ. મેં તો સાહેબ, મારા ઘરે પણ મારા રૂમમાં પણ એક આવો મોટો ફોટો રાખ્યો છે! ઉઠીને એમના જ દર્શન થાય!

બહેન જે છોકરા ગરીબ હોયને, તેને ખૂબ જ મદદ કરતા. સાડા ત્રણે એક રીસેસ પડે ત્યારે બહેન અમને નાસ્તો પણ કરાવતા. તમે નહીં માનો કે એમણે અમારા પ્રવાસની ફી પણ ભરેલી છે.' બોલતી વખતે મયુરના મોઢા પર એક વિશિષ્ટ અહોભાવ છલકાતો હતો.

પછી તો ઘણી વાતો થઈ. બધા જ વિદ્યાર્થીઓ જે અત્યારે સારા હોદ્દા પર છે એમણે બહેનને ભેટ આપવાનું નક્કી કરેલ, પણ બહેને કીધેલું કે તમે જે રકમ આપવા માંગો છો એ રકમ નજીકની પ્રાથમિક શાળાઓમાં જરૂરિયાતમંદ બાળકોને આપો. અને બધાએ એવું જ કર્યું!

ઘણી બધી વાતો થઈ. છેલ્લે મયુરે એ પણ કીધું કે એ આવતા અઠવાડિયે સીંગાપોર જઈ રહ્યો છે એક મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી માટે અને આજે તે બહેનને મળવા જઈ રહ્યો છે. બહુ જ આજીજી કરી ત્યારે બહેને માંડ હા પાડી છે અને બહેનને પ્રસિદ્ધિમાં જરા પણ રસ નથી... પછી શાંતિ છવાઈ ગઈ.

સુકેતુને લાગ્યું કે પોતે પોતાને એક મહાન હસ્તી ગણતો હતો પણ આજે એની સામે યુવાને જે વાત કરી એના પરથી એવું ફીલ થાય કે એ સામાન્ય શિક્ષિકા આગળ તો એ સાવ ફિક્કો જ લાગે છે. પોતે ગમે તેટલું દાન કર્યું હોય પણ કોઈ એનો ફોટો પાકિટમાં રાખતું નથી, કે ઉઠીને એના દર્શન કરતા નથી. ધીમે ધીમે સુકેતુને લાગ્યું કે એક ભ્રમ જે એના મનમાં હતો, એ ઓગળી ગયો હતો.

અમદાવાદ આવ્યું. સુકેતુએ મયુરને કહ્યું, 'ચાલ, તારે જ્યાં જવું છે ને એ રસ્તામાં જ આવે છે. હું તને ત્યાં ઉતારી દઈશ.'

સુકેતુની ઑડી કારમાં બંને ગોઠવાયા. એક પોશ વિસ્તારમાં એક બંગલાના ગેટ પાસે ગાડી ઊભી રહી. મયુરનો હાથ પકડીને સુકેતુ તેને બંગલામાં લઈ ગયો અને બૂમ પાડી.... 'નીતુ બહાર આવ, જો કોણ આવ્યું છે?'

સાંભળીને નીતાને નવાઈ લાગી. લગ્ન પછી એકાદ વરસ જ એ સુકેતુની નીતુ હતી. પછી એ નીતા થઈ ગઈ હતી! તે આજે ઘણા વરસે પાછું 'નીતુ' સાંભળવા મળ્યું.

'અરે મયુર તું? આવ બેટા આવ!' મયુરે નીતાના ચરણ સ્પર્શ કર્યા.

સામેની દીવાલ પર સુકેતુ અને નીતાનો સંયુક્ત ફોટો હતો. તે જોઈને કહ્યું, 'સાહેબ, તમે મને છેક સુધી ના કહ્યું કે અમારા બેનના તમે પતિ છો? ખરા છો સાહેબ તમે અને પૂરા ભાગ્યશાળી પણ છો સાહેબ!'

'બેટા, અમુક સમયે બોલવા કરતાં સાંભળવામાં જ આનંદ આવે. બસ, મજા આવે!' સુકેતુ ભીની આંખે બોલ્યો.

બધા ફ્રેશ થયા... બેઠા... ચા પીધી...

મયુર જવા રવાના થયો. નીતાએ પૂછ્યું કે કાંઈ જરૂર તો નથી ને?

'હા બેન, એક મદદની જરૂર છે. મને એક ડિશ એ નાસ્તો મળશે, જે અમને સાડા ત્રણની રીસેસમાં મળતો!'

'હા, જરૂર.' નીતાની આંખ પણ ભીની થઈ ચૂકી હતી. ડાઈનિંગ ટેબલ પર મયુર બેઠો. એ જૂના અને મોટા મોટા ડબ્બામાંથી નાસ્તો નીકળ્યો. શક્કરપારા, સેવ મમરા, સીંગ પાક વગેરે! એક મોટી ડિશમાં મયુરને એ નાસ્તો અપાયો.

'મને પણ આ નાસ્તો મળી શકે?' સુકેતુએ કહ્યું. અને નીતાને નવાઈ લાગી. 'તમને આ ભાવશે? ફાવશે?'

'હા, અને મજા પણ આવશે' સુકેતુ બોલ્યો અને નીતાના શરીરમાં ખુશીના દીવડા સળગી ઉઠ્યા!!

તમારા વખાણ બીજા કરે એ તો સારું જ લાગે પણ સાવ અંગત વ્યક્તિ બીજાની હાજરીમાં વખાણ કરે ને ત્યારે રોમ રોમ આનંદિત થઇ ઉઠે.

નીતા બેયને નાસ્તો પીરસતી ગઈ ને મયુર અને સુકેતુએ ભરપેટ નાસ્તો કર્યો.

ક્યારેક બેસીને વિચારજો કે જિંદગી જીવવા માટે શું જરૂરી છે?

જો હમસફર સમજદાર હોય તો સંસારરૂપી સાગર તરી જવાય છે. રૂપ ના જોશો, ગુણ જોજો.

કોઇના દિલમાં વસો એ જ જીવન સાચું. બાકી મસ્કા મારે ને સ્વાર્થ પૂરતો સંબંધ એ તો દુનિયાનો નિયમ છે.

આજે તમે એ સુકેતુનું વોટ્સએપ ચેક કરો તો ડિસ્પ્લે પિક્ચરમાં એની પત્નીનો સાદો અને સાડીવાળો એક ફોટો છે અને એનું સ્ટેટસ આ પ્રમાણે છે : 'માય ડીવાઈન ડ્રીમ, માય સાઉલ્સ કીમ, માય નીતુ.' જિંદગી જીવવા માટે એક સાથ હમ સફરનો....

લઘુ વાર્તા

# આદમી મુસાફિર હૈ

હું જ્યારે પપ્પાના રૂમમાં સવારે જતો ત્યારે પપ્પાના ખભા ઉપર ચકલી બેઠી હોય... ચકલો પપ્પાની બારી પાસે રાખેલ ડિશમાંથી ચણ ખાતો હતો...

આ ચકા ચકીને પપ્પા સાથે મિત્રતા થઈ ગઈ હતી. કોઈ વખત ચકો ચીં ચીં કરતો પપ્પાના માથે કે હાથ ઉપર બેસે, તો કોઈ વખત ચકલી...

પપ્પાને પણ મજા આવતી... આ ચકા ચકીની ધમાલ જોવાની.

મમ્મીના ગયા પછી... પપ્પા બહારથી હસતા પણ અંદરથી દુઃખી હતા. વાતો કરતા કરતા એ પહાડ જેવી વ્યક્તિની આંખમાં આંસુ આવી જતા... ફક્ત જિંદગીના દિવસો પસાર કરતા હોય તેવું અમને લાગતું.

તેમણે અમારા ડ્રોઈંગ રૂમમાં બેસવાનું ઓછું કરી નાખ્યું હતું. સાંજે જમતી વખતે અમે સાથે બેસીએ... સવારે અમે ઓફિસે નીકળી જઈએ...

આજે રવિવાર હોવાથી હું પપ્પાના રૂમમાં ગયો... જેથી તેમની સાથે વધારે સમય પસાર કરી શકું. પપ્પાની સાથે ચકલા-ચકલીને રમત કરતા જોઈ મને મજા આવી ગઈ. ઉનાળાનો સમય એટલે પપ્પા પાણીનું કુંડું પણ ભરેલું મૂકતા...

મેં કીધું, પપ્પા... ચકા-ચકી તમારા ખાસ મિત્ર થઈ ગયા લાગે છે!

હા બેટા, ખબર નહીં... એકબીજાને માયા થઈ ગઈ છે. રોજ આવે... એક કલાક જેવો મારો સમય પસાર કરી જતા રહે છે.

પપ્પાએ પોતાનો બેડરૂમ એટલો મસ્ત બનાવ્યો હતો, હું તેમનો રૂમ જોઈ ખુશ થઈ જતો. ચોખ્ખાઈના આગ્રહી... પોતાના રૂમમાં દરેક વસ્તુ તેની જગ્યાએ જ પડી હોય.

ટી.વી., ટેપ, એ.સી., પુસ્તકો માટે નાનો કબાટ, ડ્રેસીંગ ટેબલ, હીંચકો, બેડ, આરામ ખુરશી પાસે પાન પેટી અને પૂજાનો કબાટ... આ તેમની દુનિયા હતી.

હું તેમના રૂમમાં અચાનક જાઉં ત્યારે ઉંમરને કારણે મોડી ઊંઘ આવે અને વહેલી ઊંઘ ઉડી જવાને કારણે ધીરું ધીરું ટેપ કે ટી.વી. વાગતું હોય... પપ્પાના માથે હાથ ફેરવી પૂછું, 'પપ્પા, ઊંઘ નથી આવતી?'

'ના બેટા... ઉંમરના કારણે એવું રહેવાનું.'

મને ખબર હતી મમ્મીનો ખાલીપો તેમને અંદરથી તોડી રહ્યો હતો. એક પુત્ર તરીકે પપ્પા વધારેમાં વધારે આનંદમાં રહે તેવો હું, મારી પત્ની અને મારો પુત્ર પ્રયત્ન કરતા હતા. પણ જીવનસાથી અમસ્તા કીધા છે... **ભીડમાં પણ એકલતાનો જ્યારે અનુભવ થાય ત્યારે સમજી લ્યો, તમે જિંદગીમાં કોઈ અમૂલ્ય વ્યક્તિને ગુમાવી છે.**

મેં સવારે પપ્પાના રૂમનું બારણું ખોલ્યું. પપ્પા, જય શ્રીકૃષ્ણ. આવ બેટા, જય શ્રીકૃષ્ણ. આજે રજા રવિવાર શાંતિ... બેસ...

મેં કીધું, પપ્પા, આજે તમારા રૂમમાં શાંતિ કેમ છે? તમારા બે મિત્ર ચકા-ચકી કેમ દેખાતા નથી?

પપ્પાની આંખ અચાનક ભીની થઈ ગઈ. એ આંખમાં આંસુ સાથે બોલ્યા, બેટા, બે દિવસથી એકલો ચકો આવે છે. બારી પાસે બેસી મારા હાથ ઉપર બેસે છે. નથી ચણ ખાતો, નથી પાણી પીતો... નથી ચીં ચીં કરતો. થોડીવાર તેની ડોક ફેરવી મારી સામે... થોડીવાર બારી સામે જોઈ એ ઉડી જાય છે.

મેં પપ્પાને ફ્રેશ કરવા કીધું, ચકી પીયર ગઈ હશે.

**ના બેટા... કાલે ફરીથી ચકો આવ્યો હતો. મારા હાથ ઉપર બેઠો. મેં તેના ઉપર હાથ ફેરવ્યો. બેટા, ફક્ત માણસ જ રડે છે તેવું નથી. ચકાની આંખમાંથી પડતા આંસુએ મારો હાથ ભીનો કરી નાખ્યો. બેટા, તેને ફક્ત વાચા નથી, લાગણી તો હોય જ છે. થોડીવાર પછી... ચણ પણ ન ખાધા અને પાણી પણ ન પીધું... ચકો ઉડી ગયો...**

પપ્પા આકાશ સામે જોઈ રહ્યા. મારી અનુભવી આંખ અને દિલ એવું કહે છે બેટા, ચકી... કાયમ માટે ઉડી ગઈ લાગે છે. ચકો આ વિરહ સહન નથી કરી શકતો.

અત્યાર સુધી હિંમત એકઠી કરી વાત કરતા કરતા પપ્પા...

મારા ખભે માથું મૂકી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. મારી આટલી ઉંમરમાં પપ્પાની આંખમાં આંસુ પણ જોયું નહોતું. તેની આંખોમાંથી આંસુનો ધોધ પડતો જોઈ હું પણ હિંમત હારી પપ્પા સાથે રડવા લાગ્યો. બેટા, તારી મમ્મી વગર નથી ગમતું...

મેં કીધું, પપ્પા, હું સમજું છું. પણ ભગવાન પાસે આપણે બધા લાચાર છીએ.

પપ્પાને પાણી પીવડાવી થોડા ફ્રેશ કર્યા. લો પપ્પા, છાપુ વાંચો. ત્યાં સુધીમાં ચા બની જશે... આપણે બધા સાથે ચા-નાસ્તો કરશું... કહી હું તેમના રૂમની બહાર બ્રશ કરવા નીકળ્યો.

થોડીવાર પછી હું તેમના રૂમમાં ફરી ગયો. તો ધીરું ધીરું ટેપ વાગતું હતું.

*ઉમટ્યો અજંપો એને પંડના રે પ્રાણનો*
*અણધાર્યો કર્યો મનોરથ દૂરના પ્રયાણનો*
*અણદીઠેલ દેસ જાવા લગન એને લાગી રે*
*બહુએ સમજાવ્યું તોયે પંખી નવું પીંજરુ માંગે...*

હીંચકો હલતો હતો. પપ્પા હીંચકાની નીચે ઊંધા પડી ગયા હતા... ટેપ ધીરે ધીરે વાગી રહ્યું હતું.

હું દોડતો તેમની બાજુમાં ગયો. પપ્પા... પપ્પા... શું થયું... તેમને ચત્તા કર્યા ત્યારે તેમના શ્વાસ ચાલતા બંધ તઈ ગયા હતા.

ડૉક્ટરને બોલાવ્યા. ડૉક્ટરે ચેક કરી કીધું, દાદાનું અચાનક હાર્ટ ફેઈલ થઈ ગયું છે.

એક જીવનસાથી વગરની કલ્પના હચમચાવી નાંખે તેવી હોય છે. મેં બારી સામે જોયું. આજે ચકો પણ આવ્યો ન હતો. પપ્પાનો રૂમ ખાલી... જાણે બે ચકાએ સાથે ઉડવાનો નિર્ણય લઈ લીધો હોય.

મેં મમ્મીના ફોટા સામે ભીની આંખે જોઈ કીધું, મમ્મી, તારા ગયા પછી પપ્પાને ખુશ કરવાના બધા પ્રયત્નો અમે કર્યા પણ અંદરનો તેમનો અજંપો અને એકલતા સામે અમે લાચાર હતા. એ દૂર કરવાની તાકાત તો તારી પાસે જ હતી.

દરેકની જિંદગી પણ આ ચકા ચકીની વાર્તા જેવી જ હોય છે.

ચકો લાવ્યો ચોખાનો દાણો અને ચકી લાવી મગનો દાણો...

આ ઘરઘર રમતાં રમતાં જીવન ક્યાં પૂરું થઈ જાય છે, એ ખબર નથી પડતી. આ પંખીના માળા જેવી આપણા બધાની જિંદગી છે. નવા પંખીઓ આવે છે, જૂના ઉડતા જાય છે.

*પપ્પાનું ગમતું ગીત યાદ આવી ગયું :*

*आदमी मुसाफिर है, आता है, जाता है...*
*आते जाते रस्ते में, यादें छोड जाता है...*

*झोंका हवा का, पानी का रेला*
*मेले में रह जाये जो अकेला*
*फिर वो अकेला ही रह जाता है...*

મિત્રો, કોઈને યાદ કરીને રડતા બે પ્રકારના લોકો સંસારમાં જોવા મળે છે. એક સ્વજનો સાથે કરેલ ખરાબ વ્યવહાર યાદ કરીને રડતા હોય છે, **જ્યારે બીજા સ્વજનો સાથે ગાળેલ અવિસ્મરણીય યાદો ભૂલી ન શકવાને કારણે રડતા હોય છે.**

પસ્તાવો થાય તેવી જિંદગી જીવવી નહીં.

તેથી બને ત્યાં સુધી આપણી વાણી, વર્તન અને વ્યવહાર ઉપર સંયમ રાખવો. ■

## શોર્ટ સ્ટોરી : ભણેલા-ગણેલા!

કોઈ કારણસર નર્સ લેબર રૂમમાંથી બહાર આવી તો 'બા'થી રહેવાયું નહીં. તેણે પૂછી જ લીધું : 'સિસ્ટર, શું આવ્યું?'

દબાયેલા અવાજે નર્સ બોલી, 'દીકરી આવી છે...'

મા-પિતાજીની સાથોસાથ મારો અને ભાઈનો ચહેરો પણ ઊતરી ગયો. બા તો સાડીનો પાલવ લપેટીને એવી ગુમસુમ થઈ ગઈ કે જાણે કોઈ શોકના સમાચાર મળ્યા હોય! થોડીકવાર પછી ચૂપકીદી તોડતા પિતાજી બોલ્યા, 'કંઈ નહીં બેટા! જીવ ટૂંકો ન કરો. બીજી દીકરીને પણ ભગવાનનો પ્રસાદ સમજીને સ્વીકારી લો. આ બધી કંઈ થોડી આપણા હાથની વાત છે?'

પછી ધીરે રહીને પિતાજી બોલ્યા, 'યાર, મને તો પૂરો વિશ્વાસ હતો કે આ વખતે તારે ત્યાં દીકરો આવશે. મેં વિચાર્યું હતું કે તું અને વહુ બંને ભણેલા-ગણેલા છો, સમજદાર છો... મેં એટલે જ તમને બંનેને ન ટોક્યા. એમ વિચાર્યું કે તમે બંનેએ ટેસ્ટ તો કરાવી જ લીધો હશે...'

મોટોભાઈ પણ બોલ્યો, 'તો શું? ટેસ્ટ તો કરાવી જ લેવો હતો. ઠેર ઠેર સોનોગ્રાફી સેન્ટરો ચાલે છે. ચોરી-છૂપે બધું જ ચાલે છે...'

પિતાજી અને ભાઈની વાત સાંભળીને મને લાગ્યું કે હું અને મારી પત્ની અભણ હોત તો સારું થાત. ભણી-ગણીને અમે અમારા જીવનની સૌથી મોટી ભૂલ કરી હતી!!

*– નજમા ગોલીબાર*

*આજની મોટામાં મોટી ખતરનાકતા એ છે તે દુર્જનો સંગઠિત પણ છે અને સક્રિય પણ છે.*

## કદરના બે શબ્દો...

માનવ સ્વભાવના ઉંડા અભ્યાસી વિલિયમ જેમ્સે કહ્યું કે કોઈક પોતાની કદર કરે તેવી ઝંખના મનુષ્યના સ્વભાવમાં ઊંડી પડેલી હોય છે. માણસ કંઈક સારું કામ કરે ત્યારે તે એવી અપેક્ષા રાખે છે કે કોઈક તેના કાર્યની કદર કરશે. આમ તો આ વાત સાચી લાગે છે અને છતાં માનવજાતના ઈતિહાસમાં એવા બેસુમાર દૃષ્ટાંતો જોવા મળે છે જેમાં અનેક માણસોએ કદર કે શાબાશીની કશી તૃષ્ણા રાખ્યા વગર ઉપયોગી કાર્યો કર્યા છે અને ઉત્તમ સર્જન પણ કર્યું છે. એક કેસ સ્ટડી તરીકે રોજિંદી જીવનશૈલીનો ભાગ બનેલી સેફ્ટી-પિન કે ડ્રેસ-પીન માત્ર પહેરવેશમાં જ નહીં પરંતુ રૂટીન લાઈફની ૫૩ જેટલી બાબતોમાં પણ અત્યંત ઉપયોગી પુરવાર થાય છે. આવી સસ્તી અને નાનકડી સેફ્ટી-પીનની ઘરેલું બજેટમાં ખાસ કોઈ જ ગણતરી થતી નથી. પ્રસ્તુત છે, ખેડૂતમાંથી મિકેનિક બનેલા સેફ્ટી-પીનના સંશોધનક વોલ્ટર હન્ટ નામના માણસની રસપ્રદ કથા... કે જેમાં તેમની શોધ તેમને આર્થિક સેફ્ટી ન આપી શકી.

૧૭૯૬માં અમેરિકામાં જન્મેલા વોલ્ટર હન્ટે પોતાના નાનકડા શહેરની કોલેજમાંથી ડિગ્રી મેળવી અને પછી પરિવારની આર્થિક જરૂરિયાતો ધ્યાનમાં રાખીને ખેતીમાં મદદ કરવા માંડ્યા. પણ તેમનો જીવ ખેતીમાં ચોંટતો નહોતો. તેમને ખેતીને બદલે મશીન્સ માટે પ્રેમ હતો. માર્ટીન્સબર્ગમાં તેમના એક-બે મિત્રોના પિતાને કાપડની મિલ હતી. ખેતરમાં કામ ન હોય ત્યારે એ મિલમાં તેમના મિત્રોને મળવા જાય. મિત્રોને મળવા કરતાં મિલમાં કઈ મશીનરી કેવી ટેકનિકથી કામ કરે છે એ જોવામાં વધુ સમય ગાળે. મિલમાં નકામા થઇ ગયેલા મશીન્સ મિત્રોની મદદથી ઘરે લઇ આવે અને નવરાશ મળે ત્યારે એ મશીનરીની આંતરીક ટેકનિક સમજે. જૂના મશીન્સમાં કોઠાસુઝ વાપરીને નવી ટેકનિક વિકસાવે અને એ જ મશીનને ફરીથી મિલના કામદારોને આપીને એ ઉપયોગી નીવડે છે કે કેમ એ તપાસી જુએ. મિકેનિક તરીકેની આવડતની માર્ટીન્સબર્ગમાં પ્રશંસા થવા માંડી. એનાથી પોરસાઇને વોલ્ટરે ન્યુયોર્કની વાટ પકડી. ન્યુયોર્કમાં મિકેનિક તરીકે કામ તો મળવા લાગ્યું પરંતુ ધારણા કરતાં ખર્ચાળ શહેરમાં ટકી રહેવું મુશ્કેલ બનતું જતું હતું. આર્થિક ભીંસને પહોંચી વળવા માટે તેમણે એક મિત્ર પાસેથી ૧૫ ડોલર ઉછીના લીધા. ત્યાર પૂરતું તો કામ ચાલી ગયું પણ હવે નવો સવાલ એ હતો કે મિત્રને બાકી રકમ ચૂકવવી કઈ રીતે? એ રકમનું ચૂકવણું કરવા માટે વોલ્ટર હન્ટે એકાદ શોધ કરીને તેની પેટન્ટના હક્ક વેચી દેવાનું વિચાર્યું. કેટલાય સમયથી તેમના દિમાગમાં એક પ્રોડક્ટનો કાચો વિચાર ચાલતો હતો.

વોલ્ટરે એક આઠ ઈંચ લાંબો પિત્તળનો તાર લીધો. એક બાજુનો તાર થોડો લાંબો રાખ્યો અને પછી વચ્ચેથી તારને ગૂંચ એ રીતે પાડી કે જેનાથી તારના બંને ભાગ અલગ પડી જતા હતા. ઉપરના ભાગે પહેલી આંગળી અને અંગુઠાની મદદથી પ્રેસ કરવાથી બંને તરફના તારનું હલનચલન કરાવી શકાતું હતું. તેમણે લાંબા છેડાને હથોડી મારીને પહોળો કર્યો અને સોય જેવડા તારની ધારમાં એ છેડો બરાબર પેસી જતો હતો. એવી ઘણી મથામણ કરીને તેમણે અલગ અલગ આઠ નમૂના બનાવ્યા અને પછી 'સેફ્ટી-પીન' નામથી ૧૮૪૯માં પેટન્ટની નોંધણી કરાવી દીધી. જેવી પેટન્ટ રજિસ્ટર્ડ થઈ ગઈ કે પેલા મિત્રનું કરજ ચૂકવવા માટે એ પેટન્ટને તેમણે અમેરિકાની ડબલ્યુ.આર. ગ્રેસ એન્ડ કંપનીને ૪૦૦ ડોલરમાં વેચી દીધી અને તેમાંથી ૧૫ ડોલર પેલા મિત્રને ચૂકવી દીધા. મિત્રના પૈસા ચૂકવી દેવાની તેમની ઉતાવળ સરવાળે તેમના માટે ખોટનો સોદો સાબિત થયો. ૪૦૦ ડોલરમાં ખરીદેલા હક્કોમાંથી અમેરિકન કંપનીએ વર્ષો સુધી કરોડોની કમાણી કરી. મશીનરીના જીવ તરીકે, ફાઉન્ટન પેનથી લઇને નેઇલ કટર સુધી અડધો ડઝન કરતાં વધુ મહત્ત્વની શોધો કરીને પેટન્ટ નોંધાવનારા વોલ્ટર હન્ટ તેમની દુરગામી જરૂરિયાત પારખવામાં સદંતર નિષ્ફળ નીવડ્યા. ૧૮૫૯માં ૬૨ વર્ષની વયે વોલ્ટરે અંતિમ શ્વાસ લીધો ત્યાં સુધી એમની બધી જ શોધો આર્થિક તંગીના કારણે તેમની આર્થિક સંકડામણ દૂર ન કરી શકી અને એ બધી શોધો બીજા ઉદ્યોગપતિઓ માટે ટંકશાળ પાડતી રહી.

વહાલા કચ્છી માડુઓ, માનવજાત માટે ઉપયોગી કામો કરનાર વોલ્ટર હન્ટ જેવા અસંખ્ય સંશોધકો, અભ્યાસીઓ અને સાહસિકોના નામોની યાદી બનાવવા બેસીએ તો તે આકાશના તારા ગણવા જેવું અશક્ય કામ બની જાય. કોઈ પણ સારું કામ કરવા માટે આપણે કોઈની કદરના ઓશિયાળા બનવાની જરૂર નથી. કોઈપણ સારા કામની સાચી કદર એ છે કે તે લોકોના ઉપયોગમાં કેટલું આવે છે. લોકો તે કામ કરનારનું નામ જાણતા હોય કે ન જાણતા હોય... લોકો તેનો ઉપયોગ કરે અને તેનાથી રાહત મેળવે. સિક્કા ઉપરનું નામ વંચાય કે ન વંચાય, એ સિક્કો માણસના વહેવારમાં સ્વીકારાય અને તેનું યોગ્ય મૂલ્ય મેળવી શકે તે જ તેની સચ્ચાઇ અને તે જ તેની કદર...

***સંકલન : રીતેશ અરવિંદ પોલડિયા***

*જીવનમાં જે વાત ભૂખ્યું પેટ અને ખાલી ખિસ્સુ શીખવે છે તે વાત કોઈ શિક્ષક પણ ના શીખવી શકે.*

*બુધ્ધિને વિવેક મળે ત્યારે અને શક્તિને સંયમ મળે ત્યારે એ આશિર્વાદરૂપ બને.*

# વિજ્ઞાન જગત / માહિતી જગત

● સંકલન : રસીકલાલ ખીમજી મહેતા ●

## જન્મ લેતા બાળકોના ૩૦૦ અસ્થિઓનું રહસ્ય

કુદરત મહા વૈજ્ઞાનિક છે. કુદરતના ઘણા રહસ્યો આજના વૈજ્ઞાનિકોની સમજથી દૂર છે. એટલે જ જગતભરના મહાન વૈજ્ઞાનિકો ઈશ્વરની હસ્તીને સ્વિકારે છે. આજે આપણે કુદરતના એવા એક રહસ્યની વાત કરીશું. શરીર વિજ્ઞાન મુજબ નવજાત શિશુના શરીરમાં ૩૦૦ અસ્થિઓ (હાડકાંઓ) હોય છે. બાળક જેમ જેમ પુખ્ત થાય છે તેમ તેમ તે હાડકાંની સંખ્યા ઘટતી જાય છે અને તે પુખ્તવયમાં ૨૦૬ જ રહી જાય છે. આમ શા માટે? બાકીના અસ્થિઓ ક્યાં જાય છે?

આ એક કુદરતની કમાલ છે. જ્યારે શિશુ માતાના ઉદરમાંથી પૃથ્વી પર અવતરે છે ત્યારે તેને માતાના ઉદરમાં રહેલી 'બર્થ કેનાલ' નામની સાંકડી પણ સ્થિતિસ્થાપક નળીમાંથી પસાર થવું પડે છે. હાડકાં સામાન્ય રીતે બરડ અને મજબૂત હોય છે કારણકે તે શરીરને ટેકો દેવા અને ટટ્ટાર રાખવા સખત બનેલા હોય છે. પરંતુ શિશુના જન્મ વખતે આ હાડકાં બર્થ કેનાલની દીવાલને ઘસાતા અવરોધ પેદા કરી શકે કે તેને નુકસાન પહોંચાડી શકે. એટલે કુદરતે જન્મ લેતા નવજાત શિશુઓના હાડકાં મૃદુ અને લચીલા બનાવ્યા હોય છે તેમજ મોટા હાડકાંને બે ભાગમાં વહેંચી, વચ્ચે કોમળ મજ્જાસેતુથી જોડેલા હોય છે. આમ કરવાથી હાડકાં નળીમાંથી નળીને નુકસાન કર્યા વગર સહેલાઈથી સરકી શકે છે. આ કારણે માતા શિશુને તકલીફ વગર જન્મ આપી શકે છે. પરંતુ કોઈ અન્ય કારણોસર બાળક બર્થ કેનાલની નળીમાં અવરોધાઈને ફસાઈ જાય છે ત્યારે માતાને અસહ્ય દુઃખાવો થાય છે. એટલે નાછૂટકે પેટની સર્જરી કરી એબ્ડોમિનિયલ ડિલીવરી કરવી પડે છે. જેને આપણે 'સિઝેરીયન ડિલીવરી' કહીએ છીએ.

જન્મ પછી જેમ જેમ શિશુ મોટું થતું જાય છે, તેમ તેને હલનચલન માટે મજબૂત હાડકાંઓની જરૂર હોય છે. તેથી નાના ૩૦૦ હાડકાંઓ જોડાઈને આખરે લગભગ ૨૦૬ હાડકાંનું મજબૂત અસ્થિકંકાલ બનાવે છે. જે શરીરના માળખાને ટટ્ટાર રાખવા સાથે હલનચલન ક્રિયા માટે પૂર્ણ રીતે સક્ષમ હોય છે.

## દરિયાના પાણીનું અજબ ગજબ

- ★ પૃથ્વીની સપાટીનો મોટો ભાગ દરિયાના પાણી રોકે છે. સમુદ્રના ઘૂઘવતાં પાણી અને આપણે પીવાલાયક સામાન્ય પાણીમાં ઘણો ફેર છે. દરિયાના પાણીની કેટલીક વિશિષ્ટતા છે.
- ★ દરિયાના ૧ કિ.ગ્રા. પાણીમાં ૩૫ ગ્રામ ક્ષાર હોય છે. જેથી તે પીવાલાયક નથી.
- ★ દરિયાના પાણીમાં ૩૩ ફૂટની ઊંડાઈએ દર ચોરસ ઇંચે ૬.૬૬ કિલો વજનના દબાણમાં વધારો થાય છે.
- ★ દરિયાનું પાણી મોડું એટલે કે માઈનસ બે ડિગ્રીએ બરફ બને છે.
- ★ પૃથ્વી પર થતા ભૂકંપના ૯૦ ટકા દરિયામાં થાય છે. એટલે દરિયાનું પાણી સતત ડહોળાય છે.
- ★ સમુદ્રના સપાટીના ઉપલી દસ ફૂટની સપાટી સમગ્ર વાતાવરણ જેટલી ગરમી ધરાવે છે.
- ★ સમુદ્રનું પાણી ભૂરા રંગનું સૌથી ઓછું શોષણ કરે છે.
- ★ સમુદ્રમાં ઠલવાતો પ્લાસ્ટીકનો કચરો લાખો જળચરોનો નાશ કરે છે.
- ★ સમુદ્રના પાણીમાં ૯૬ ટકા પાણી અને ૪ ટકા ભાગમાં ક્લોરાઇડ, સોડિયમ, સલ્ફેટ, મેગ્નેશિયમ જેવા ક્ષારો ૮૦ મુળભૂત તત્ત્વો અને ઓગળેલા નાઇટ્રોજન, ઓક્સિજન અને કાર્બન ડાયોક્સાઇડ વાયુઓ હોય છે.
- ★ વાતાવરણ કરતાં દરિયાના પાણીમાં અવાજના મોજા ઝડપથી ગતિ કરે છે.

## વિવિધ પ્રકારના રેસા અને રાસાયણિક પ્રક્રિયા

આપણે સૌ જાણીએ છીએ કે રેશમ, રૂ અને શણ — આ ત્રણ કુદરતી રેસા છે. આવા કુદરતી રેસા પર રાસાયણિક પ્રક્રિયા કરીને તેને કૃત્રિમ રેસામાં ફેરવવામાં આવે છે. ત્યારબાદ આપણે તેનો રોજબરોજની કેટલીય ચીજવસ્તુઓમાં ઉપયોગ કરીએ છીએ. આવા કુદરતી રેસા પર રાસાયણિક પ્રક્રિયા થાય એટલે તે નાઈલોન, એક્રેલીક કે ટેરેલીન જેવા માનવનિર્મિત - કૃત્રિમ રેસા બને. રાસાયણિક પ્રક્રિયાથી કૃત્રિમ રેસાને સાવ પાતળા અને તાંતણા સ્વરૂપના બનાવી શકાય. હવે આગળ જોઈએ કે નાઈલોન, ટેરેલીન અને એક્રેલીક રેસામાં શું ફરક છે! નાઈલોન દેખાવમાં રેશમ જેવું હોય. તે મજબૂત, સખત અને પાણી અવરોધક છે. કાર્પેટ, મોજા, દોરી-દોરડાં, માછલી પકડવાની જાળ તેમજ પેરાશુટનું કાપડ ઉપરાંત ઘણીબધી વસ્તુઓમાં

નાઈલોનનો ઉપયોગ થાય છે. એક્રેલીકના રેસા ઉન જેવા હોય. સ્વેટર, શાલ અને ધાબળા બનાવવામાં એક્રેલીકનો ઉપયોગ કરવામાં આવે છે. ટેરેલીન રેસા પાણીનું શોષણ કરતા નથી. તેથી આ રેસામાંથી બનેલા કપડાં ધોયા પછી ઝડપથી સૂકાઈ જાય છે. સાડી, શર્ટના કાપડ, બારી-બારણાના પડદા, વહાણોના સઢ, પાણીની પાઈપ બનાવવામાં આ રેસા વપરાય છે.

## ભારતમાં જોવા જેવું : એલીફન્ટા કેવ્ઝ

મુંબઈના એપોલો બંદરથી સમુદ્રમાં ૭ કિ.મી. દૂર આવેલા ગઢપુરી ટાપુ પરની એલીફન્ટાની ગુફાઓ સાતમી સદીમાં બનેલું અજાયબ સ્થાપત્ય છે. ૭ કિ.મી.નો ઘેરાવો ધરાવતા આ નાનકડા ટાપુ પર એલીફન્ટાની સાત ગુફાઓનો સમૂહ છે. ટાપુ પર હાથીની વિશાળ કદની મૂર્તિ મળી આવેલી. તેથી તેનું નામ ''એલીફન્ટા'' પડેલું. ૧૬મી સદીમાં પોર્ટુગીઝોએ આ ટાપુ પર કબજો મેળવી એલીફન્ટા નામ આપેલું.

એલીફન્ટાની ગુફાઓ એક જ પહાડમાંથી કોતરવામાં આવેલી છે. ૫૦૦ ફૂટ ઊંચાઈના ખડકમાં ૩૯ મીટર ઊંડે સુધી ગુફા બનાવી તેની દીવાલો પર સુંદર મૂર્તિઓ અને આકર્ષક ડિઝાઈન કોતરવામાં આવેલી છે. સાતમી સદીમાં બંધાયેલી આ ગુફા કઈ રીતે બની હશે તેની કલ્પના પણ મુશ્કેલ છે. ૬૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલા આ સંકુલની ગુફાઓમાં ભગવાન શિવની વિવિધ મૂર્તિઓ છે. મુખ્ય ગુફા દ્વારપાળના શિલ્પવાળા સ્તંભોથી ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. મુખ્ય ખંડમાં શંકર ભગવાનની મૂર્તિઓ છે. તેમાં સૌથી મોટી મૂર્તિ પાંચ મીટર ઊંચી છે. આ ઉપરાંત ત્રિમૂર્તિ, અર્ધ નારેશ્વર, પાર્વતી વગેરેની વિશાળ મૂર્તિઓ પણ છે. આ સ્થાન યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામ્યું છે. મુંબઈ આવતા દેશ-વિદેશના પ્રવાસીઓ આ ગુફાઓ જોવા અચૂક આવે છે.

## બ્રહ્માંડમાં ઘૂમતા પૂંછડિયા તારા : ધૂમકેતુ

ધૂમકેતુ અવકાશી પદાર્થ છે. તે સૂર્યની આસપાસ પ્રદક્ષિણા કરે છે. પ્રચંડ વેગે પ્રદક્ષિણા કરતા આ તારાને કોમેટ પણ કહે છે. તેમાંથી પ્રચંડ વેગે વાયુ અને રજકણો નીકળે છે. તેનો દેખાવ તેની પૂંછડી જેવો હોય છે.

★ સૂર્યમાળામાં લગભગ ૩૦૦૦ જેટલા ધૂમકેતુ છે. બધા જ પૃથ્વી પરથી દેખાતા નથી.

★ ધૂમકેતુનું કેન્દ્ર મિથેન, એમોનિયા અને કાર્બન ડાયોક્સાઇડ જેવા વાયુઓ ઠરીને બનેલા બરફનું બનેલું છે.

★ ધૂમકેતુના કદ કરતાં તેની પૂંછડી લાખો ગણી મોટી હોય છે.

★ ધૂમકેતુનો જન્મ કૂઈ પર બેલ્ટમાં ફરતા અવકાશી ખડકોમાંથી થાય છે અને તે પ્રદક્ષિણા કરતી વખતે સૂર્યની નજીક આવે ત્યારે તૂટી પડે છે.

★ ધૂમકેતુ ચોક્કસ સમયાંતરે પ્રદક્ષિણા કરતા હોવાથી પૃથ્વીની નજીક આવે ત્યારે દેખાય છે. ધૂમકેતુ દેખાવાનો સમયગાળો ચોક્કસ હોય છે.

## સાપ વિશે આ જાણો છો?

પૃથ્વી પર સાપની હજારો જાત થાય છે. પણ તેમાં માત્ર ૩૭૫ જાતિના સાપ જ ઝેરી હોય છે. સાપ હાથ પગ વિનાનું, દોરડા જેવું, પેટે ચાલનારું પ્રાણી છે. તેને સરિસૃપ જાતિ કહે છે. સાપ પાણીમાં ખડક નીચે, જમીનમાં દર કરીને કે ઝાડની બખોલમાં રહે છે.

★ સાપ મોટેભાગે કાળા રંગના હોય છે. પણ લીલા, પીળા અને કથ્થાઈ રંગના પણ તે જોવા મળે છે.

★ સૌથી નાનો સાપ બ્રાહ્મણી માત્ર બે ઈંચનો હોય છે અને તે અંધ હોય છે. સૌથી મોટો સાપ એનાકોન્ડા ૩૮ ફૂટનો પણ હોય છે.

★ સાપ ૫૦ વર્ષ જીવે છે.

★ સાપ ધ્રુવ પ્રદેશો, આઈસલેન્ડ, આયર્લેન્ડ, ગ્રીનલેન્ડ અને ન્યુઝીલેન્ડ સિવાય સમગ્ર વિશ્વના દેશોમાં જોવા મળે છે.

★ સાપ નાના જીવજંતુઓ ખાય છે. કેટલાક સાપ ખોરાક વિના એક વર્ષ જીવી શકે છે.

★ સાપની જીભ બે પાંખિયાની બનેલી છે. જીભથી તે ગંધ પારખે છે. સાપને કાન હોતા નથી પરંતુ તેનું શરીર અવાજના તરંગો ઝીલી શકે છે.

## ઠંડી લાગે ત્યારે ધ્રુજારી કેમ થાય છે?

આપણને વધુ ઠંડી લાગે ત્યારે હાથપગ ધ્રુજવા લાગે છે અને કેટલાકને દાઢી ધ્રુજવા લાગીને દાંત પણ કટકટે છે. આપણું શરીર આસપાસના હવામાન સાથે પોતાનું ઉષ્ણતામાન જાળવી રાખતું હોય છે અને શરીરને જરૂરી ઉષ્ણતામાનમાં રાખવા માટે વાતાવરણ પણ અનુકૂળ હોવું જોઈએ. વાતાવરણના ઉષ્ણતામાનમાં વધારો કે ઘટાડો થાય ત્યારે શરીર પોતાનું સમતોલ ઉષ્ણતામાન જાળવી રાખવા માટે પ્રતિક્રિયા કરે છે. ઉનાળામાં પરસેવો વળીને ઉષ્ણતામાન જળવાય છે જ્યારે ઠંડીમાં શરીરના સ્નાયુઓ ગરમી મેળવવા માટે ધ્રુજવા લાગે છે. અતિશય ઠંડીમાં શરીરની ગરમી મેળવવા માટેની ધ્રુજારી એક પ્રતિક્રિયા છે.

*જો પાત્રતા ન હોય તો પ્રાપ્તિ પણ પતનનું કારણ બની શકે છે.*

# માતૃભૂમિ કચ્છના સમાચાર

● સંપાદન : ચૌલા કુરુવા ●

## પક્ષીઓ માટે આલીશાન ચબુતરો

### અંજારના રતનાલ ગામે રૂા. ૧૦ લાખના ખર્ચે ૬ માળનો આકર્ષક ચબુતરો નિર્માણ પામ્યો

સદીઓથી લોકો ધાર્મિક સાથે જીવદયાની પ્રવૃત્તિ કરતા આવ્યા છે અને ગામમાં દેવ મંદિર સાથે ચોરો અને ચબુતરો બનાવતા હોય છે. ત્યારે અંજાર તાલુકાના રતનાલ ગામમાં પણ આજ પ્રણાલિકા અંતર્ગત મગિયાસર તળાવમાં ૩૫ ફૂટ ઊંચો ૬ માળનો ચબુતરો નિર્માણ કરવામાં આવ્યો છે. રૂા. ૧૦ લાખના લોકફાળાથી તૈયાર કરાયેલા રંગબેરંગી ચબુતરાને રજવાડી શૈલીમાં આધુનિક ઢબે બનાવવામાં આવ્યો છે. જ્યાં હવે અસંખ્ય પક્ષીઓ પોતાનો વસવાટ કરી શકશે. પ્રકૃતિ પ્રેમીઓ પક્ષીઓના નિભાવ માટે ચણનું દાન કરી આનંદની અનુભૂતિ કરી રહ્યા છે.

રતનાલ ગામના મુખ્ય મગિયાસર તળાવમાં ૩૫ ફૂટ ઊંચો ચબુતરો તૈયાર થતા જીવદયા પ્રેમીઓ દ્વારા હવે ચબુતરાની આસપાસ ચણ નાખવાની શરૂઆત કરી દેવાઈ છે. આ સદ્કાર્ય ગામના સરપંચ ત્રિકમ આહીરની અધ્યક્ષતામાં વાલજીભાઈ આહીરના સહયોગ અને યુવક મંડળના માર્ગદર્શન હેઠળ સંપન્ન કરવામાં આવ્યું છે. આ ચબુતરો આધુનિક ઢબે ખૂબ જ મજબૂત રીતે તૈયાર કરવામાં આવ્યો છે. રૂા. ૧૦ લાખના ખર્ચે તૈયાર કરાયેલા રજવાડી શૈલીનો આ ચબુતરો, ન માત્ર પક્ષીઓ માટે પરંતુ લોકો માટે પણ આત્મસંતોષ આપનારો બની રહ્યો હોવાનું વેપારી રણછોડ છાંગાએ કહ્યું.

*(તા. ૫-૫-૨૦૨૩)*

## ભુજની દીકરીની કળા : પોતાના જ લગ્ન માટે ગાયના ગોબરથી બે મહિનામાં પોતે જ તૈયાર કર્યો મંડપ. આ વૈદિક મંડપમાં ફરશે ફેરા.

### ગૌ મહિમાને વિશેષરૂપે ઉજાગર કરવા અને લગ્નના પવિત્ર બંધનમાં પવિત્ર રીતે જોડાવા ખાસ ગાયના ગોબરમાંથી વૈદિક લગ્ન મંડપ તૈયાર કરવામાં આવ્યો છે

ભુજ તાલુકાના સુખપર ગામે ખુદ કન્યાએ પરિવાર અને સ્નેહીજનોની મદદથી ગાયના ગોબરમાંથી તૈયાર કરાયેલા વૈદિક મંડપની રચના કરી છે. છેલ્લા બે માસની સખત મહેનત અને ધગસથી બનાવેલા લગ્નચોરીમાં રવિવારે મંડપ રોપણ વિધિ સંપન્ન થઈ હતી. જ્યારે આજે વૈદિક મંડપમાં સપ્તપદીના મંગળ ફેરા વિધિ યોજાશે.

બધું તૈયાર થતાં દોઢથી બે માસ જેટલો સમય લાગ્યો હતો. આ માટે ગામમાં અન્ય પરિવારની મળીને કુલ ૧૫ જેટલી ગાયનું ગોબર રોજેરોજ એકત્ર કરી મંડપ નિર્માણ માટે ઉપયોગમાં લેવામાં આવ્યું છે.

સુખપર ગામે અગાઉ પણ આજ પ્રકારનો વૈદિક લગ્ન મંડપ કાંતિભાઈ કેરાઈના ઘરે બનાવવામાં આવ્યો હતો. યોગાનુયોગ તેમની પુત્રીનું નામ પણ નિશા છે અને નિશા મેપાણી બંને સહેલીઓ છે. બંને ગાયના ગોબરમાંથી તૈયાર થતી ડિઝાઈન શીખવા અંજારના નીલકંઠ ગૌ સેવા કેન્દ્રમાં ખાસ તાલીમ મેળવી હતી. આજ તાલીમના આધારે નિશાએ પોતાના લગ્ન માટે ગાય આધારિત લગ્ન મંડપ બનાવ્યો છે.

એટલું જ નહીં હાલમાં જ યોજાઈ ગયેલા નરનારાયણ દેવ દ્વિ-શતાબ્દિ મહોત્સવમાં લાખો લોકોના આકર્ષણનું કેન્દ્ર બનેલા ગૌ મહિમા કેન્દ્રમાં પણ નિશા અને તેની સહેલીઓએ ગાય આધારિત વિવિધ આકૃતિઓની બનાવટમાં સહયોગ આપ્યો હતો.

*(તા. ૭-૫-૨૦૨૩)*

## શતાબ્દિ મહોત્સવ

### કડવા પાટીદાર સમાજે ૧૦૦ વર્ષ પહેલાં કરાંચીમાં દફનવિધિ ત્યાગી અગ્નિ સંસ્કારનો નિર્ણય કર્યો હતો

કરાંચીમાં ૧૦૩ વર્ષ પહેલા ૧૯૨૦માં કુરિવાજોની નાબૂદી માટે કચ્છ કડવા પાટીદારની પહેલી પરિષદ યોજાઈ હતી. તેની શતાબ્દી હાલમાં સનાતની શતાબ્દી મહોત્સવ સ્વરૂપે નખત્રાણા ખાતે આવતીકાલથી યોજાઈ રહી છે ત્યારે કરાંચી પરિષદ સંલગ્ન ચર્ચાઓને લઈ જ્ઞાતિમાં નવેસરથી સનાતની જુવાળ પ્રગટ થયો છે અને મહોત્સવમાં ભાગ લેવા માટે વિક્રમજનક સંખ્યામાં કડવા પાટીદારો કચ્છમાં પહોંચી રહ્યા છે.

૮થી ૧૧ ઓગસ્ટ, ૧૯૨૦ના યોજાયેલી જ્ઞાતિની આ પ્રથમ

પરિષદમાં જ્ઞાતિ હિતની વાતો સાંભળવા લોકો ઠેર ઠેરથી ઉમટી પડ્યા હતા. પાકિસ્તાનના સિંધ, હૈદ્રાબાદ, સિખર, સીધાતપુર, મીરપુરખાસ, કોટડી, મલીર વગેરે વિસ્તારોમાંથી લોકો ત્રણ દિવસ પહેલા જ પહોંચી ગયા હતા. તે દર્શાવે છે કે લોકોને પરિષદની કાર્યવાહીમાં કેટલો બધો રસ હતો! મુંબઈથી તેમજ અન્ય દૂરની જગ્યાથી ટ્રેનમાં આવેલા લોકોને રેલવે સ્ટેશને લેવા માટે સ્વયં સેવકોની ફોજ તૈનાત કરવામાં આવી હતી. કરાંચીના શેઠ વાલજી ચના ઉપરશી અને શેઠ નાથાભાઈ કુંવરજીએ તેમના બંગલા મહેમાનોની સરભરા માટે ખુલ્લા મૂકી દીધા હતા અને પોતાની મોટરગાડી અને ઘોડાઘાડી મહેમાનો માટે આપી દીધી હતી.

કરાંચીમાં તે સમયે જુદા જુદા ૧૦ કમ્પાઉન્ડમાં પાટીદારોની વસ્તી હતી. રણછોડ લેનમાં કણબી ભાઈઓ રહેતા હતા, તે મોટા કમ્પાઉન્ડમાં વિશાળ ચોગાનમાં સભા રાખવામાં આવી હતી. આ પરિષદમાં કુલ ૨૨૦૦ લોકો ઉપસ્થિત રહેલા હતા. જેમાં ૫૦૦ બહેનો પણ હતી. તેના પરથી ખ્યાલ આવે છે કે સિંધ પ્રાંતમાં તે વખતે કચ્છી પાટીદારોની કેટલી મોટી વસ્તી હતી!

સ્વામી રેવાનંદજી, મુંબઈથી નારાણજી રામજી લીંબાણી અને રતનશી ખીમજી ખેતાણીએ સભાને માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને જ્ઞાતિને અભણ અને પછાત રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવનારી ચુંગાલમાંથી જ્ઞાતિને મુક્ત કરવા ક્રાંતિકારી નિર્ણયો લેવાયા હતા. આ પરિષદના પ્રમુખ સ્થાને રાજાભાઈ રામજી ધોળુ માનકુવા રહ્યા હતા.

મોટાભાગના સ્વયંસેવકો કરાંચી યુવક મંડળના હતા. જેના કેપ્ટન શિવજી લધા નખત્રાણાવાળા હતા. મહિલા મંડળના દેવકુંવરબેને સંગીત સાથે ઉમિયા દેવીની સ્તુતિ કરનારું મંગલાચરણ ગાયું હતું. તે વખતે કચ્છ કડવા પાટીદારોમાં ૧૨ વર્ષની ઉંમરે લગ્ન થતા હતા અને મહિના-બે મહિનાના છોકરાના સગપણ થઈ જતા હતા. તે કુરિવાજ સદંતર બંધ કરવાનો ક્રાંતિકારી ઠરાવ આ પરિષદમાં કરવામાં આવ્યો હતો. મરણ બાદ ભૂમિદાહ અપાતો હતો તેને બદલે અગ્નિ સંસ્કાર કરવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

*(તા. ૯-૫-૨૦૨૩)*

## દુનિયાનું સૌથી અમીર ગામ આપણા ગુજરાતમાં. ૧૩ બેંકોમાં જમા છે ૫ હજાર કરોડ રૂપિયા...

ભારતમાં તો આપણા ઘણા શ્રીમંત ગામોની વાતો સાંભળી હશે, પરંતુ ગુજરાતના કચ્છ જિલ્લાનું માધાપર ગામ વિશ્વના સૌથી ધનિક ગામોમાંનું એક છે. ગામના લોકોએ બેંકોમાં લગભગ ૫૦૦૦ કરોડ રૂપિયા ડિપોઝીટ પેટે જમા કરાવ્યા છે. એટલા માટે નાના ગામમાં ૧૩ બેંકો છે.

કચ્છના જિલ્લા મથક ભુજથી માત્ર ૩ કિ.મી. દૂર આવેલું માધાપર ગામ આજથી નહીં પરંતુ ૧૯૩૪થી પ્રગતિશીલ છે. ૧૯૩૪માં તે સમયની ભવ્ય પ્રાથમિક શાળાનું નિર્માણ થયું ત્યારે લોકો તેને જોવા આવતા હતા. જ્યારે ભૂકંપમાં ગામને નુકસાન થયું હતું, ત્યારે તે સમયે અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓએ એ જ શાળાને ફરીથી બનાવી હતી. આજે માત્ર આ ગામના લોકોની ગામમાં આવેલી બેંકોમાં જ ૫૦૦૦ કરોડ રૂપિયાથી વધુની થાપણો છે.

માધાપરના લેઉઆ પટેલ સમાજના વડા અને કચ્છના પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય જયંતભાઈ માધાપરીયાએ જણાવ્યું હતું કે, ગામ છેલ્લા પાંચ દાયકાથી સમૃદ્ધ છે.

ગામમાં આટલો બધો પૈસો અને સમૃદ્ધિ કેમ છે તેનું રહસ્ય છતું કરતાં જયંતભાઈ માધાપરિયા કહે છે કે, ૧૯૪૦થી લેઉઆ પટેલ સમાજના પરિવારના યુવાનો અમેરિકા, ઈંગ્લેન્ડ, આફ્રિકા, દુબઇ, કેનેડા જેવા દેશોમાં જઈને વસ્યા, પૈસા કમાયા અને શરૂઆત કરી ગામડામાં પૈસા મોકલવાની. પહેલા તેઓ પોસ્ટ ઓફિસમાં પૈસા જમા કરાવતા હતા અને ૧૯૯૦ પછી જ્યારે બેંકો આવવા લાગી ત્યારે બેંકોમાં સીધા વિદેશથી પૈસા આવવા લાગ્યા. આજે મોટી ખાનગી અને સરકારી સહિત ૧૩ બેંકો છે. હવે ગ્રામજનો શેરબજારમાં અને મ્યુચ્યુઅલ ફંડમાં પણ રોકાણ કરે છે.

હવે ગામ એક લાખની વસ્તી ધરાવતું મોટું થયું છે. ભૂકંપ બાદ માધાપરમાં અનેક લોકો સ્થાયી થયા હતા. આજે ગામમાં આધુનિક ગૌશાળા, રમતગમત સંકુલ, મંદિર, ચેકડેમ, શાળા સહિતની તમામ સુવિધાઓ છે. મોટાભાગના લોકો ખેતી કરે છે. લંડનમાં માધાપર વિલેજ એસોસિએશનની પણ રચના કરવામાં આવી છે, જે ગામને દરેક રીતે મદદ કરે છે.

*(તા. ૧૧-૫-૨૦૨૩)*

## મહિલાઓને હસ્તકળાની તાલીમ : ભુજના પ્રાગમહેલ ખાતે રાજ પરિવાર દ્વારા સેન્ટર ફોર રીવાઈવલ ઓફ હેરિટેજ ક્રાફ્ટની શરૂઆત કરાઈ

કચ્છની પ્રાચીન હસ્તકલાઓને પુનર્જીવિત કરવાના ઉદ્દેશ્ય સાથે કચ્છના રાજ પરિવાર દ્વારા કચ્છના અંતિમ રાજવી મહારાવ પ્રાગમલજી ત્રીજાના નામ પર સેન્ટર ફોર રીવાઈવલ ઓફ હેરિટેજ ક્રાફ્ટની શરૂઆત કરવામાં આવી છે. ભુજના દરબારગઢ ખાતે હવે મહિલાઓ આ સેન્ટર થકી પગભર તો બનશે જ. સાથે સાથે કચ્છની પ્રાચીન હસ્તકળાને ઉજાગર કરી દેશ વિદેશથી ફરવા આવતા પ્રવાસીઓ સમક્ષ પોતાની કળાના ઉત્કૃષ્ટ નમૂનાઓ પણ રજૂ કરી

શકશે.

રાજ પરિવારના સદસ્ય આરતીબા જાડેજાએ જણાવ્યું હતું કે, મહારાણી પ્રીતિદેવી દ્વારા દરબારગઢમાં જ મહારાવ પ્રાગમલજી થર્ડ સેન્ટર ફોર રીવાઈવલ ઓફ હેરિટેજ ક્રાફ્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ હેરિટેજ ક્રાફ્ટ સેન્ટર ખાતે ભારતીય કાપડ મંત્રાલયના હસ્તકલા વિકાસ કમિશનરના સહયોગથી સીંગર કંપની દ્વારા વિવિધ સીલાઈ મશીન પ્રદાન કરવામાં આવ્યા છે. જેના દ્વારા કચ્છની મહિલાઓ પગભર થશે અને કચ્છની પ્રાચીન હસ્તકલાને પુનર્જીવિત કરશે. *(તા. ૧૨-૫-૨૦૨૩)*

## વાંઢીયા પાસે આવેલા ૩૦ વર્ષ જૂના જંગલનો નાશ... લાકડામાંથી કોલસા બનાવાયાનો આક્ષેપ..

ભચાઉ તાલુકાના વાંઢીયામાં વેસ્ટાસ ૨૨૦ કેવી સબ સ્ટેશન પાસે આવેલા ત્રીસ વર્ષ જૂના ૧૦૦ એકર જેટલા જંગલમાં ૨૦થી ૨૫ ફૂટ ઊંચા બાવળના ઝાડ હતા. તેને કાપીને લાકડામાંથી કોલસો બનાવવાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના ચોંકાવનારા આક્ષેપો ઉઠ્યા છે.

આ અંગે મળતી વિગતો મુજબ ભચાઉ ફોરેસ્ટની નોર્મલ રેન્જના વાંઢીયા રાઉન્ડ જંગી તળે આવતા જંગલને ખોદી નાખવામાં આવ્યું હતું અને તેમાંથી નીકળેલા બાવળોની હરાજી કર્યા વિના એક ફોરેસ્ટરના મળયિતાઓને લાકડા આપી દેવાયા હતા અને આ લાકડામાંથી ગેરકાયદે રીતે લાખો રૂપિયાના કોલસા બનાવાયા હતા. બાવળના લાકડા જંગલમાંથી લઈને પ્લોટ વિસ્તાર બહાર ભઠ્ઠીઓ કરવામાં આવી હતી. આ કથિત કૌભાંડમાં ભચાઉ નોર્મલ રેન્જના અધિકારીઓની સીધી સંડોવણી હોવાના આક્ષેપો સૂત્રોએ કર્યા હતા.

કેટલાક જીવદયા અને પર્યાવરણ પ્રેમીઓએ આ બાબતે જાણ કરતા અને તપાસ કરતા અંદાજે ૧૦૦ એકર જેવો વિસ્તાર સાફ કરીને તેમાં નવી ઝાડી વાવવા માટે ખાડા ખોદવાની સાથે ગાઢ જંગલમાંથી મીઠાના પરિવહન માટે રસ્તો બનાવી અપાયો હોવાનું જણાયું હતું. આમ, ત્રીસ વર્ષ જૂના જંગલનો નાશ કરવામાં આવ્યો હોવાની ગંભીર બાબત સામે આવી છે. *(તા. ૧૨-૫-૨૦૨૩)*

## સીમંત પ્રસંગની અનોખી ઉજવણી : ભુજના દંપતીએ સંસ્કૃત ભાષાને મહત્ત્વ આપીને ભારતીય સંસ્કૃતિ મુજબ પ્રસંગનું આયોજન કર્યું

હિંદુ સંસ્કૃતિમાં વ્યક્તિના જીવનકાળના જન્મથી મરણ સુધીના સંસ્કાર વિધિ કરવામાં આવે છે. તેમાં ગર્ભ સંસ્કાર એટલે કે સીમંત પ્રસંગનું પણ વિશેષ મહત્ત્વ રહેલું છે. ત્યારે વર્તમાન સમયે લોકો દરેક અવસરે પશ્ચિમી સંસ્કૃતિનાં રંગે કાર્યક્રમ ઉજવે છે. પરંતુ ભુજના એક પરિવારે સીમંત સંસ્કાર વિધિ ભારતની પ્રાચીન સંસ્કૃત ભાષાને સ્થાન આપીને સંસ્કૃત ભાષામાં પોસ્ટર છપાવી, યજ્ઞવિધિ સાથે અનોખી રીતે ઉજવણી કરી હતી.

ભુજ શહેરમાં રહેતા ભાર્ગવ ધીરેનભાઈ જોશી અને તેમના પત્ની વિરલ ભાર્ગવ જોશીએ પોતાનો સીમંત સંસ્કાર કે જેને સંસ્કૃતમાં સીમંતોનયન સંસ્કાર કહેવાય છે, તેને સાંસ્કૃતિક રીતે યજ્ઞ કરીને તેમજ સંસ્કૃત ભાષાને મહત્ત્વ આપીને ઉજવ્યું હતું. બેબી શાવર સેરેમનીને ભારતીય સંસ્કૃતિ મુજબ ઉજવી હતી. ભાર્ગવભાઈ જોશી અને તેમના પત્ની વિરલબેનને બાળપણથી જ સંસ્કૃત ભાષામાં રસ હોઈ તેઓ પશ્ચિમ કચ્છ સંસ્કૃત ભારતીનાં સંયોજક અમિતભાઈ ગોર પાસેથી સંસ્કૃત બોલતા પણ શીખી રહ્યા છે. તો સંસ્કૃત ભાષા પ્રત્યેના પ્રેમને લઈ સીમંત પ્રસંગ પર તમામ વિધિ સંસ્કૃત ભાષામાં ઉજવી હતી. ભાર્ગવ જોશીના કહેવા મુજબ સંસ્કૃત ભાષાને વાંચીને સમજી તો જવાય છે પરંતુ જ્યારે એ જ ભાષા બોલવામાં આવે ત્યારે કઠિન લાગે છે.

જોશીના પરિવારમાં સીમંત સંસ્કાર એટલે કે સીમંતોનયન સંસ્કાર પ્રસંગમાં વૈદ્ય ડોલી બુધ્ધભટ્ટી દ્વારા ગર્ભસંસ્કાર યજ્ઞ કરાયા બાદ પરિવારના સભ્યોએ ગર્ભસ્થ બાળક સાથેના સંબંધના નામ સંસ્કૃતમાં લખેલા પોસ્ટર સાથે ફોટા પડાવ્યા હતા. સામાન્ય રીતે બેબી શાવરમાં અંગ્રેજી ભાષામાં જોવા મળતા 'મોમ ટુ બી' એટલે કે ''માતા બનનાર'' અને 'ડેડી ટુ બી' એટલે કે ''પિતા બનનાર'' જેવા પોસ્ટરની જગ્યાએ સંસ્કૃત ભાષામાં ''માતા ભવિષ્યામી'' અને ''પિતા ભવિષ્યામી'' નામના પોસ્ટર સાથે ભાર્ગવભાઈ અને વિરલબેને ફોટા પડાવ્યા હતા.

*(તા. ૧૩-૫-૨૦૨૩)*

## સામાન્ય સભા : લોકોને સમસ્યારૂપ બનતા રસ્તા, દબાણ, સફાઇ, ગટર સહિતના મુદ્દે વડીલોનું ચિંતન

સિનિયર સિટીઝન્સ એસોસિએશનની ભાઈ પ્રતાપ સમાધિ - આદિપુર ખાતે વાર્ષિક સામાન્ય સભા લાઈબ્રેરી હોલમાં પ્રમુખ એસ.એચ. મદનાનીના અધ્યક્ષપદે રાખવામાં આવી હતી. જેમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. બેઠકમાં રસ્તા, દબાણ, સફાઈ અને ગટર સહિતના લોકોને કનડગતરૂપ મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

સભાનું સંચાલન અને શાબ્દિક સ્વાગત ઉપપ્રમુખ કે.એ. રાયસીંગાણીએ કર્યું હતું. ત્યારબાદ ગયા વર્ષનો આવક-જાવકનો

હિસાબ રજૂ કરાયો હતો. જેને સભ્યોએ બહાલી આપી હતી. અવારનવાર સમાચાર પત્રોમાં છવાયેલી આદિપુર-ગાંધીધામની સમસ્યાઓને ટાંકીને સંકુલની સળગતી સમસ્યાઓ અંગે લાગતા વળગતા સત્તાધીશોને લખેલી લેખિત ફરિયાદ અંગે વિગતવાર માહિતી આપી હતી. જેમાં રોડ-રસ્તો અને તેના પરના દબાણ, રખડતા ઢોરની સમસ્યા, ગંદકી અને સફાઈ અંગેની ફરિયાદો, ગટર લાઈન અંગેની રાડ, અપૂરતા પાણી મળતું હોવાની સમસ્યા, મચ્છરનો ઉપદ્રવ વગેરેની ચર્ચા કરવામાં આવી હતી.

નવા ટર્મ માટે હોદ્દેદારો અને કમિટીના સભ્યોની નિમણુંક માટે રાયસિંધાણીએ રજુઆત કરી હતી. હાજર બધા સભ્યોએ હાલની સંચાલન સમિતિમાં સંપૂર્ણપણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને હાલની એ જ મેનેજિંગ કમિટીને બીજા ત્રણ વર્ષની મુદત માટે ચાલુ રહેવાની વિનંતી કરવામાં આવી હતી.

પ્રમુખ તરીકે એસ. એચ. મદનાની, ઉપપ્રમુખ કે.એ. રાયસિંગાણી, એચ. આર. ચાવલા, મંત્રી આઈ.બી. ચંદનાની, ખજાનચી આર.જી. તેજવાણી, સહમંત્રી અશોક માખીજાની પુનઃ નિમણુંક કરાઈ હતી. એચ.ટી. ખુશાલાણીએ સંચાલન સમિતિના સભ્ય તરીકે રાજીનામું આપતા ખાલી પડેલી એ જ જગ્યાએ સભ્ય ચંદ્રકાંત જે. સોલંકીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેથી સંચાલન સમિતિના સભ્યો તરીકે જનક તેજવાણી, ચંદ્રકાંત સોલંકી, લાલ ભાવનાની, ઓમ. લચ્છીરામાની, કુંતી કિશનાની વગેરે નિમણુંક પામ્યા હતા.

*(તા. ૧૫-૫-૨૦૨૩)*

## આગામી એક માસમાં કચ્છ મ્યુઝીયમમાં મૂકાશે અમૂલ્ય સ્થાપત્ય

ભુજ સ્થિત ૧૪૬ વર્ષ જૂનું કચ્છ સંગ્રહાલય ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાનું અમૂલ્ય સંગ્રહસ્થાન છે. તેમાં પણ ક્ષત્રપ વંશજોના અગિયાર શિલાલેખ જે અન્ય ક્યાંય નથી તેમાં વધુ એક એટલે કે બારમું શિલાલેખ પ્રદર્શનમાં મુકાશે. કચ્છ સંગ્રહાલય ગુજરાતનું સૌથી જૂનું અને કદમાં ત્રીજું વિશાળ સંગ્રહાલય છે.

ઇ.સ. ૩૫થી ઇ.સ. ૪૦૫ વચ્ચે લખવામાં આવેલા ક્ષત્રપ રાજવંશના કુલ ૧૧ શિલાલેખ કચ્છ મ્યુઝીયમમાં રાખવામાં આવ્યા છે, જે ભારતના કોઈપણ મ્યુઝીયમમાં રાખવામાં આવેલા શિલાલેખોથી વધારે છે. પશ્ચિમી ક્ષત્રપ રાજવંશનું શાસન મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત તેમજ મધ્યપ્રદેશ સુધી વિસ્તારાયેલું હતું. આ શિલાલેખ મહારાષ્ટ્ર અને ગુજરાતના વિવિધ ભાગોમાંથી મળી આવ્યા હતા.

નવો ક્ષત્રપ શિલાલેખ જે પ્રદર્શન અર્થે મૂકવામાં આવશે તે આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા - મૈસુરની અનુમતિથી સંશોધન પત્ર મુજબ પત્થર પર શિલાલેખ કોતરાયેલો છે. તે માંડવી તાલુકાના ગોણિયાસર ખાતેથી મળી આવ્યો હતો. આ શિલાલેખ મળવા અંગે રસપ્રદ માહિતી આપતા પૂર્વ ક્યુરેટર શેફાલીકા જણાવે છે કે, ૨૦૧૮ના મે મહિનામાં દિલીપભાઈ વૈદ્યે જાણ કરતાં સંગ્રહાલય તરફથી સ્થળ પર તપાસ કરી તેને સંગ્રહાલય સુધી પહોંચતી કરવા માટે તત્કાલીન જિલ્લા સમાહર્તા રેમ્યા મોહન તેમજ સંગ્રહાલય વિભાગ, ગાંધીનગર સાથે પત્ર વ્યવહાર અને પ્રક્રિયા સંપૂર્ણ કરીને ભુજ લઈ આવવામાં આવ્યો.

લોકોની રૂચિ સંગ્રહાલય તરફ વધે તેમજ વધુને વધુ લોકો તેમના પ્રદેશ અને ભૂતકાળ વિશે જાણે તેવા પ્રયાસો કરવામાં આવશે તેવું જણાવતા ક્યુરેટર દ્વારા આગામી સમયમાં વિવિધ પ્રકારના પ્રદર્શન અને કાર્યક્રમ યોજવામાં આવશે તેવું કહ્યું હતું. ભુજના સંગ્રહાલયમાં અનેકવિધ અમૂલ્ય વસ્તુઓ છે કે જે સ્થાનિક લોકોએ જાણવી જોઈએ.

*(તા. ૧૭-૫-૨૦૨૩)*

## રાપરના પ્રાગપરમાં રાત્રિસભામાં કલેક્ટર સમક્ષ ૨૧ પ્રશ્નો મૂકાયા : કેનાલ, સ્ટ્રીટ લાઈટ, સફાઈ સહિતના મુદ્દા ચર્ચાયા

રાપર તાલુકાના પ્રાગપરમાં કલેક્ટરના અધ્યક્ષ સ્થાને મળેલી રાત્રિ સભામાં ગામ તળાવ, ચેકડેમ, કેનાલ, સ્ટ્રીટ લાઈટ, અન્ય બાંધકામો વગેરેની સફાઈ સહિત ૨૧ પ્રશ્નો રજૂ થયા હતા. જિલ્લા સમાહર્તા અમિત અરોરાના અધ્યક્ષસ્થાને યોજાયેલી રાત્રિસભામાં રજૂ થયેલા ૨૧ પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ કરવા કલેક્ટરે હાજર અમલીકરણ અધિકારીઓને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

*(તા. ૧૭-૫-૨૦૨૩)*

## અંજારના ડેન્ટીસ્ટને દુબઇમાં ગ્લોબલ ઇન્સ્પિરેશનલ એવોર્ડ એનાયત

### તેઓ ઘણા વર્ષથી ગરીબ, નિરાધાર દર્દીઓને ઉમદા સારવાર રાહત દરે આપે છે

અંજારના સેવાભાવી ડેન્ટીસ્ટને તેમની સેવા બિરદાવી દુબઈ (યુ.એ.ઈ.) ખાતે ગ્લોબલ ઇન્સ્પિરેશનલ ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અંજાર શહેરનાં તેમજ સમગ્ર કચ્છના જાણીતાં ડેન્ટીસ્ટ ડૉ. પ્રણવ વી. માણેકને દુબઈમાં યોજાયેલ વર્લ્ડ હ્યુમેનીટેરીયન

ફાઉન્ડેશન દ્વારા ગ્લોબલ ઇન્સ્પિરેશનલ બેસ્ટ ડેન્ટીસ્ટ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ડૉ. માણેક, કે જેઓ છેલ્લા ૧૭ વર્ષથી અંજાર મધ્યે જલારામ ડેન્ટલ હોસ્પિટલમાં ગરીબ, નબળા તેમજ નિરાધાર દર્દીઓની ઉમદા સારવાર રાહત દરે સેવા આપીને કરી રહ્યા છે.

તેમનું આ કાર્ય વર્લ્ડ હ્યુમિનેટેરીયન ફાઉન્ડેશન દ્વારા બિરદાવવામાં આવ્યું છે. આ અગાઉ પણ તેમને લંડન સંસદમાં લૉર્ડ્ઝ ઑફ ઑનર એવોર્ડ અને એશિયન ગ્લોબલ એચિવર્સ એવોર્ડ જેવા ઘણા મોટા ઍવોર્ડ્ઝ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે તેમની પત્ની ડૉ. સ્નેહા માણેક (ડેન્ટલ સર્જન) પણ સમર્પિત ભાવે દર્દીઓની ઉમદા સેવા ખૂબ જ તન, મનથી કરી રહ્યા છે.

ડૉ. પ્રણવ માણેક જાણીતા કવિ વિનોદ માણેક 'ચાતક'ના પુત્ર છે. ડૉ. માણેકની આ અદ્‌ભુત સિધ્ધિ બદલ તેમના સર્વે દર્દીઓ, મિત્રો, સમગ્ર લોહાણા સમાજ, અંજાર વેપારી મંડળ, ચેમ્બર ઓફ કોમર્સ અને ઇન્ડસ્ટ્રીઝ, સમગ્ર આહિર સમાજ, કર્મચારી મંડળ વગેરે તરફથી શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

*(તા. ૧૬-૫-૨૦૨૩)*

## ૨૨ જેટલા પાકિસ્તાનીઓને વાઘા - અટારી બોર્ડર પરથી સરહદ પાર હવાલે કર્યા

થોડા દિવસો પહેલા પાકિસ્તાને ૧૮૪ ગુજરાતી માછીમારોને મુક્ત કર્યા હતા. તેવામાં હવે જવાબમાં ભારતે જુદી જુદી જેલોમાં બંધ ૨૨ જેટલા પાકિસ્તાનીઓને વાઘા-અટારી બોર્ડર પરથી સરહદ પાર હવાલે કર્યા છે. જેમાં ૯ જેટલા કેદીઓ કચ્છની જેલમાંથી પાકિસ્તાન મોકલાયા હોવાનું બહાર આવ્યું છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેના ખરાબ સંબંધોની સૌથી વધારે અસર માછીમારોને થાય છે. ભૂલભૂલમાં સરહદ ઓળંગાઈ જતાં અન્ય દેશોની જેલમાં વર્ષો કાઢે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે બી.એસ.એફ.ના જવાનો દ્વારા આ કેદીઓને વાઘા સરહદ પર જોઈન્ટ ચેક પોસ્ટ ખાતે પાકિસ્તાની અધિકારીઓને સોંપવામાં આવ્યા હતા. તમામને દિલ્હીમાં પાકિસ્તાની હાઈ કમિશન દ્વારા જારી કરાયેલ ઇમરજન્સી ટ્રાવેલ સર્ટીફિકેટના આધારે પાકિસ્તાન મોકલવામાં આવ્યા હતા.

*(તા. ૨૧-૫-૨૦૨૩)*

*ઉંમર થકવી નથી શકતી, ઠોકરો પાડી નથી શકતી,*
*અગર જીતવાની જીદ હોય તો પરિસ્થિતિ હરાવી નથી શકતી.*

## ઉનાળુ વેકેશનમાં કચ્છીઓ દેશ-વિદેશના પ્રવાસે... સ્થાનિક પર્યટનોએ પણ...

**દેશના વિવિધ હિલ સ્ટેશનના પ્રવાસે જવા માટે કચ્છના ટુર ઓપરેટરો પાસે ૫૦ ટકાથી વધુ એડવાન્સ બુકિંગ થયું છે**

કચ્છમાં પણ પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. આ વર્ષે કચ્છના લોકો કચ્છ બહાર જુદા જુદા પર્યટન સ્થળોએ જવા માટે બુકિંગ કરાવી રહ્યા છે. જેમાં કાશ્મીર, ગોવા, કુલુ મનાલી અને કેરળ ફરવા જવાનું લોકો વધારે પસંદ કરી રહ્યા છે.

છેલ્લા ત્રણ વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ઉનાળુ વેકેશનમાં લોકો બહાર ફરવા જવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

આ વર્ષે વિદેશની ટુરમાં સીંગાપુર, મલેશિયા, થાઇલેન્ડ, દુબઈ, બાલી, યુરોપની ડિમાન્ડ વધુ છે. તો હાલમાં મોટાભાગના બુકિંગ ફૂલ થઈ ગયા છે. ૫૦ ટકા ઉપર ટુર પેકેજોનું બુકિંગ થઈ ચૂક્યું છે તેમજ ૧૦થી ૧૫ ટકા જેટલા ટુર પેકેજ મોંઘા પણ થયા છે.

ઉપરાંત કચ્છમાં પણ અનેક પ્રવાસીઓ આવી રહ્યા છે. જેમાં ૨૦૦૧માં આવેલ ગોઝારા ભૂકંપમાં મૃત્યુ પામેલા લોકોની યાદમાં નિર્માણ પામેલ સ્મૃતિવન અર્થક્વેક મ્યુઝીયમની લોકો વધારે મુલાકાત લઈ રહ્યા છે. તો વિજય વિલાસ પેલેસ, પ્રાગમહેલ, આઇના મહેલ તેમજ રોડ ટુ હેવન અને માંડવી બીચ પર ફરવા જવાનું લોકો વધારે પસંદ કરી રહ્યા છે.

હાલમાં વેકેશનનો માહોલ જોતા ફ્લાઇટની ટિકિટમાં પણ વધારો આવ્યો છે. ગાંધીધામથી હરિદ્વાર અને ગાંધીધામથી અમૃતસર જાહેર કરાયેલી ટ્રેનો શરૂ થાય તેવી માંગ પણ કરાઈ છે.

*(તા. ૨૬-૫-૨૦૨૩)*

## કચ્છમાં નાગર જ્ઞાતિની વિકાસગાથા રજૂ કરતું ૧૯૭૭નું પુસ્તક ઓનલાઈન

**કચ્છમાં નાગર જ્ઞાતિના આગમનથી લઇને તેમના વિકાસના સંશોધનને આવરી લેતા ૧૯૭૭માં લખાયેલું પુસ્તક ઇ-પુસ્તકના માધ્યમથી ઉપલબ્ધ બનાવાયું છે**

જાણીતા ઇતિહાસકાર સ્વ. દિલસુખરાય અંતાણીએ આ જિલ્લામાં જ્ઞાતિના લોકોના આગમનથી લઇને તેમના સંસ્કાર, ગોત્ર, વ્રત-તહેવારો, હાટકેશ્વર મંદિરોની સ્થાપના સહિતના

સંશોધનને એક જ સંપુટમાં સમાવતાં પુસ્તકની ૧૯૭૭માં આવૃત્તિ પ્રકાશિત કરી હતી. જેની હવે પ્રાપ્તિ ન હોતાં ઇ-આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનો નિર્ણય લેવાયો હતો. નોંધનીય છે કે આ લેખકે આ સિવાય ભુજ દર્શન, કચ્છમાં અંગ્રેજી રાજ, દરિયાપીર સહિતના પુસ્તકો આપ્યા છે. જે પૈકી ભુજ દર્શનની ઇ-આવૃત્તિ તાજેતરમાં ગૂગલ પ્લે સ્ટોર, એમેઝોન પર મૂકાઈ હતી. હવે આ પુસ્તક મૂકાયું છે.

ઉલ્લેખનીય છે કે, કચ્છ નાગર જ્ઞાતિ દર્શન ૧૯૭૭માં પ્રગટ થયું ત્યારે બહોળો આવકાર મળ્યો હતો. સંસ્કૃતિના અધ્યયન માટે પુસ્તકનું મહત્ત્વ સ્વીકારાતાં તે વિશ્વપ્રસિદ્ધ લાઈબ્રેરી ઑફ કોંગ્રેસ, વોશિંગ્ટન ડી.સી. દ્વારા પસંદગી પામ્યું હતું.

*(તા. ૨૭-૫-૨૦૨૩)*

## બાડા ગામનો છાત્ર ગૂગલ પાયથોન કોર્સમાં ઝળક્યો

મૂળ બાડાના હાલે અમદાવાદ રહેતા હેતાંશ પ્રતીકભાઈ હરીયાએ માત્ર નવ વર્ષની ઉંમરમાં ગૂગલ પાયથોન કોર્સમાં ૮૮.૭૫ ટકા માર્કસ મેળવીને બાડા ગામ અને જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. ચાર મોડ્યુલની પરીક્ષા ૫૦ મિનિટ ચાલી હતી અને તેના પ્રશ્નો ગૂગલમાંથી સીધા આવ્યા હતા. પાયથોને એવો પ્રોગ્રામ છે, જેનો ઉપયોગ નાનામાં નાની ગેમ ડેવલપ કરવામાં થાય છે. હેતાંશ હરિયાના દાદા અનિલભાઈ રામજી હરીયા ગામના શિક્ષણ ક્ષેત્રે યોગદાન આપી રહ્યા છે. *(તા. ૨૭-૫-૨૦૨૩)*

## કચ્છના કલાકારોને નૃત્ય આવિષ્કાર, બેસ્ટ નેશનલ કોરિયોગ્રાફર ઍવોર્ડ

માધાપરની નટરાજ ડાન્સ એકેડેમિ, અખિલ નટરાજન આંતર સાંસ્કૃતિક સંઘ નાગપુર, મેમ્બર ઓફ ઈન્ટરનેશનલ ડાન્સ કાઉન્સિલ - પેરીસના ઉપક્રમે ૨૨થી ૨૫ મે સુધી અમદાવાદમાં નૃત્ય સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કચ્છના કલાકારોએ અવનવી ૧૪ કૃતિઓ રજૂ કરી હતી.

માધાપરની નટરાજ ડાન્સ એકેડેમિના સંચાલિકાને સતત ત્રીજી વખત નૃત્ય આવિષ્કાર ઍવોર્ડ અને બેસ્ટ નેશનલ કોરિયોગ્રાફર ઍવોર્ડ અપાયો હતો. વધુમાં નૃત્ય વિભૂષણ ઍવોર્ડથી રાધિકા ટાંક, વૃંદા રાયઠઠ્ઠા, ક્રિશી ઠક્કરને સન્માનિત કરાયા હતા. રાધિકા ટાંકે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય મંચ ઉપર કચ્છી સંસ્કૃતિને ઉજાગર કરતી કૃતિ મીઠે પાંજે કચ્છડે જો પાણી, મીઠા રે પાં કચ્છજા માડુ સહિત ૧૪ કૃતિ રજૂ કરાઈ હતી અને ૪ કૃતિને પુરસ્કાર જ્યારે ૭ કૃતિને પ્રથમ ક્રમાંક, ૫ ને દ્વિતીય ક્રમાંક, ૧ કૃતિને તૃતીય ક્રમાંક મળ્યો. *(તા. ૨૮-૫-૨૦૨૩)*

# પ્રતિભાવ

## ધર્મ અને રાજકારણની ભેળસેળથી લોકશાહી નબળી પડી છે

ભારતને ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના આઝાદી મળી હતી. મહાત્મા ગાંધી - પંડિત જવાહરલાલ નહેરુ તથા અનેકાનેક નેતાઓ - સ્વયંસેવકો - ચળવળકારોએ અંગ્રેજ સરકારની લાઠીઓ - ગોળીઓ ખાધી હતી અને પોતાના પ્રાણ ન્યોચ્છાવર કર્યા હતા. આ મહામૂલી આઝાદીને ૭૫ વર્ષ પૂરા થયા તેનો અમૃતોત્સવ ઉજવી રહ્યા છીએ.

દર પાંચ વરસે ચૂંટણીઓ યોજાય છે અને લોકો પોતાની પસંદગીની સરકારને ચૂંટે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ચૂંટણી જીતવા અને પોતાના પક્ષની સરકાર હાંસલ કરવા માટે રાજકીય પક્ષો અને નેતાઓ ખંડનાત્મક પ્રવૃત્તિઓ અપનાવી રહ્યા છે. જેમાં ધાકધમકી - લાંચ અને ઇ.વી.એમ. સાથે ચેડા જેવા કાર્યો કરવામાં આવે છે. જરૂર પડ્યે અધિકારીઓ સાથે તાલમેલ પણ કરતા હોય છે અને આવા અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવતી હોય છે. જેના કારણે વહીવટીતંત્ર પર દબાવ અને ડરનો માહોલ સર્જાય છે. આમ, રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી જીતવા ટૂંકા રસ્તા અપનાવવામાં આવે છે, જે લોકતંત્ર માટે હાનિકારક છે.

ચૂંટણી જીતવા માટેનો એક મહત્ત્વનો મુદ્દો ધાર્મિક સંસ્થાઓ - સંપ્રદાયો અને સાધુ સંતો પણ બની ગયા છે. રાજકીય પક્ષો અને આવા મોટા સંપ્રદાયો એકમેકના લાભાલાભ જોતા હોય છે. ધર્મ અને રાજકારણની ભેળસેળ થઈ રહી છે. મંદિરો, સંપ્રદાયો રાજકીય નેતાઓના જાણે કે અડ્ડા બની ગયા છે. આ સંપ્રદાયો પોતાના ઉત્સવોમાં સરકારના પ્રધાનો - રાજનેતાઓને બોલાવે છે અને તેમની મોટી આગતાસ્વાગતા કરે છે. આને કારણે સંપ્રદાયો અને દેશનું રાજકારણ બગડ્યા છે. સંપ્રદાયો રાજકીય લાભ ઉઠાવે છે. વિધાનસભા કે લોકસભાની ચૂંટણી વખતે આ સંપ્રદાયો પોતાના સમર્થકોને અમુક તમુક પક્ષને જ મત આપવા કહેતા હોય છે. આમ, ધર્મ અને રાજકારણની ભેળસેળને કારણે દેશની લોકશાહી નબળી પડી રહી છે, જે ચિંતાનો વિષય છે.

*રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ*
*મો. ૯૪૨૮૮ ૯૫૮૭૦*

*પરિસ્થિતિ કંઈ પણ હો, અડગ બનીને ઉભા રહેવું જોઈએ,*
*ખાટી કેરી પણ બદલાઈને મીઠો આંબો બની જાય છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્ર્સ (ભારતીય માનક બ્યુરો)




ગત મે માસની ૨૩મી તારીખે ન્યુ દિલ્હી મધ્યે આંતરરાષ્ટ્રીય માનકીકરણ સંસ્થા (ISO)ની Consumer Policy Committee (COPOLCO) ની ૪૪મી આંતરરાષ્ટ્રીય ગોષ્ઠિનું ભારતીય માનક બ્યુરો (Bureau of Indian Standards) – BIS દ્વારા આયોજન થયું. ઉપભોક્તાના હિતો જાળવવા અને વસ્તુઓની ગુણવત્તાના આંતરરાષ્ટ્રીય આધાર નિર્ધારીત કરવામાં ISO ની આ કમિટી મહત્ત્વનો ભાગ ભજવે છે. ચાર દિવસની ISO ની આ ગોષ્ઠિમાં ૨૯ દેશોના ૭૬ પ્રતિનિધિઓ તેમજ ભારત સ્થિત વિવિધ ગ્રાહક સુરક્ષા સંસ્થાઓના પ્રતિનિધિઓ, વિવિધ વિષયના તજજ્ઞો અને ભારતીય માનક બ્યુરોના ઉચ્ચ અધિકારીઓએ ભાગ લીધો. **આ સંસ્થાના વૈજ્ઞાનિક-જી અને ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ (નિવૃત્ત) શ્રી નિકીતકુમાર કંસારા, જેઓ હાલે ઉત્પાદોની ગુણવત્તાના ધોરણો અંગે જન-ચેતના જાગૃતિ આયામોના આયોજન સલાહકાર તરીકે કાર્યરત છે, તેઓશ્રીએ ગોષ્ઠિના પ્રારંભે આમંત્રિત ડેલીગેટ્સનું સ્વાગત કર્યું.** શ્રી કંસારાએ ગોષ્ઠિના પ્રથમ સત્ર "Challenges and good practices for Consumer Engagement" વાર્તાલાપ સેશનને સંબોધિત કર્યું. તેઓશ્રીએ ભારતીય માનક બ્યુરોની માનકીકરણ પ્રક્રિયા અને સ્થાપિત ધોરણોના અનુપાલન વિશે કેસ સ્ટડી પ્રસ્તુત કરી. એ ઉપરાંત બ્યુરો દ્વારા કેન્દ્ર તેમજ રાજ્ય સરકારી સંસ્થાઓ અને પ્રબંધો, ઔદ્યોગિક ઉપક્રમો, ગ્રાહક સુરક્ષા સંસ્થાઓ તેમજ શિક્ષણ સંસ્થાઓ સાથે સક્રિય સંપર્ક સ્થાપિત કરવા તાજેતરમાં પ્રાયોજિત આયામો ઉજાગર કર્યા. વસ્તુઓની ગુણવત્તાના મહત્ત્વ અંગે 'યુવા-ચેતના' જાગૃત કરવા તાજેતરમાં સ્થાપિત 'માનક ક્લબો'માં એક લાખથી વધુ સભ્યો થઈ ચૂક્યા છે અને નિરંતર વધે છે. જે આપ જન-સમૂહમાં ગુણવત્તા જાગૃતિ હેતુ કડીરૂપ તરીકે મહત્ત્વનું યોગદાન પ્રદાન કરશે.



*COPOLCOના પ્રતિનિધિઓને સંબોધતા શ્રી નિકિતકુમાર કંસારા*

## ઉપનામ 'અલ્પ' પણ સાહિત્યયાત્રા છ દાયકાની. ભુજમાં સાહિત્યકાર સર્જક નવીન ત્રિપાઠી 'અલ્પ'ની સર્જન યાત્રાને ભુજની ૧૭ સંસ્થાઓએ પોંખીને કર્યું અભિવાદન

કચ્છના નામાંકિત બહુ આયામી સાહિત્ય સર્જક તથા શિક્ષણક્ષેત્રે રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરનાર શ્રી નવીનભાઈ ત્રિપાઠી 'અલ્પ'ની સાહિત્યિક સેવાઓ અને સર્જન બદલ રવિવારની સંધ્યાએ ૧૭ જેટલી સંસ્થાઓએ પોંખણા કરીને કરેલા સન્માન પ્રસંગે વક્તાઓએ તેમની પ્રવૃત્તિઓને બિરદાવીને આ સન્માનને

*આવક વધતી ના હોય ત્યારે સ્વસ્થતા ટકાવી રાખવા ખર્ચ ઘટાડતા રહેવું.*

માત્ર પડાવ ગણીને સર્જન અવિરત ચાલુ રાખવાની શુભેચ્છા વ્યક્ત કરી હતી.

અહીં પ્રેમજીભાઈ બી. ઠક્કર હિંદી ભવનના મધ્યસ્થ હોલ ખાતે યોજાયેલા લાગણીભર્યા કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય કરતાં જાણીતા સાહિત્ય ઉત્તેજક અને પીઢ ધારાશાસ્ત્રી શ્રી શંકરભાઈ સચદેએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, સન્માનિત સર્જક નવીન ત્રિપાઠીનું ઉપનામ 'અલ્પ' છે પણ તેમની સાહિત્ય યાત્રા ૬૦ વર્ષની સિંહકાલીન છે. તેમનું સર્જન અવિરત છે. એટલું જ નહીં, તેઓ સારા, સફળ અને નીવડેલા સાહિત્યકાર છે. ૭૮ વર્ષની વયે ૭૮ સર્જકનું સ્વખર્ચે તેમણે સન્માન કરી એક વિશેષ દાખલો પ્રસ્થાપિત કર્યો છે. કારણકે આજે કલા હોય કે સાહિત્ય ક્ષેત્ર, ગળાકાપ સ્પર્ધા છે. તેવામાં અન્ય સર્જકોનું સન્માન અલ્પ કરતા રહ્યા છે. શિક્ષક તરીકે છાત્રોની ભીતરની વાતો ઉલેચીને લોક શિક્ષક તરીકે કામ કર્યું છે. વધુમાં શ્રી શંકરભાઈએ ઉમેર્યું હતું કે, સાંપ્રતકાળમાં પતિ-પત્ની વચ્ચે ઘણી જગ્યાએ અવિશ્વાસની ભાવના જોવા મળે છે. જેના કારણે સંબંધોની કટોકટી છતી થાય છે. ત્યારે શ્રી ત્રિપાઠીએ દિવંગત પત્નીની સ્મૃતિ છેલ્લા ૧૨ વર્ષથી જીવંત રાખી છે. તેથી તેમનું જીવન કવન તથા કાર્યો કાબિલે ગૌર, કાબિલે તારીફ અને કાબિલે ફક્ર છે. તેમણે કેટલાક રસપ્રદ કિસ્સાઓ વર્ણવીને પણ ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કર્યા હતા.

કાર્યક્રમના પ્રમુખ જયંતીભાઈ જોશી 'શબાબે' નવીન ત્રિપાઠીને આજના કાર્યક્રમના ઉત્સવમૂર્તિ લેખાવતા કહ્યું હતું કે તેમણે દાયકાઓ સુધી સાહિત્યની સેવા કરી છે, ત્યારે તેમનું પીઢવયે સન્માન એટલે જેવી રીતે ગ્રીષ્મ ઋતુમાં શીતળતા અને પાણીની જરૂર હોય અને તે પ્રાપ્ત બને તે રીતનું અભિવાદન છે. તેમનું ૧૭ જેટલી સંસ્થાઓએ અભિવાદન કર્યું તેમાં કુલ ૮૫૦ જેટલા સાહિત્ય પ્રવૃત્ત લોકોની ભાવના જોડાયેલી છે. બ્રાહ્મણોનું કામ દક્ષિણા લેવાની તથા આપવાની છે. અભિવાદનના વિચાર બદલ શ્રી શંકરભાઈ સચદેની ભાવનાને શ્રી શબાબે બિરદાવી હતી.

સન્માન બદલ ગદ્‌ગદ્ થયેલા સર્જક 'અલ્પે' પોતાના પ્રતિભાવ આપતા કહ્યું કે, પોતે ૧૮ વર્ષની વયે સાહિત્ય યાત્રા આરંભી છે. અનેક અખબાર અને સામાયિકો તેમના સર્જનના સાક્ષી અને નિમિત્ત બન્યા છે. પુસ્તકો જિંદગીનો આધાર છે. તેને ભાર ન કહેવાય. સાહિત્યક્ષેત્રે આવા સન્માનના કાર્યક્રમ જૂજ થયા છે. અભિવાદન બદલ ખુશી દર્શાવી હતી. સામૂહિક સન્માનનો અવસર યોજવા બદલ શ્રી અલ્પે શ્રી શંકરભાઈનો તથા વિવિધ સંસ્થાઓનો આભાર માન્યો હતો. વધુમાં ૨૭મીના 'રશ્મિ' કાવ્ય સંગ્રહના લોકાર્પણની વિગતો આપી હતી.

પ્રારંભમાં કચ્છ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના મંત્રી શ્રી પદ્મકાંતભાઈ રાવલે સ્વાગત પ્રવચનમાં માતૃદિને આજના કાર્યક્રમને મા સરસ્વતીને અર્પણ કરીને ઉચિત લેખાવ્યો હતો. સન્માનપત્રનું વાંચન ઉદ્‌ઘોષિકા શ્રીમતી કાજલબેન ઠક્કરે કર્યું હતું.

શ્રી લાલજીભાઈ મેવાડાએ આભાર દર્શન કર્યું હતું. શ્રીમતી કાજલબેન ઠક્કરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા

કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા વિશ્વ મધમાખી દિવસે તેમના વરિષ્ઠ કવિ આઈદાન ગઢવીને શ્રદ્ધાંજલી સાથે તેમની સાહિત્ય સેવા ચારણ કવિની બિરદાવવામાં આવી હતી. આ બેઠકમાં સાહિત્ય ગોષ્ઠિ સાથે કેટલીક મહત્ત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવતા આગામી કાર્યક્રમમાં કાવ્ય સ્પર્ધા, પ્રવાસ સહિત વિવિધ વિષય સાથે સંસ્થાની વધુ સંગઠન શક્તિ પર ભાર મૂકતા કવિ 'ખ્વાબ'ને કારાણી ઍવોર્ડ મળેલ તેની સાહિત્ય – કચ્છી - ગુજરાતીની સેવાને બિરદાવવા અંગે ચર્ચા કરવા સાથે દિલીપ આચાર્ય 'દિલકશ'ના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી.

જેમાં અતિથિ વિશેષ તરીકે પધારેલા અશ્વિનભાઈ જાનીને આવકારવામાં આવેલ હતા. તેમના પરિચય સાથે હાસ્યપદ લેખન અને પ્રકાશન ટુંક સમયમાં થશે તે બદલ અભિનંદન પાઠવવામાં આવેલ હતા. પછીથી તુલસીદાસ બોરા, વિનોદ સલાટ, આરતીબેન રાઠોડ, ખુશ્બુ સરવૈયા, દિલીપ આચાર્ય, વિનોદ એ. ગોર, નેણશી મીઠિયા, ચંદુભાઈ ગોર વગેરેએ સ્વરચિત રચનાઓ રજૂ કરી હતી. પછી જેમાં મધમાખી વિશ્વ દિન પ્રસંગે ગ્રુપ સભ્યની આવેલ મધમાખી અંગે રચનાનું દિલીપ આચાર્યએ પઠન કરેલ હતું. આ પ્રસંગે મદનકુમાર અંજારીયા 'ખ્વાબ'ને દુલેરાય કારાણી ઍવોર્ડ મળેલ છે તેની સાહિત્ય સેવા સન્માન રૂપે બિરદાવવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું. ટૂંક સમયમાં કાવ્ય લેખન સ્પર્ધા યોજવાની અને સભ્યોનો પ્રવાસ કાર્યક્રમ વગેરે અલગ અલગ વિષય અને પ્રકારની સ્પર્ધા યોજવા સહિતની માહિતી આપવામાં આવી હતી.અંતમાં કવિ આઈદાન કે. ગઢવી 'દેવીપુત્ર'ના અવસાનના દુઃખદ સમાચાર બદલ પરિવારને શોક સંદેશારૂપે શ્રદ્ધાંજલી આપીને તેમની વિવિધ સાહિત્ય સેવાના સંસ્મરણો યાદ કરીને બિરદાવવામાં આવેલ હતા. આ પ્રસંગે કાર્યક્રમમાં અશ્વિનભાઈ જાનીએ પોતાની રચના અને મનપસંદ ગીત વગેરે રજૂ કરેલ હતા. ■

*ખિસ્સાનો ખાલીપો એ દુઃખદ હોય છે એ વાત સાચી, પરંતુ અંતરનો ખાલીપો તેનાથી પણ વધુ દુઃખદ હોય છે.*


sharpex
forest & garden solutions
TURN YOUR
GREEN DREAMS
INTO REALITY FOR YOUR FACTORY, BUNGALOW & FARMHOUSE
INDIA'S LARGEST SELLING
ZERO MAINTENANCE
ELECTRIC LAWN MOWERS
Pot Trolley
Eco Chair
Flower Pot Stands
Bird Bracket
Deko Chips
info@sharpex.com | www.sharpexindia.com | Toll Free: 1800 313 3303
Follow Sharpex Gardening Community On
Our Online Partners: amazon.in Flipkart


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
HARSHA
ENGINEERS
www.harshaengineers.com
PRODUCTS & PROCESS EXCELLENCE THROUGH TPM
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
BRASS CAGES
• CYLINDRICAL ROLLER CAGES
• SPHERICAL ROLLER CAGES
• DEEP GROOVE CAGES
• ANGULAR CONTACT CAGES
• THRUST ROLLER CAGES
• TAPER ROLLER CAGES
STEEL CAGES
• DEEP GROOVE CAGES
• TAPER ROLLER CAGES
• SPHERICAL ROLLER CAGES
• CYLINDRICAL ROLLER CAGES
• ANGULAR CONTACT CAGES
• THRUST ROLLER CAGES
POLYAMIDE CAGES
• DEEP GROOVE CAGES
• ANGULAR CONTACT CAGES
• TAPER ROLLER CAGES
• CYLINDRICAL ROLLER CAGES
STAMPED COMPONENTS
• AUTOMOTIVE INDUSTRY
• BEARING & SEALING
• ELECTRICAL & APPLIANCE INDUSTRY
• SPECIAL APPLICATION
BRONZE BUSH & CASTINGS
• PRECISE BRONZE BUSHES
• CENTRIFUGAL AND SAND CASTINGS
INDIA
Harsha Engineers International Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar,
Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200
E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Precision Bearing Components (China) Co., Ltd.
No. 10 Fuhua Road, Bixi District Changshu City,
Jiangsu Province, China.
Phone: +86-(0)512-52265381
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

Shashikant Pindoria

+91 94276 09013
+91 97141 09013

JAY AMBE HIMCHAR PVT. LTD.
Dehgam-Modasa Road, SAMPA, Ta. Dehgam, Dist. Gandhinagar.

Madhusudan
COOL STORES PVT. LTD.
Nr. Ranasan Char Rasta, Ramosh, Ta. : Dhasura, Dist. Arvalli.

VINOD
Cool Stores Pvt. Ltd.
Ahmedabad - Himatnagar Highway, N.H. No.-8, Limbadia, Dist. Gandhinagar.



શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
એક સભ્ય એવા
એક શુભેચ્છક તરફથી



શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
ભૂતપૂર્વ હોદ્દેદાર એવા
એક શુભેચ્છક તરફથી



INDOTEX
PAINTS
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh



શુભેચ્છા સહ....
હસમુખ ખીમજી મહેતા



khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE





હસમુખભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૧
કાંતિભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૩
વિનોદભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૪
॥ શાશ્વત બિલ્ડર્સ ॥
૫૦૧, શાશ્વત આર્કેડ, ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા, અમદાવાદ.



फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी
सब मस्त है!
MICHI'S
Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

Registered under Postal Registration No. GAMC-1028/2021-2023 Valid Upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division permitted to post at Ahmedabad PSO on 15th of Every Month. ■ RNI No. of RNP is 46515/87 ■ Published on 10th of Every Month


**ધી ભુજ મર્કન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.**
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 7.75% @ with monthly Interest
- Flexi બચત ખાતા અને ચાલુ ખાતામાં વ્યાજ Max 5% @*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book charges : Nil*
- ATM CARD ■ LOCKERS ■ Free SMS Alert
- રૂા. ૬ કરોડ સુધીની તત્કાલ લોન ■ ગ્રૂપ લીમીટ રૂા. ૧૫ કરોડ
- Oniine RTGS પેમેન્ટ / Inward રીસીપ્ટની લેટેસ્ટ ફેસેલીટી
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

*Condition apply

■ ચાલુ વર્ષમાં Fastest Growing Bank - Business Growth 50% @ p.a.

**Patel Tours & Travels®**
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888



AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT



BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)

PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in

Parbatbhai Patel
M. : 98240 62711

**Shivam Packaging**
**Shiv Packing Industries**
સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી., પી.પી. રોલ અને રીમ,પી.પી. સુતળી, વુડન રોલ ● વાંસની પટ્ટી, H.M., L.D., P.P. Bags, ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka, Near Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

**Mahalaxmi INFRACONTRACT PVT. LTD.**
Mining for Better Tomorrow



• Corporate Office •
B-21, Corporate House,
Opp. Pakvan-2, S. G. Highway,
Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
E-mail : mahalaxmi@miplgroups.com
Website : www.miplgroups.com





**AMBICA TIMBER MART**
logs. lumber. select veneers.
Opp. The Grand Bhagwati,
S.G. Road, Bodakdev, Ahmedabad-54.
Tel. : 079-26855764, 26852438
E-mail : ambica9002@yahoo.co.in

અમદાવાદની સ્થાપનાથી તેના હેરિટેજ સ્ટેટસ સહિત અને વર્ષ 2022 સુધીના વિકાસની અપડેટેડ વિગતો.

અગણિત ફોટોગ્રાફ સહિત રસપ્રદ અને રોમાંચક માહિતી
ડૉ. માણેક પટેલ 'સેતુ'

**અમદાવાદ ગૌરવગાથા**
કિંમત રૂ. 1600





**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-1, ફોન : 09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com

**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.**
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



**ડૉ.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ, બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

**JAY ENTERPRISE**
Products : Salt Speckles, Rock Salt (Sendha Namak), Rock Salt Sujji, Black Salt (Sanchar) & All Types of Edible & Industrial Salt

C/3, Bharat Small Industrial Estate, B/h. Gujarat Offset,
Nr. Railway Over Bridge Road, Vatva, Ahmedabad-382 445.
E-mail : jay.enterprise@hotmail.com ■ Mobile : 99989 90899


Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)